# ધર્મનો મર્મ

## (આધ્યાત્મિક પ્રશ્નોત્તરી)




## - યોગેશ્વર

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


*


E-book
Title : Dharma no Marma
Language : Gujarati
Version : 1.0
Pages : 72
Created : April 21, 2008.


*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. Your comments are welcome.

☼ ☼ ☼ ☼ ☼

## <u>પ્રસ્તાવના</u>

આધ્યાત્મિક સાધનાના મંગલમય માર્ગે આગળ વધવા માંગનારા અને આગળ વધનારા સાધકો અથવા જિજ્ઞાસુઓને ભાત-ભાતના પ્રશ્નો પેદા થાય છે. એ પ્રશ્નોના પ્રત્યુત્તરોને પ્રાપ્ત કરવાની એમની આકાંક્ષા પણ હોય છે. એ આકાંક્ષાની પૂર્તિ નથી થતી ત્યારે એમનું મન મુંઝાય છે, કેટલીક વાર ભળતા વિચારો કરે છે અને અશાંતિને અનુભવે છે. પ્રશ્નોના સંતોષકારક પ્રત્યુત્તરોની પ્રાપ્તિથી એ આનંદ અનુભવે છે અને સાધનાના માર્ગે સુચારુરૂપે આગળ વધે છે.

જિજ્ઞાસુઓ કે સાધકોએ પૂછેલા એવા કેટલાક પ્રશ્નો અને એમના મારી દ્વારા અપાયેલા ઉત્તરો આ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થાય છે. એ દ્વારા બીજાને પ્રકાશ, પ્રેરણા કે પથપ્રદર્શન મળી રહેશે એવી આશા છે. આ પ્રકારના અગાઉ પ્રસિદ્ધિ પામેલાં બે પુસ્તકો 'ધર્મનો સાક્ષાત્કાર' અને 'ઈશ્વરદર્શન'ની પેઠે આ પુસ્તક પણ લોકપ્રિય બનશે ને જીવનવિકાસના સાધકોને ઉપયોગી ઠરશે એવી અપેક્ષા વધારે પડતી નહિ લેખાય.

**– યોગેશ્વરજી**

☼ ☼ ☼ ☼ ☼





## અનુક્રમ




| ક્રમ | નામ |
|---|---|
| ૧ | સાધનાનો સમન્વય |
| ૨ | માસિક ધર્મ અને સાધના |
| ૩ | અનુષ્ઠાનો અને આત્મોન્નતિ |
| ૪ | સૂક્ષ્મ શરીરવાળા આત્માઓનો સંબંધ |
| ૫ | કર્મ વિશે |
| ૬ | ગ્રહો વિશે |
| ૭ | સાધનામાં ઉપવાસ |
| ૮ | યોગ અને જ્ઞાન |
| ૯ | વિવેકની પ્રાપ્તિ |
| ૧૦ | જપ દ્વારા મનની શાંતિ |
| ૧૧ | નિદ્રા તથા યોગનિદ્રા |
| ૧૨ | આત્મજાગૃતિ |
| ૧૩ | દેહત્યાગ |
| ૧૪ | ગુરુ વિશે |
| ૧૫ | એકાગ્રતા |
| ૧૬ | સ્પૃહા કે લાલસા |
| ૧૭ | જાતમહેનત ને સંયમ |
| ૧૮ | જ્ઞાન વિશે |
| ૧૯ | કૃષ્ણ-સુદામા |
| ૨૦ | સંધ્યા પૂજાની જરૂર ખરી ? |
| ૨૧ | ગતિ વિશે |
| ૨૨ | આશ્રમનો વિચાર |
| ૨૩ | આત્માનો અનુભવ |
| ૨૪ | સંતો તથા વર્તમાનપત્રો |
| ૨૫ | શબ્દ ને ભાવ |
| ૨૬ | વેદાંત વિશે |
| ૨૭ | ગુરુ વિશે |
| ૨૮ | ભસ્મનું રહસ્ય |
| ૨૯ | ઝેરનું અમૃત |
| ૩૦ | અંગત પ્રશ્ન |
| ૩૧ | યોગીશ્રી અરવિંદ વિશે |
| ૩૨ | ઈશ્વરદર્શન |
| ૩૩ | ભક્તિથી લૌકિક લાભ |
| ૩૪ | મિથ્યાનો અર્થ |
| ૩૫ | જીવનનું ધ્યેય |
| ૩૬ | સાચી સુધારણા |
| ૩૭ | અંતરનો અવાજ |
| ૩૮ | ચમત્કારનો વિચાર |
| ૩૯ | ઈશ્વરદર્શન |
| ૪૦ | જ્ઞાનીની દશા |
| ૪૧ | ગુરુનું મુખ્ય કાર્ય |
| ૪૨ | ઈશ્વર વિશે. |
| ૪૩ | ઘરેણાંની ચોરી |
| ૪૪ | અમરતાનો માર્ગ |
| ૪૫ | કાળનો પ્રભાવ |
| ૪૬ | શંકરનું દર્શન |
| ૪૭ | વેદાંત |
| ૪૮ | મહાત્મા |
| ૪૯ | ગીતાનો સંદેશ |
| ૫૦ | કુંડલિનીની જાગૃતિ |
| ૫૧ | જીવન વિકાસનું વર્તુળ |
| ૫૨ | ભક્તિ અને આત્માનુસંધાન |


☼ ☼ ☼ ☼ ☼

## ૧. સાધનાનો સમન્વય

**પ્રશ્ન :** મને એક પ્રશ્ન કેટલાય વખતથી ઊઠ્યા કરે છે. સાધનામાં જ્ઞાન, ભક્તિ તથા યોગના જુદા જુદા અભ્યાસક્રમનું વર્ણન કરવામાં આવે છે. તે અભ્યાસક્રમો પ્રમાણે પ્રત્યેક સાધક પોતાની રૂચિ તથા પ્રકૃતિને અનુસરીને કોઈ પણ એક સાધના-માર્ગનો આધાર લેતો હોય છે. તેથી જીવનનો વિકાસ સધાય છે. પરંતુ જેને જ્ઞાન, ભક્તિ તથા યોગના ત્રણે પ્રકારના માર્ગોમાં રસ હોય તેને માટે કોઈ સમન્વયકારી સાધના-પધ્ધતિ છે ખરી ?

**ઉત્તર :** જરૂર છે.

**પ્રશ્ન :** તે પધ્ધતિ કયી છે તે સંબંધી પ્રકાશ પાડી શકશો ?

**ઉત્તર :** જ્ઞાન ભક્તિ અને યોગની સમન્વયકારી સાધના-પધ્ધતિમાં આટલી વસ્તુઓનો સમાવેશ થઈ શકે છે. [૧] નામ-જપ તથા પ્રાર્થના [૨] આત્મવિચાર તથા જ્ઞાનના જુદી જુદી જાતના ગ્રંથોનો અભ્યાસ [૩] યોગના જુદા જુદા આસનો, નાડીશોધન જેવી પ્રાણાયમની ક્રિયાઓ, ષણ્મુખી જેવી મુદ્રાઓ તથા [૪] નિયમિત ધ્યાન. એ બધો અભ્યાસક્રમ પરસ્પર મદદરૂપ થાય એવી રીતે ગોઠવી શકાય છે અને ગોઠવવો જોઈએ.

**પ્રશ્ન :** એવો અભ્યાસક્રમ ગોઠવવામાં મદદ મળે એ માટેનું માર્ગદર્શન આપી શકશો ?

**ઉત્તર :** એ અભ્યાસક્રમના અનુસંધાનમાં રોજ સવારે વહેલા બ્રાહ્મમુહર્તમાં ઊઠીને પહેલાં પ્રાર્થના તથા જપ કરવા જોઈએ. તે પછી આસન, પ્રાણાયામ અને મુદ્રાનો અભ્યાસ કરવો જોઈએ. તે પછીથી જ્ઞાનના ઉત્તમ પ્રેરક ગ્રંથોનો અભ્યાસ કરી શકાય. રોજ રાત્રે વધારે ભાગે જપ તથા ધ્યાન અને પ્રાર્થનાનો આધાર લઈ શકાય. આસન તથા પ્રાણાયામથી શરીર સ્વસ્થ, સુદૃઢ અને નીરોગી બને છે. જપ અને પ્રાર્થનાથી એકાગ્રતામાં મદદ મળે છે, મુદ્રાથી મનની ચંચળતાનું શમન થાય છે, અને ધ્યાનથી મનની શાંતિ તથા આત્માનો સાક્ષાત્કાર સહજ બને છે. આત્મવિચાર અને જ્ઞાનના ગ્રંથોના અભ્યાસથી અંતર્મુખવૃત્તિનો ઉદય થાય છે .

**પ્રશ્ન :** આ બધાં સાધનોનો સમન્વય કરવાથી આત્મવિકાસની સાધનામાં મદદ મળી શકે અથવા એ સાધના ઝડપથી થઈ શકે ખરી ? એમાં વહેલી તકે પ્રગતિ કરવાની શક્યતા વધે ખરી ?

**ઉત્તર :** એ બધાં સાધનોનો સમન્વય આત્મવિકાસમાં મદદરૂપ જરૂર થાય છે, પરંતુ એથી સાધકની સાધના ટૂંકી થાય છે, અથવા ઝડપી બને છે, એવું નથી કહી શકાતું. સાધનાનો અભ્યાસક્રમ એકાંગી હોય કે અનેકાંગી હોય અથવા સમન્વયકારી, તેની શીઘ્ર સફળતાનો સઘળો આધાર સાધકની લગની, તમન્ના, વિકાસ કરવાની તત્પરતા અને પુરુષાર્થ પર રહે છે. સાધનાને સફળ કરવાની ઉત્કટ આકાંક્ષા સૌને માટે અનિવાર્ય છે. એ સિવાયની સાધના સરળ કે સફળ નથી થઈ શકતી. ટૂંકી પણ નથી બનતી. સાધક ગમે તેવા અભ્યાસક્રમને અપનાવે તો પણ.

**પ્રશ્ન :** વ્યક્તિગત રીતે તમે સાધનામાં સમન્વયમાં માનો છો કે કોઈ એક જ પ્રકારની સાધનામાં ?

**ઉત્તર :** વ્યક્તિગત રીતે કહું તો મને સાધનાના સમન્વયકારી અભ્યાસક્રમમાં વધારે રસ છે, એવો

અભ્યાસક્રમ આકર્ષક અને આશીર્વાદરૂપ લાગે છે. પરંતુ એનો અર્થ એવો નથી કે કોઈ એક પ્રકારની સાધનાને હું નથી માનતો કે એની મહત્તાને નથી સમજતો.

**પ્રશ્ન :** એક જ પ્રકારની સાધનાની મહત્તા શી છે ? એનો આશ્રય લેનાર સાધકને શો લાભ થાય છે ?

**ઉત્તર :** કોઈ એક જ પ્રકારની સાધનાનો આશ્રય લઈને આગળ વધનારો સાધક સહેલાઈથી આગળ વધી શકે છે. એનું લક્ષ બીજી આવડતોમાંથી કે પેટા વસ્તુઓમાંથી નિવૃત થઈને પોતે પસંદ કરેલી મુખ્ય સાધના પર કેન્દ્રિત થઈ જાય છે. પોતાનો સમગ્ર સમય ને પોતાની સમસ્ત શક્તિ પોતાની રુચિ અથવા પ્રકૃતિ પ્રમાણેના અભ્યાસક્રમ પાછળ શ્રધ્ધાભક્તિપૂર્વક લગાડી શકે છે, અને એને લીધે પ્રમાણમાં ઘણા ઓછા સમયમાં સફળતા મેળવે છે. એની આગળ જે એક જ પ્રકારનો આત્મવિકાસનો નિશ્ચિત અભ્યાસક્રમ હોય છે, એની અંદર પૂરતો રસ લઈ શકે છે.

**પ્રશ્ન :** એને લીધે એકાંગી નથી થવાતું ? એવું વલણ સર્વાંગીણ વિકાસમાં બાધક નથી બનતું ?

**ઉત્તર :** ના નથી બનતું. ગમે તે પ્રકારના જ્ઞાન, ભક્તિ કે યોગના અભ્યાસક્રમનો આધાર સમજ સાથે નિષ્ઠાપૂર્વક લેવાથી સર્વાંગીણ વિકાસ સાધવામાં મદદ મળે છે. એવો અભ્યાસક્રમ બાધક નથી થતો પરંતુ સાધક જ થઈ જાય છે.

☼ ☼ ☼

## ૨ . માસિક ધર્મ અને સાધના

**પ્રશ્ન :** સ્ત્રીઓ જ્યારે માસિક ધર્મમાં હોય છે ત્યારે એમનાથી પાઠપૂજા, જપ, ધ્યાન, પ્રાર્થના અને સ્વાધ્યાય અથવા ધર્મગ્રંથોના વાચનની સાધના થઈ શકે કે ના થઈ શકે ? કેટલાક લોકો, વિદ્વાનો કે સંતપુરુષો એ બાબતમાં ખૂબ જ કડક હોય છે ને કહે છે કે એમનાથી કશું જ ના થઈ શકે. એમણે તો કાંઈ પણ કર્યા સિવાય એક ઠેકાણે બેસી જ રહેવું જોઈએ.

**ઉત્તર :** મને પોતાને એમની પેઠે કડક થવાનું ઠીક નથી લાગતું.

**પ્રશ્ન :** તો પછી તમે એ સંબંધમાં શું માનો છો ?

**ઉત્તર :** મારું માનવું છે કે માસિક ધર્મના દિવસોમાં પણ સ્ત્રીઓથી પાઠ, જપ, ધ્યાન, પ્રાર્થના અને સ્વાધ્યાય અથવા ધર્મગ્રંથોનું વાચનમનન થઈ શકે.

**પ્રશ્ન :** એવું કરવાથી કશું નુકસાન ના થાય ?

**ઉત્તર :** ના એમાં નુકસાન થાય એવું કશું છે જ નહિ એટલે નુકસાન થવાની આ શંકા નકામી છે. એથી નુકશાન થવાને બદલે બધી રીતે લાભ જ થાય છે.

**પ્રશ્ન :** બધી રીતે ?

**ઉત્તર :** હા. બધી જ રીતે. એને લીધે સમયનો સદુપયોગ થાય છે ને સમય સુધરે છે. જીવનની પ્રત્યેક પળ મૂલ્યવાન છે. એનો સદુપયોગ થવો જ જોઈએ. બનતી બધી જ પળો ને ધર્માચરણમાં લગાડી દેવી જોઈએ. જીવન અતિશય ચંચળ છે. તે પાણીના રેલાની પેઠે ઝડપથી વહી રહ્યું છે. તેનો કશો ભરોસો નથી. તે ક્યારે સમાપન થશે કે તેના પર ક્યારે પડદો પડી જશે, તે કોઈ જ નથી કહી શકે તેમ. તેના પર

પડદો પડી જાય તે પહેલા જેટલું બને તેટલું સત્કર્મ કરી લેવું જોઈએ.

માસિક ધર્મના દિવસોને પણ વ્યર્થ શા માટે ખોવા ? તે દિવસો દરમિયાન કોઈ જાતના કુકર્મને ના કરવું જોઈએ. એવું કુકર્મ ના થાય તેનું જેટલું બને તેટલું ધ્યાન પણ રાખવું જોઈએ. પરંતુ સત્કર્મ કરવાથી કશો દોષ  નથી લાગતો. સત્કર્મનો ત્યાગ તો કદાપિ ના કરવો જોઈએ.

**પ્રશ્ન :** તો પછી માસિક ધર્મના દિવસો દરમ્યાન મંદિરમાં જઈ શકાય કે વિધિપૂર્વક પૂજા કરી શકાય ?

**ઉત્તર:** મંદિરમાં જવાનું અને વિધિપૂર્વક પૂજા કરવાનું કામ એટલા દિવસો પૂરતું પરંપરાને માન આપીને બંધ રાખી શકાય, પરંતુ પ્રાર્થના, જપ, ધ્યાન, પાઠ ને સ્વાધ્યાય વિના સંકોચ કરી શકાય છે ને કરવાનો આગ્રહ રાખવો જોઈએ. માનસિક પૂજા કરવામાં કશી જ હરકત નથી ને ના હોવી જોઈએ. યોગની આસન તથા પ્રાણાયામ જેવી ક્રિયાઓથી વધારે પડતો શારીરિક પરિશ્રમ પડતો હોઈ, અને એ દિવસો વિશેષ કરીને શારીરિક આરામના હોઈને એવી ક્રિયાઓને ના કરવી જોઈએ.

**પ્રશ્ન :** કેટલાક લોકો કહે છે કે એ દિવસોમાં જપ કરવાથી ને ગીતા કે રામાયણ જેવા ગ્રંથો વાંચવાથી પાપ લાગે છે.

**ઉત્તર :** એમનું કથન બરાબર નથી. એથી પાપ લાગે છે એવું કોઈ પણ વિવેકી પુરુષ નહિ માની શકે. જે વિવેકને ગીરે મૂકીને વિચારે છે કે બોલે છે તેમની વાત જુદી છે. એવા પુરુષોથી ખોટી રીતે પ્રભાવિત થવાનું ઠીક નથી. ગીતા કે રામાયણ જેવાં ધર્મપુસ્તકોને વાંચવા વિચારવાથી પાપમાંથી મન પાછું વળે છે ને પાપ દૂર થાય છે, એવું કોઈ કહેતું હોય તો તે સહેલાઈથી સમજી શકાય તેવું છે. પરંતુ એથી પાપ લાગે છે એવું કથન બરાબર નથી લાગતું. માણસ શુભાશુભ દશામાં આળસુ બનીને બેસી રહે ને ગમે તેવા અમંગલ વિપરીત વિચારો કરે એના કરતાં તો ઈશ્વરસ્મરણ કરે ને ઉત્તમ પ્રકારનાં પુસ્તકો વાંચે તે વધારે સારું, આવકારદાયક અને લાભકારક છે. એને માટે તો એને બનતી બધી રીતે પ્રોત્સાહન આપવું જોઈએ.

**પ્રશ્ન :** તો પછી સમાજમાં આવા ઊલટા કે ભળતા વિચારો કે ખ્યાલો શા માટે પ્રચલિત છે ?

**ઉત્તર :** એનું એક કારણ સમાજમાં ચાલતી આવતી રૂઢી છે. બધા તે પ્રમાણે ચાલે છે ને ચાલવાનો આગ્રહ રાખે છે. બીજું કારણ સ્વતંત્ર કે તટસ્થ વિચારસરણીનો અભાવ છે. ત્રીજું કારણ સાચું સમજવા છતાં એનો અમલ કરવાની નૈતિક હિંમત નથી હોતી તે છે. પરંતુ જેમ જેમ વિવેકશક્તિ વધતી જશે અને નૈતિક હિંમત પણ વધશે તેમ તેમ સાચું હશે તે સમજાતું અને અમલમાં મૂકાતું જશે.

☼ ☼ ☼

## ૩. અનુષ્ઠાનો અને આત્મોન્નતિ

**જિજ્ઞાસુ :** શાસ્ત્રોમાં મંત્રોના અનુષ્ઠાનો કરવાની સૂચના આપવામાં આવી છે. એ સૂચનાઓને અનુસરીને કેટલાક લોકો જુદી જુદી જાતનાં અનુષ્ઠાનો કરે છે. એવા અનુષ્ઠાનોથી આત્મોન્નતિ થઈ શકે છે ?

**જવાબ :** થઈ પણ શકે ને ના પણ થઈ શકે.

**જિજ્ઞાસુ :** કેવી રીતે ?

**જવાબ :** જુદાં જુદાં અનુષ્ઠાનો મોટે ભાગે શાને માટે કરવામાં આવે છે તે જાણો છો ? એમનો આધાર લેનાર આત્મોન્નતિની આકાંક્ષાથી પ્રેરાઈને એમનો આધાર ભાગ્યે જ લેતા હોય છે. જો આત્મોન્નતિની કામનાથી પ્રેરાઈને એમનો આશ્રય લેવામાં આવે તો થોડા કે વધારે પ્રમાણમાં આત્મોન્નતિ જરૂર થાય. એમાં કશો સંદેહ નથી. અનુષ્ઠાનોનું પ્રમુખ પ્રયોજન એ જ હોવું જોઈએ. જીવનની વધારે ને વધારે શુધ્ધિ સાધીને, મન તેમજ ઈન્દ્રિયોનો કાબૂ કરીને, પરમાત્માનાં પ્રેમને પ્રબળ બનાવવાનું, ને છેવટે પરમાત્માનો સાક્ષાત્કાર કરીને પરમ શાંતિમાં પ્રતિષ્ઠિત થવાનું. પરંતુ એ પ્રયોજનને યાદ રાખીને એની પૂર્તિને માટે પ્રયત્નો કરનારા સાધકો ઘણા ઓછા હોય છે. મોટા ભાગનાં સાધકો તો જુદીજુદી આકાંક્ષાઓ રાખીને અનુષ્ઠાનો કરતા હોય છે.

**જિજ્ઞાસુ :** જુદી જુદી આકાંક્ષાઓ રાખીને એટલે ?

**જવાબ :** લૌકિક આકાંક્ષાઓ, પરમાત્માના સાક્ષાત્કાર સિવાયની બીજી દુન્યવી આકાંક્ષાઓ રાખીને. કોઈ ધન, વૈભવ કે ઐશ્વર્ય મેળવવા માટે અનુષ્ઠાન કરે છે, કોઈ સત્તા કે પદ માટે, કોઈ રોગના નિવારણ માટે, કોઈ દીર્ઘ જીવન માટે, પુત્રની પ્રાપ્તિની કે ઈચ્છાનુસાર લગ્નની લાલસાથી, શત્રુને હરાવવા માટે, કોઈક પ્રકારની ખાસ સિધ્ધિ મેળવવા માટે, અને એવી એવી કેટલીય ઈચ્છાઓને પૂરી કરવા માટે એવાં અનુષ્ઠાનો કરતાં હોય છે. એમને આત્મોન્નતિની એટલી બધી ઈચ્છા જ નથી હોતી એટલે ગમે તેટલા અનુષ્ઠાન કરે તો પણ એમના પરિણામે આત્મોન્નતિ કેવી રીતે થાય ?

માણસે પોતાના લક્ષ્યને પોતાની મેળે જ ટૂંકું રાખ્યું હોય છે. એથી આગળનું કશું મેળવવાની એની ઈચ્છા જ નથી હોતી. અનુષ્ઠાન કરવાનો આરંભ કરતાં પહેલાં જ એ નક્કી કરી લે છે કે આ અનુષ્ઠાનની મદદથી મારે આ વસ્તુ મેળવવી છે. એને માટેનો સંકલ્પ પણ એ કરી લે છે. એમાં આત્માની ઉન્નતિનો કે આત્માના સાક્ષાત્કારનો સંકલ્પ જ કયાં હોય છે ?

**જિજ્ઞાસુ :** તો શું અનુષ્ઠાનો આત્મસાક્ષાત્કાર કરાવી શકે ?

**જવાબ :** એ એમાં મદદરૂપ જરૂર બની શકે.

**જિજ્ઞાસુ :** કેવી રીતે ?

**જવાબ :** આત્માના સાક્ષાત્કારની ભાવનાને પ્રકટાવીને અને પ્રબળ બનાવીને. કેવળ આત્મોન્નતિને માટે કરવામાં આવતાં અનુષ્ઠાનનો જીવનની શુધ્ધિ સાધીને તથા સાત્વિકતાને ધારીને આત્માભિમુખ થવામાં મદદ કરે છે.

**જિજ્ઞાસુ :** બીજા લૌકિક આશયવાળા અનુષ્ઠાનોથી એ આશયો પૂરા થાય છે કે નથી થતાં ?

**જવાબ :** પ્રત્યેક વખતે પૂરા થાય છે જ એવું નથી હોતું.

**જિજ્ઞાસુ :** કેમ ?

**જવાબ :** એના કારણો કેટલાંય છે. અનુષ્ઠાનની વિધિમાં દોષ, બીજી કોઈ નિયમપાલનની ત્રુટી, પ્રારબ્ધકર્મની પ્રતિકૂળતા, એવાં જુદાં જુદાં કારણો કહી શકાય. પરંતુ ધારો કે એ કારણો દૂર થાય ને અનુષ્ઠાન સફળ થાય તો પણ શું ? જીવનનો આદર્શ બીજી સામાન્ય કે અસામાન્ય ઈચ્છાપૂર્તિઓ કરતાં ઘણો મોટો છે એ યાદ રાખીને એવી ઈચ્છાપૂર્તિની લાલસાને વધારવા કરતાં આત્માની ઉન્નતિની અભિલાષાને

વધારવાનું જ ધ્યાન રાખવું જોઈએ. જીવનનું કલ્યાણ એમાં જ છે.

☼ ☼ ☼

## ૪. સૂક્ષ્મ શરીરવાળા આત્માઓનો સંબંધ

**જિજ્ઞાસુ :** જે આત્માઓ શરીરને છોડી વિદાય થાય છે એમનું શું થતું હોય છે ?

**જવાબ :** એવા આત્માઓ સંબંધી શાસ્ત્રોમાં જુદા જુદા છૂટક ઉલ્લેખો સાંપડે છે. એ આત્માઓની ગતિ એમના કર્મોને અનુસરીને થતી હોય છે. શુભ કર્મોવાળા આત્માઓની શુભ ગતિ થાય છે અને અશુભ કર્મોવાળાની અશુભ.

**જિજ્ઞાસુ :** શરીરને છોડી જનારા આત્માઓ ફરી જન્મે છે ?

**જવાબ :** એક અથવા બીજી જાતની કામના, લાલસા કે ઈચ્છા અથવા વાસનાવાળા બધા જ આત્માઓ ફરી જન્મે છે, એટલે કે શરીર ધારણ કરે છે.

**જિજ્ઞાસુ :** એ આત્માઓ તરત જ શરીર ધારણ કરે છે ?

**જવાબ :** એ સંબંધમાં કોઈ એકસરખો નિયમ નથી કામ કરતો. કેટલાક આત્માઓ તરત જ શરીર ધારણ કરે છે તો કેટલાકને વાર લાગે છે.

**જિજ્ઞાસુ :** કેટલી વાર લાગે છે ?

**જવાબ :** એને માટે કોઈ ચોક્કસ સમયમર્યાદા નથી બતાવી શકાતી. કોઈ વાર વધારે વાર લાગે છે તો કોઈ વાર થોડી.

**જિજ્ઞાસુ :** એ આત્મા એકલો જ રહેતો હોય છે ?

**જવાબ :** આત્મા એકલો તો કેવી રીતે રહી શકે ? એ સૂક્ષ્મ શરીરની સાથે જ રહેતો હોય છે. ત્યારે જ એ ક્રિયાશીલ બને છે.

**જિજ્ઞાસુ :** સૂક્ષ્મ શરીરમાં રહેનારા આત્માઓની સાથે કોઈ પ્રકારે સંબંધ કરી શકાય ખરો ?

**જવાબ :** જરૂર કરી શકાય. એમની સાથે સંબંધ કરવાના પ્રયોગો કેટલાય લોકો કરતા હોય છે. એવા પ્રયોગોમાં એ સફળતા પણ મેળવે છે.

**જિજ્ઞાસુ :** એવા પ્રયોગો અને એમની દ્વારા થનારા સંબંધો હિતાવહ છે ?

**જવાબ :** એવા પ્રયોગો અને સંબંધો હિતાવહ છે એવું તો કેવી રીતે કહી શકાય ?

**જિજ્ઞાસુ :** એ વાતને સપષ્ટ રીતે સમજાવો તો સારું.

**જવાબ :** એવા પ્રયોગો દ્વારા શરીર છોડી ગયેલા તદ્દન સામાન્ય કોટિના, દુન્યવી, વિષયલોલુપ આત્માઓ સાથે સંબંધ બાંધવાથી કોઈ ખાસ લાભ કે કલ્યાણ ના થઈ શકે, પરંતુ એ સંબંધ કોઈક અસામાન્ય આધ્યાત્મિક અથવા સંતકોટિના આત્માની સાથેનો હોય તો આત્મવિકાસમાં કલ્યાણકારક બને. આત્મોન્નતિની નવી પ્રેરણા ભરે ને જીવનની જડતાને દૂર કરીને જીવનને વિશુધ્ધ કરવાની સામગ્રી પૂરી પાડીને ચોક્કસ શક્તિસંચાર કરે. તેવા સંબંધ જ કલ્યાણકારક બની શકે છે, ને આશીર્વાદરૂપ ઠરે છે. તેવા સંબંધની પાછળ

લગાડેલી શક્તિ સાર્થક ઠરે છે, ને તેને માટેના પ્રયોગોનો સમય પણ સફળ થાય છે. મનુષ્યની રુચી કે રસવૃત્તિ એના જીવનના મૂળભૂત મહાન ધ્યેયનું વિસ્મરણ કરાવે અને એને ભાન ભુલાવે તેવી ના હોવી જોઈએ. અધ્યાત્મમાર્ગના સાધકોએ એ વાત ખાસ યાદ રાખવાની છે.

**જિજ્ઞાસુ :** ત્યારે સૂક્ષ્મ શરીરમાં રહેનારા સામાન્ય આત્માઓની સાથે સંબંધ બાંધવાથી કોઈ લાભ નથી થતો ?

**જવાબ :** જે લાભ થાય છે તે એટલો મોટો ને મહત્વનો નથી, અને એમની સાથે સંબંધ ના બાંધવાથી કોઈ નુકસાન તો નથી જ. સંબંધ જો બાંધી જ શકાતો હોય તો ઊંચી કોટીના દૈવી આત્માઓ કે સંતોની સાથે શા માટે ના બાંધવો ?

**જિજ્ઞાસુ :** સૂક્ષ્મ શરીરમાં રહેતા એવા આત્માઓ કે સંતો આધ્યાત્મિક દોરવણી આપી શકે ?

**જવાબ :** આપણી અને એમની ઈચ્છા હોય તો જરૂર આપી શકે.

**જિજ્ઞાસુ :** એ કોઈને મંત્ર કે દિક્ષા આપી શકે ?

**જવાબ :** આપી શકે.

**જિજ્ઞાસુ :** એમના દર્શનની ઈચ્છા હોય તો ?

**જવાબ :** એ ઈચ્છે તો એમના અનુગ્રહથી દર્શન પણ આપી શકે ને બીજી અનેક રીતે મદદરૂપ થઈ શકે.

**જિજ્ઞાસુ :** એમના એવા અનુભવો કોઈને થયા છે ?

**જવાબ :** આજ સુધી અસંખ્ય સાધકોને થયા છે. પરંતુ એવી વાત શા માટે કરો છો ? તમારી સાચી ને ઉત્કટ ઈચ્છા હશે તો એમના અનુગ્રહને પરિણામે પ્રાપ્ત થનારા એવા અનુભવો તમને પણ થઈ શકશે. એમને માટે સંકલ્પ કરો ને પ્રયત્નો કરવા મંડી પડો એટલી જ વાર છે.

☼ ☼ ☼

## ૫. કર્મ વિશે

**પ્રશ્ન :** કર્મ ભલેને ગમે તેટલું ઊંચું અટલે કે આત્મોન્નતિની સાધનાનું કે આત્મવિકાસનું હોય તો પણ તેથી કર્તાપણાનો અહંકાર પેદા ના થાય ?

**ઉત્તર :** એનો બધો જ આધાર કર્મના કર્તાની ઉપર રહેતો હોય છે.

**પ્રશ્ન :** કેવી રીતે ?

**ઉત્તર :** કર્મ કરનાર અહંભાવનો આધાર લઈને કર્મ કરતો હોય અને આ કાર્ય મારા વિના થઈ શકે તેવું છે જ નહિ, કોઈ બીજું એને કરી શકે તેમજ નથી એવી ભાવનાને સેવતો હોય તો તેથી અહંકાર પેદા થાય છે ને પેદા થયેલો અહંકાર બળવાન બને છે. એ ઉપરાંત, કર્મના પરિણામ રૂપે બીજી કેટલીક બદીઓ પણ પેદા થાય છે. પરંતુ તેની ભાવના જો જુદી હોય છે તો એવો અહંકાર નથી થતો ને જુદીજુદી બદીઓ પણ નથી પેદા થતી.

**પ્રશ્ન :** એ જુદી ભાવના કેવી હોય છે ?

**ઉત્તર :** એવી ભાવનાની પાછળ લેશપણ અહંકાર નથી હોતો. એ ભાવનામાં સ્થિતિ કરનારો સાધક સમજે છે કે જે પણ કર્મો થાય છે તે ઈશ્વરની કૃપા, પ્રેરણા તથા શક્તિથી જ થઈ રહ્યા છે. એને માટેનું માર્ગદર્શન ઈશ્વર જ આપી રહ્યા છે. પોતે તો એક વાહન અથવા માધ્યમ છે, ઈશ્વરના હાથમાં હથિયારરૂપ છે. જડ વાંસળી જેમ પોતાની મેળે કશું જ નથી કરી શકતી પરંતુ એના વગાડનારની ઈચ્છા પ્રમાણે એની રુચિ અને શક્તિનું પ્રતિબિંબ પડતા વાગે છે ને વિવિધ સ્વરોને પ્રગટ કરે છે, તેમ એ સમજે છે કે એની અંદર અને બહાર રહીને ઈશ્વરની જે અનંત શક્તિ કામ કરે છે તે જ જુદાં જુદાં કર્મોની સૃષ્ટિ કરવામાં સહાયતા કરે છે. પછી એમાં કર્તાપણાનો અહંકાર રાખવાનો અવકાશ જ ક્યાં રહે છે ?

**પ્રશ્ન :** જરા પણ નથી રહેતો ?

**ઉત્તર :** આરંભમાં જે થોડો ઘણો અહંકાર રહે છે તે વિવેક વધતાં અને અનુભવ બળવાન બનતાં કે સહજ થતાં દૂર થાય છે. સાધક તદ્દન નમ્ર થઈ જાય છે. ઈશ્વર બધું કરે-કરાવે છે એવું એ માને છે ને અનુભવે છે.

**પ્રશ્ન :** એવી માન્યતાથી સામાન્ય માણસને લાભ થાય ખરો ?

**ઉત્તર :** જરૂર થાય.

**પ્રશ્ન :** શો લાભ થાય ?

**ઉત્તર :** જે માણસ એવું માને છે ને સમજે છે કે ઈશ્વરની કૃપા તથા શક્તિ દ્વારા જ બધાં કર્મો થયા કરે છે ને પોતે તો કેવળ હથિયાર કે માધ્યમમાત્ર છે, તે સદાય જાગ્રત રહે છે ને ઉત્તમ પ્રકારનાં કર્મોને કરવાનો જ આગ્રહ રાખે છે. ઈશ્વર કદી કુકર્મ કરવાની પ્રેરણા ના આપી શકે એવું સમજીને એ કુકર્મમાંથી મુક્ત રહે છે. કુકર્મની પ્રેરણાને એ નથી માનતો અને એને તાબે પણ નથી થતો. ઈશ્વર સત્યમય તથા મંગલમય છે એવું માનીને પોતાના જીવનને સત્યપરાયણ કરવા ને મંગલમય બનાવવા એ તૈયાર રહે છે. એ લાભને કાંઈ જેવો તેવો લાભ ના ગણી શકાય.

**પ્રશ્ન :** કર્મ કરવાનું આવશ્યક છે ?

**ઉત્તર :** પોતાના ને બીજાના ઉત્કર્ષને માટે કર્મ કરવાનું અત્યંત આવશ્યક છે. ધર્મ અથવા અધ્યાત્મ અને જ્ઞાન, ભક્તિ તથા યોગને નામે આપણે પ્રજાને પ્રમાદી, આળસુ અને અકર્મણ્ય થવાનો ઉપદેશ કે સંદેશ ના આપી શકીએ.

**પ્રશ્ન :** આત્મવિકાસની ઊંચી અવસ્થાએ પહોંચ્યા પછી પણ કર્મ રહી શકે છે ?

**ઉત્તર :** એવી અવસ્થા પર પહોંચ્યા પછી કર્મ સ્વાભાવિક થાય છે કે સહજ બની જાય છે. એ કર્મ બીજાના કલ્યાણનું કર્મ હોય છે. એ જગતને માટે ઉપયોગી અને આશીર્વાદરૂપ ઠરે છે.

**પ્રશ્ન :** કર્મના પરિણામે બીજી કયી બદીઓ પેદા થવાનો સંભવ રહે છે ?

**ઉત્તર :** અહંતા, મમતા, આસક્તિ, સ્વાર્થવૃત્તિ, અંગત રાગદ્વેષ, પદ-પ્રતિષ્ઠાની લાલસા, ધન તેમજ સત્તાની લાલચ, વિષયોના ઉપભોગની તૃષ્ણા અને એથી પ્રેરાઈને થતો માનવતારહિત અનીતિપૂર્ણ વ્યવહાર.

**પ્રશ્ન :** દેશની સમૃધ્ધિ ને સુખાકારી માટે કર્મની આવશ્યકતા છે ?

**ઉત્તર :** કર્મની આવશ્યકતા જરૂર છે પરંતુ આંખ મીંચીને, બુધ્ધિને ગીરે મૂકીને કરવામાં આવતા અહંકારયુક્ત જડ કર્મ કરતાં જાગ્રત, માનવતાપૂર્ણ, વિવેકયુક્ત કર્મની, સત્કર્મની અથવા કર્મયોગની આવશ્યકતા અધિક છે. દેશનું ગૌરવ વધારવા તથા તેને સમૃધ્ધ ને સુખી કરવા જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં એવા કર્મયોગીઓની કે સત્કર્મપરાયણ સાચા પુરુષોની ખૂબ જ મોટી આવશ્યકતા છે. એ દિશામાં ઉત્તરોત્તર આગળ વધવાને બદલે આઝાદી પછી આપણે પાછળ પડતા જઈએ છીએ. એ પરિસ્થિતિ દેશને માટે સારી તો નથી જ.

☼ ☼ ☼

## ૬. ગ્રહો વિશે

**પ્રશ્ન :** આકાશમાં રહેતા ગ્રહો માનવના જીવન પર જુદી જુદી જાતની અસરો પહોંચાડે છે એ સાચું છે ?

**ઉત્તર :** કેમ ? એવો પ્રશ્ન શા માટે પૂછવો પડ્યો ?

**પ્રશ્ન :** મને એમાં શ્રધ્ધા છે માટે.

**ઉત્તર :** તો તો પછી એવો પ્રશ્ન પૂછવાની આવશ્યકતા જ ક્યાં રહે છે ? તમને એમાં શ્રધ્ધા છે એટલે બીજા કોઈને એના માટે ના હોય તો પણ તમારે માટે એ સાચું છે.

**પ્રશ્ન :** હું તો એ સંબંધી તમારો સ્પષ્ટ અભિપ્રાય માગું છું.

**ઉત્તર :** એ સંબંધી મારો અભિપ્રાય સ્પષ્ટ છે. એ બાબત મેં કોઈ વિશેષ ચિંતનમનન નથી કર્યું, છતાં પણ પૃથ્વીના બધા પદાર્થો પ્રકારાંતરે એકબીજાની સાથે સંકળાયેલા હોવાથી એમની અસરો એકબીજા પર થતી હોય તો તેમાં ના માનવા જેવું કશું જ નથી.

**પ્રશ્ન :** એ ગ્રહોની શાંતિ કરવાની વિધિઓ બતાવવામાં આવે છે તે બરાબર હશે ?

**ઉત્તર :** એ કેવળ ચર્ચાનો વિષય ના હોઈ શકે. તમે એમનો અનુભવ કરી જોવા ને પછી કોઈ પ્રકારનો નિર્ણય બાંધવા સ્વતંત્ર છો. હું તો એટલું અવશ્ય કહું છું કે એવાં બધાં વર્ણનોની પાછળ એ વિષયના વિદ્વાનોનું વરસોનું ચિંતન, સંશોધન અને સ્વાનુભવનું પીઠબળ રહેલું છે. આપણને એ ના ગમે એથી જ કાંઈ એનો અનાદર કે એમની અવજ્ઞા ના કરી શકાય.

**પ્રશ્ન :** ગ્રહો બાબત બીજી કોઈ ખાસ સુચના છે ?

**ઉત્તર :** મારે આપવાની સૂચના તો એટલી જ છે કે તમારા મનના આકાશમાં, તમારી અંદર, પણ ગ્રહો રહે છે.

**પ્રશ્ન :** કયા ગ્રહો ?

**ઉત્તર :** એ ગ્રહોમાં સૌથી પ્રખર અને ખતરનાક ગ્રહ પૂર્વગ્રહ છે. બીજો ગ્રહ હઠાગ્રહ છે. ત્રીજો વિચારો ને ભાવો તથા વ્યક્તિઓની વચ્ચેનો વિગ્રહ છે. એ બધા ગ્રહોને સમજપૂર્વક શાંત કરવાની ને મન તથા ઈન્દ્રિયોનો નિગ્રહ સાધવાની આવશ્યકતા છે. એવી ગ્રહશાંતિથી જીવનનું મંગલ થઈ શકે. એની આવશ્યકતા

સૌને છે.

☼ ☼ ☼

## ૭. સાધનામાં ઉપવાસ

**પ્રશ્ન :** આત્મવિકાસની સાધનામાં ઉપવાસથી કોઈ મદદ મળે છે ખરી ? મળતી હોય તો કેવીક મળે છે ?

**ઉત્તર :** આત્મવિકાસની સાધનામાં, સાધક જો જાગ્રત હોય તો ઉપવાસથી મદદ મેળવી શકે છે. ઉપવાસથી આરોગ્યની દૃષ્ટિએ લાભ પહોંચે છે, એની અસર મન પર થતી હોય છે. પ્રમાદ તથા આળસ ઓછાં થવાથી ઉપવાસ દરમ્યાન દિવસે તથા રાતે મનને વધારે સારી રીતે પરોવી શકાય છે.

**પ્રશ્ન :** ઉપવાસ દરમ્યાન ફળાહાર કરી શકાય ?

**ઉત્તર :** કેવળ પાણી પર કે દૂધ પર રહીને ઉપવાસ કરવાનું સર્વશ્રેષ્ઠ છે. પરંતુ જેમનાથી એવી રીતે ઉપવાસ ના કરી શકાય, તે એકાદ વાર ફળ લઈને અથવા ફળાહાર કરીને ઉપવાસ કરી શકે છે. પણ તે ફળાહાર ખૂબ જ સાદો અને થોડો, આળસ ઉત્પન્ન ના કરે તેવો હોવો જોઈએ. આજે કેટલાક લોકો કરે છે તેમ પેટ ભરીને ભારેખમ ફળાહાર કરવાથી સાધનામાં મદદ મળી શકતી નથી. એથી શરીરના આરોગ્યનો હેતુ પણ સરતો નથી. ઉપવાસના નામને ખાતર જ કેવળ ઉપવાસ કરવામાં આવે છે.

**પ્રશ્ન :** ઉપવાસ વિષે કોઈ બીજું જરૂરી માર્ગદર્શન આપશો ?

**ઉત્તર :** ઉપવાસ કરનારે મનને નિર્મળ અથવા સાત્વિક કરવા તરફ ખાસ ધ્યાન આપવું જોઈએ. કેટલાક સારા નિયમો પાળવા જોઈએ તથા ભૂલેચૂકે પણ કોઈ કુકર્મ ના થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. ઉપવાસના દિવસે જૂઠું ના બોલાય, ક્રોધ ના કરાય, કોઈની સાથે છેતરપીંડી ના થાય. કોઈને દુઃખ ના પહોંચાડાય કે નુકસાન ના થાય, કોઈને અન્યાય ના કરી બેસાય, અનીતિયુક્ત વ્યવહાર ના થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. ઉપવાસ ના હોય તે દિવસો દરમ્યાન પણ એવા શુધ્ધ વ્યવહાર માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ, પરંતુ ઉપવાસ દરમ્યાન તો તેની ખૂબ જ તકેદારી રાખવી જોઈએ. તો જ ઉપવાસ આત્મિક વિકાસમાં મદદરૂપ બની શકે. નહિ તો રૂઢિ કે પરંપરાનું જડ રૂપ ધારણ કરે.

☼ ☼ ☼

## ૮. યોગ અને જ્ઞાન

**પ્રશ્ન :** કેટલાક લોકો કહે છે કે યોગ અને જ્ઞાન પરસ્પર વિરોધી છે. તો તે બાબતમાં તમારો અભિપ્રાય કેવો છે તે જણાવશો ?

**ઉત્તર :** યોગ અને જ્ઞાન પરસ્પર વિરોધી છે એવી માન્યતા બરાબર નથી. એ બંને વિરોધી નથી પરંતુ અવિરોધી અને પૂરક છે. એ બંનેનું ધ્યેય કે પ્રાપ્તવ્ય એક જ છે-સ્વરૂપનો સાક્ષાત્કાર, અને બંને પોતપોતાની રીતે એની સિદ્ધિમાં ફાળો આપે છે, પક્ષીની બે પાંખ અને માનવીની બે આંખ શું પરસ્પર

વિરોધી છે ? બે પાંખને લીધે પક્ષીની ને બે આંખને લીધે માનવની શોભા છે. પક્ષીને ઊડવા અને માનવને સારી રીતે જોવા માટે એ કામ લાગે છે. એવી રીતે જ્ઞાન જેને શાસ્ત્રાધ્યયન તથા ચિંતનમનનની પ્રક્રિયા દ્વારા બૌધ્ધિક રીતે સમજાવે છે તેને યોગ અનુભવની એરણ પર કસીને સાચું ઠરાવે છે. મને તો એ બંનેમાં કશો વિરોધ નથી દેખાતો. જ્ઞાન પણ છેવટે તો સ્વરૂપના સાક્ષાત્કાર અને સ્વરૂપની નિષ્ઠા માટે છે અને યોગની સાધનાનું પ્રયોજન પણ એ જ છે.

**પ્રશ્ન :** બૌદ્ધિક જ્ઞાનની પ્રપ્તિ પછી યોગસાધનાની આવશ્યકતા રહે છે ખરી ?

**ઉત્તર :** બૌદ્ધિક જ્ઞાનથી આત્માનો અપરોક્ષ અનુભવ નથી થતો. એવા અનુભવ વિના જ્ઞાન અધૂરું છે. એથી શાંતિ નથી મળતી ને જીવન ધન્ય પણ નથી બનતું. પરમશાંતિની પ્રાપ્તિ માટે ને સ્વરૂપના સાક્ષાત્કાર દ્વારા જીવનને કૃતાર્થ કરવા માટે ધ્યાનાદિ યોગસાધનાની આવશ્યકતા છે. બૌદ્ધિક જ્ઞાનથી શંકાસમાધાન થાય છે, સહજ સંતોષ મળે છે, તત્વની સમજ સાંપડે છે, પરંતુ તત્વનો સાક્ષાત્કાર નથી થતો. ત્યાંથી આગળ ચલાવીને યોગની સાધના પરમ તત્વનો કે સનાતન સત્યનો સાક્ષાત્કાર સહજ કરી દે છે; બૌદ્ધિક જ્ઞાનને અનુભવમાં પરીણત કરે છે. એટલા પૂરતી એની આવશ્યકતા છે જ.

**પ્રશ્ન :** ગીતાના છઠ્ઠા અધ્યાયમાં યોગ આત્માની શુદ્ધિ માટે છે એવું કહેવામાં આવ્યું છે તે સાચું છે ?

**ઉત્તર :** સાચું છે. છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે કે **योगमात्म विशुद्धये।** એ કથન પ્રમાણે યોગ આત્માની અથવા પોતાની જાતની વિશુદ્ધિને માટે છે એ સાચું છે. પરંતુ યોગની સાધના આત્માના દર્શન કે સાક્ષાત્કાર માટે પણ છે એ ખાસ યાદ રાખવાનું છે. પોતાની જાતની પૂરેપૂરી વિશુદ્ધિની સિદ્ધિ થતાં આત્મદર્શન શક્ય અથવા સહજ બને છે. એટલે ગીતાના એ કથનને એવા વિશાળ અર્થમાં લેવાની જરૂર છે.

**પ્રશ્ન :** યોગની સાધનાના અતરંગ અને બહિરંગ એવા બે પ્રકાર પાડી શકાય ખરા ?

**ઉત્તર :** પાડવાની એટલી બધી અનિવાર્ય આવશ્યકતા નથી તો પણ આવશ્યકતા જણાતી હોય તો પાડી શકાય. તે પ્રમાણે યમ અને નિયમ અંતરંગ સાધન છે, આસન તથા પ્રાણાયામ બહિરંગ સાધન છે, અને પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિને અંતરંગ સાધના અંગો કહી શકાય.

**પ્રશ્ન :** **त्रृते ज्ञानान्न मुक्तिः।** 'જ્ઞાન સિવાય મુક્તિની પ્રાપ્તિ નથી થતી' એવું કહેવામાં આવે છે તે સાચું છે ?

**ઉત્તર :** સાચું છે, પરંતુ એ વાક્યમાં જે જ્ઞાનનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે જ્ઞાન શાસ્ત્રજ્ઞાન કે ચિંતનાત્મક બૌદ્ધિક જ્ઞાન નથી પરંતુ આત્માનું અપરોક્ષ જ્ઞાન છે. આત્મદર્શનના પરિણામે થનારું આત્માનું પ્રત્યક્ષ અનુભવાત્મા જ્ઞાન મુક્તિના સીધા સચોટ કારણરૂપ થઈ પડે છે.

☼ ☼ ☼

## ૯. વિવેકની પ્રાપ્તિ

**પ્રશ્ન :** જ્ઞાનમાર્ગમાં વિવેકનું સ્થાન ઘણું મહત્વનું માનવામાં આવ્યું છે. પરંતુ વિવેકની પ્રાપ્તિ કેવી રીતે કરી શકાય ?

**ઉત્તર :** સંતશિરોમણિ તુલસીદાસે રામાયણમાં કહ્યું છે કે 'બિનું સત્સંગ વિવેક ન હોઈ' એટલે કે સત્સંગ સિવાય વિવેકની પ્રાપ્તિ નથી થતી. એ ઉક્તિમાં વિવેકની પ્રાપ્તિના મુખ્ય સાધન સત્સંગ તરફ અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે. વિવેક સત્સંગથી થઈ શકે છે એ સંપૂર્ણ સાચું છે.

**પ્રશ્ન :** સત્સંગ એટલે શું સમજવું ?

**ઉત્તર :** સંતપુરુષોના સમાગમને સત્સંગ કહેવામાં આવે છે. એ ઉપરાંત સદ્ગ્રંથોના શ્રવણ, વાંચન તથા મનનને પણ સત્સંગ તરીકે ઓળખવામાં આવે છે.

**પ્રશ્ન :** વિવેક અથવા વિવેકજન્ય જ્ઞાનની પ્રાપ્તિ માટેનો બીજો કોઈ માર્ગ છે ખરો ?

**ઉત્તર :** એને માટેના બીજા બે માર્ગ છે. એક તો ઉપાસના અથવા ભક્તિ દ્વારા પરમાત્માની પરમ કૃપાનો ને બીજો યોગસાધનાનો. એ બંને માર્ગોનો ઉલ્લેખ ગીતામાં કરવામાં આવ્યો છે :

तेर्षा सततयुक्तानां भजतां प्रीतिपूर्व कम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥
तेवामेवानुकंपार्थ महमज्ञानजं तनः ।
नासयांमयात्मभावस्यो ज्ञानदीपेन भास्वता ॥

પોતાના જીવનને મારી સાથે સતત રીતે જોડનારા ને મને પ્રેમપૂર્વક ભજનાર ભક્તોને હું બુદ્ધિયોગ આપું છું, જેથી તે મને મેળવી લે છે. એમની ઉપર કૃપા કરીને એમના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશયુક્ત પ્રદીપ પ્રકટાવીને હું એમના અજ્ઞાનરૂપી અંધકારનો અંત આણું છું.

અને યોગનો માર્ગ બતાવતાં કહેવામાં આવ્યું છે કે જ્ઞાન જેવો પવિત્ર પદાર્થ સંસારમાં બીજો કોઈ જ નથી, અને યોગમાં સિદ્ધ થયેલા સત્પુરુષને સમય જતાં એની પ્રાપ્તિ પોતાની અંદરથી આપો-આપ થઈ રહે છે. એ સંબંધી શ્લોક આ રહ્યો:

न हि ज्ञानेन सद्दशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मपि विंदति ॥

**પ્રશ્ન :** Transcendental meditation એટલે શું ?

**ઉત્તર :** Transcendental meditation નો સામાન્ય અર્થ દેહાતીત અથવા અતીન્દ્રિય ધ્યાન કરી શકાય પરંતુ બરાબર વિચાર કરતાં સમજાશે કે ધ્યાનની ક્રિયા છેવટે તો અતીન્દ્રિય અવસ્થાની અનુભૂતિની જ ક્રિયા છે. ધ્યાન દ્વારા ધીમે ધીમે અન્નમય, મનોમય, પ્રાણમય, વિજ્ઞાનમય અને આનંદમય કોશથી ઉપર ઊઠીને, એમની સીમાઓને ઓળંગી જઈને, આત્મામાં સ્થિતિ કરવાની હોય છે. એટલે ધ્યાનને Transcendental કહેવાની આવશ્યકતા નથી. એ હોય છે જ Transcendental. એને Transcendental કે અતીન્દ્રિય કહેવાથી કાંઈક એવું કહેતાં હોઈએ એવો ભ્રમ ઊભો થાય છે. એવા ભ્રમને પોષવાની કે વધારવાની જરૂર નથી લાગતી. ધ્યાનને કેવળ ધ્યાન કહીએ એટલું પૂરતું છે. એમાં એનો સારાંશ સમાઈ જાય છે.

**પ્રશ્ન :** તો પછી ધ્યાનના એવા ભેદ શા માટે પાડવામાં આવે છે ?

**ઉત્તર :** એવા ભેદ શા માટે પાડવામાં આવે છે તે તો તે ભેદને જે પાડતા હોય તે જ જાણે. એવા ભેદ પાડવાનું જરા પણ જરૂરી નથી. ધ્યાનના એવા આધાર વિનાના ઉપરછલ્લા ભેદ પાડવાથી લોકોમાં ધ્યાનની

કોઈક નવી વાત કરી રહ્યા હોઈએ એવી ખોટી ભ્રાંતિ પેદા થાય છે. એથી ધ્યાનની કે ધ્યાન કરનારા સાધકોની કોઈ સેવા થાય છે એવું મને નથી લાગતું.

☼ ☼ ☼

## ૧૦. જપ દ્વારા મનની શાંતિ

**પ્રશ્ન :** મારું મન જપ કરવાં છતાં પણ શાંત નથી થતું તેનું કારણ શું હશે ? તેને શાંત કરવાં સારું શું કરવું જોઈએ ?

**ઉત્તર :** મન જપ કરવાં છતાં પણ શાંત ના થતું હોય તો તેના કારણો જુદાં જુદાં કેટલાંય હોઈ શકે છે. તે કારણોનો પાકો ને સાચો નિર્ણય તો તમે જ કરી શકો પરંતુ તેવા મનને શાંત કરવા માટે નામજપની સાધના ચાલુ રાખવી જોઈએ અને પ્રાર્થનાનો આધાર લેવો જોઈએ. નામજપની સાધના જેમ જેમ વધારે ને વધારે પ્રમાણમાં ચાલુ રહેશે તેમ તેમ મનને શાંત થવાનો માર્ગ મોકળો બનશે. માટે જપથી મન સહેલાઈથી અથવા ધારેલા સમયમાં શાંત ના થતું હોય તો પણ એ સાધનાને છોડી દેવાની નથી. વળી મનને શાંત કે સ્થિર કરવા માટે પ્રાર્થના કરતાં શીખવું જોઈએ. પ્રાર્થનાની શક્તિ અદ્દભુત અને અમોઘ છે. તેની મદદથી ઈશ્વરની સાથે સંબંધ બંધાય છે તેમજ ઈશ્વરના અનુગ્રહનો અનુભવ મળે છે. સાધકની ઉત્કટ ઉરથી થનારી પ્રાર્થનાને સાંભળીને ઈશ્વર એની ઉપર પોતાની વિશેષ કૃપા વરસાવે છે અને એના ચંચળ મનને સહેલાઈથી શાંત કરે છે.

**પ્રશ્ન :** મન સંપૂર્ણપણે શાંત થાય તે પછી જ જપ કરવામાં આવે તો ? તમને નથી લાગતું કે એ પદ્ધતિ વધારે સારી અથવા આશીર્વાદરૂપ પુરવાર થાય ?

**ઉત્તર :** મન સંપૂર્ણપણે શાંત થશે તો પછી જપ કોણ કરશે ? એ સંપૂર્ણપણે શાંત થાય ત્યાં સુધી બે હાથ જોડીને બેસી રહેવાથી કશું નહિ વળે. એને શાંત કરવા માટે તો જપ કરવાના છે અને એ કાર્યની સિદ્ધિ ક્રમશઃ ધીરેધીરે થશે. એમાં આવશ્યકતાથી અધિક ઉતાવળ કરવાથી કશું નહિ વળે. માટે જપ કરવાનું કામ ચાલુ જ રાખો ને મનને શાંત કરવાનો પ્રયત્ન પણ કરતાં રહો.

**પ્રશ્ન :** સામાન્ય રીતે કેટલા જપ કરવાથી મન શાંત થાય છે ?

**ઉત્તર :** એનો કોઈ નિશ્ચિત સર્વસામાન્ય નિયમ નથી બાંધી શકાતો. એનો આધાર મુખ્યત્વે સાધકની કે જપ કરવાની અંતરંગ યોગ્યતા પર રહેતો હોય છે. સાધક પોતાના જીવનમાં દૈવી સંપત્તિની અને ઈશ્વરના પવિત્રતમ પ્રેમની પ્રતિષ્ઠા કરવાનો પ્રયત્ન કરતાં જપનો આધાર લેશે તો તેનું મન ધાર્યા કરતાં વધારે જલદી ને સહેલાઈથી શાંત થશે. એથી ઊલટું, જો તે જીવનની વિશુદ્ધિનું ને ઈશ્વરના પ્રેમના પ્રાકટ્યનું ધ્યાન જ નહિ રાખે ને તે દિશામાં તદ્દન મંદ ગતિએ ચાલતો હશે તો મનને શાંત કરવામાં ખૂબ જ વાર લાગશે. એટલું સાચું કે પોતાના જીવનની વિશુદ્ધિનો વિચાર કરીને સાધકે તે વિશુદ્ધિને સાધવાનો પ્રયાસ કરતાં કરતાં જેટલા બને તેટલા વધારે ને વધારે નામજપ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. એવો આગ્રહ મનને શાંત કરવાની દિશામાં ને બીજી બધી રીતે ઉપકારક થઈ પડશે.

કેટલા જપ કરવાથી મન શાંત થાય છે એવો પ્રશ્ન પૂછવાને બદલે જ્યાં, સુધી મન સંપૂર્ણપણે શાંત ના થાય ત્યાં સુધી જપ અધુરા છે એવું સમજીને જપ વધારે ને વધારે કરતાં જ રહેવું જોઈએ. અંદરની યોગ્ય ભૂમિકાનું નિર્માણ થતાં કેટલીક વાર મનને શાંત કરવા માટે એકાદ જપ પણ પૂરતો થઈ પડે છે અને અંદરની યોગ્ય ભૂમિકાના અભાવમાં કેટલી વાર હજારો અને લાખો જપ પણ ઓછા પડે છે. આખોય સવાલ સાધનાનો છે અને સાધનાની પ્રક્રિયા પર આધાર રાખે છે. એમાં ઉત્તરરૂપે જપની કોઈ નિશ્ચિત સંખ્યાનો નિર્દેશ ના કરી શકાય. એવો નિર્દેશ વાસ્તવિકતાથી વેગળો હોવાથી ન્યાયપુરઃસરનો ના કહેવાય.

☼ ☼ ☼

## ૧૧. નિદ્રા તથા યોગનિદ્રા

**પ્રશ્ન :** નિદ્રા તથા યોગનિદ્રામાં કોઈ તફાવત છે ખરો ?

**ઉત્તર :** ઘણો મોટો તફાવત છે.

**પ્રશ્ન :** શો તફાવત છે ?

**ઉત્તર :** નિદ્રાનો અનુભવ તો સામાન્ય રીતે સૌ કોઈને સારું સહજ હોય છે. મનુષ્યો જ નહિ પરંતુ પશુપક્ષીઓને પણ એનો અનુભવ થતો હોય છે. એના વિશે તો નાનામોટા સૌ કોઈ જાણે છે. પરંતુ યોગનિદ્રા જુદી જ વસ્તુ છે. નામજપ કરતાં કરતાં કે ધ્યાનનો આધાર લેતા કોઈવાર મન સ્થિરતાનો અથવા એકાગ્રતાનો અનુભવ કરીને એકાએક લય પામે છે કે શાંત થાય છે. મનની અંતરંગ સાધના દ્વારા પ્રાપ્ત થતી એવી અદ્દભૂત અલૌકિક લયદશાને યોગનિદ્રા કહે છે. એવી યોગનિદ્રાની અવસ્થા જેને તેને નથી મળતી, કોઈ કોઈ વિરલ સાધકોને સાંપડતી હોય છે. એ અવસ્થા સાત્વિક કહેવાય છે.

**પ્રશ્ન :** એને સમાધિનું નામ આપી શકાય કે ના આપી શકાય ?

**ઉત્તર :** ના આપી શકાય. સમાધિ જુદી જ, વધારે ઊંડી વસ્તુ છે અને એ તો સમાધિના મંગલમય મહા મંદિરના ઉદ્દઘાટનની શરૂઆતની સહજ અવસ્થા હોય છે. એના અનુભવથી આનંદ અનુભવી, ઉત્સાહપૂર્વક આગળ વધવાથી સમાધિ મળે છે.

**પ્રશ્ન :** યોગનિદ્રામાંથી સૌને પસાર થવું પડે છે ? સાધકમાત્રને ?

**ઉત્તર :** એને માટેનો કોઈ નિશ્ચિત નિયમ નથી કરી શકાતો. છતાં પણ મોટા ભાગના સાધકોને એનો અનુભવ થતો હોય છે એ સાચું છે.

**પ્રશ્ન :** સમાધિ તથા સાક્ષાત્કાર એક છે ?

**ઉત્તર :** ના. એ બંને જુદાં જુદાં છે. સમાધિ સાધન છે અને સાક્ષાત્કાર સાધ્ય. સમાધિનો લાંબા વખતનો અભ્યાસ સ્વરૂપના સાક્ષાત્કારમાં મહત્વની મદદ પહોંચાડે છે. એ બંનેને એક કેવી રીતે કહી શકાય ? બંનેને એક કેવી રીતે કહી શકાય ? બંનેમાં દેખીતો જ તફાવત છે.

**પ્રશ્ન :** તમે મુમુક્ષુને (ઈચ્છા હોય તો) ગમે તેટલા અંતરાયો છતાં સહાય કરી શકો છો, તો તેમાં કયી રીત કામે લગાડો છો ? શક્ય હોય તો કહેજો.

**ઉત્તર :** મારાથી કોઈ મુમુક્ષુને મદદ મળી છે અથવા સહાય કરાઈ છે એવું તમને ખાતરીપૂર્વક લાગે છે ખરું ? મને તો નથી લાગતું. મેં એવું કહ્યું પણ નથી. મારામાં બીજાને મદદ કરવાની શક્તિ છે જ ક્યાં ? હું મદદ કરનાર છું જ કોણ ? જે મદદ મળે છે તે ઈશ્વર તરફથી જ મળતી હોય છે. આપણે તો માત્ર માધ્યમ છીએ. કોઈવાર કોઈને માટે પ્રાર્થના કરું છું તે પણ ઈશ્વરને જ કરું છું. એના પરિણામે જે કોઈ સહાય આવે છે તે પણ ઈશ્વરની જ સહાય આવતી હોય છે. એના ઉપર મારો અધિકાર શા માટે રાખું ? એ અધિકાર ઈશ્વરનો જ રહે એ બરાબર છે.

**પ્રશ્ન :** મને તમારી સાથે તમારી સેવામાં રહેવાની છૂટ આપી શકશો ?

**ઉત્તર :** ના. મારી એવી કોઈ સેવા નથી જેને માટે કોઈને સાથે રહેવાની છૂટ અપાય. તમે તમારી જ સેવા કરો અને તેને સારું હું જેની સતત સંનિધિમાં રહેવાની કોશિશ કરું છું તે પરમાત્માની સાથે રહેવાનો પ્રયાસ કરો. જીવનનું સાચું ને સંપૂર્ણ શ્રેય ત્યારે જ સાધી શકાશે. બને તેટલા વધારે ને વધારે નામજપ કરો, વધારે ને વધારે પ્રમાણમાં ધ્યાન ધરો, પ્રાર્થના તથા સત્સંગનો આધાર લો અને આત્મનિરીક્ષણ તેમજ આત્મવિકાસના માર્ગે આગળ વધો. એમ કરવાથી જીવનની સફળતા કે સંસિદ્ધિ સાંપડી શકાશે.

**પ્રશ્ન :** તો પણ તમારી સંનિધિમાં રહેવાની ઈચ્છા તો થાય છે જ.

**ઉત્તર :** એવી જ ઈચ્છા ઈશ્વરની સંનિધિમાં રહેવાની કરો. એ અધિક ઉપયોગી અને આવકારદાયક થઈ પડશે. એ જ સંનિધિ સદાને માટે ઈચ્છવા જેવી છે. એને લીધે જ સાચું કલ્યાણ કરી શકાશે.

☼ ☼ ☼

## ૧૨. આત્મજાગૃતિ

**પ્રશ્ન :** આત્માને જગવવો એટલે શું ?

**ઉત્તર :** આત્માને જગવવો એટલે આત્માની સુષુપ્ત શક્તિને જાગ્રત કરવી. દુન્યવી વિષયોમાં ડૂબેલા ને ભાન ભૂલેલા માનવને પોતાના જીવનનું કલ્યાણ શેમાં રહેલું છે તેની ખબર નથી. કોઈ વાર કોઈને ખબર હોય છે તો તે પ્રમાણે ચાલીને જીવનનું કલ્યાણ કરવાની સૂઝ-શક્તિ કે સમજ નથી હોતી. એ માહિતી મેળવીને જીવનનું પરમકલ્યાણ કરી લેવું અથવા કરવાનો પ્રયત્ન કરવો એટલે આત્માને જગવવો. અવિદ્યારૂપી અંધકારનો અંત આણીને અંતઃકરણને આત્મજ્ઞાનના અજવાળાથી અજવાળી દેવું.

**પ્રશ્ન :** એવી આત્મજાગૃતિ પોતાની મેળે થઈ શકે ?

**ઉત્તર :** શા માટે ના થઈ શકે ? પોતાની મેળે આત્મજાગૃતિ કરનારા કેટલાય સત્યપુરુષો સંસારમાં થઈ ગયા છે.

**પ્રશ્ન :** છતાં પણ કોઈ પોતાની મેળે આત્મજાગૃતિ ના કરી શકે તો ?

**ઉત્તર :** તો તે બીજી બહારની મદદ મેળવીને આગળ વધી શકે છે.

**પ્રશ્ન :** બહારની મદદ એટલે ?

**ઉત્તર :** સ્વાધ્યાય, સત્સંગ, તીર્થાટન, દેવદર્શન વિગેરે. એ બધાં સાધનો જીવનની શુદ્ધિ સાધીને

જીવનને ઉદાત્ત કરવામાં ને ઈશ્વરપરાયણ બનાવવામાં મદદ પહોંચાડે છે. એમનો સાચો લાભ એ જ છે. એમને લીધે આત્માની જાગૃતિ શક્ય બને છે.

**પ્રશ્ન** : જેના જીવનમાં આત્મજાગૃતિ થઈ હોય તેનાં લક્ષણો કેવાં હોય છે એને કેવી રીતે ઓળખી શકાય ?

**ઉત્તર** : આત્મજાગૃતિવાળા પુરુષનું મન ઊંડી શાંતિથી સંપન્ન અને વાસના તથા વિકારથી રહિત હોય છે. એ અહંતા, મમતા, આસક્તિ અને રાગદ્વેષથી મુક્ત હોય છે. એના જીવનમાંથી ઊંડી નિર્મળતા ટપકતી હોય છે. એનું આત્માનુસંધાન નિરંતર ચાલુ રહે છે. એને ઓળખવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી. ઈશ્વરની પૂર્ણ કૃપા હોય અથવા એવા મહાપુરુષની અનુકંપા હોય તો જ એમના વાસ્તવિક સ્વરૂપને ઓછાવત્તા પ્રમાણમાં ઓળખી શકાય અને ઓળખીને એમનો આવશ્યક લાભ પણ ઊઠાવી શકાય. મારા પોતાના અંગત અભિપ્રાય પ્રમાણે તો એવા મહાપુરુષના લક્ષણોની ચર્ચા અથવા ચર્ચાવિચારણા કરવાને બદલે એ લક્ષણોને પોતાના જીવનમાં ઉતારવાની કોશિશ કરવી જોઈએ. એવી કોશિશ કરવાથી જ લાભ થશે.

**પ્રશ્ન** : પ્રત્યેક પુરુષ પોતાના આત્માને જગાડી શકે ?

**ઉત્તર** : શા માટે ના જગાડી શકે ? આત્મજાગૃતિનો માર્ગ સૌ કોઈને માટે ઉઘાડો છે. ફક્ત એને માટેની ઉત્કટ ઈચ્છા કે ભાવના જોઈએ. એવી ઈચ્છા કે શુભભાવનાથી પ્રેરાઈને પ્રામાણિક પુરુષાર્થ કરવામાં આવે તો આત્માને જરૂર જગાડી શકાય ને પરમાત્માનો સાક્ષાત્કાર કરીને કૃતાર્થ બની જવાય. આત્મજાગૃતિ અથવા આત્મસાક્ષાત્કારના મંગલમય માર્ગે આગળ વધવાની સ્વતંત્રતા સૌ કોઈને છે. એમાં કોઈના પર કોઈપણ પ્રકારનો પ્રતિબંધ નથી.

**પ્રશ્ન** : આત્મજાગૃતિ સંપૂર્ણપણે સધાય છે ત્યારે શું થાય છે ?

**ઉત્તર** : પોતાની અંદર અને બહાર રહેલા પરમાત્મતત્વનો સ્વાનુભાવ સાધકને સારું સહજ બને છે. એના પરિણામે અવિદ્યાનો અંત આવે છે અને ભેદભાવનું તેમજ અશાંતિનું શમન થાય છે. લૌકિક-પારલૌકિક લાલસાઓ તથા વાસનાઓ પછી નથી સતાવી શકતી.

**પ્રશ્ન** : આ યુગમાં એવી અસાધારણ અવસ્થાની પ્રાપ્તિ થઈ શકે છે ?

**ઉત્તર** : જરૂર થઈ શકે. આત્મવિકાસમાં કોઈપણ યુગ વચ્ચે નથી આવતો. આ યુગમાં પણ આત્મોન્નતિની અસાધારણ અવસ્થા પર પહોંચેલા પુરુષો અનેક થયા છે. તમે પણ ધારો તો એમનામાંના એક થઈ શકો. આ યુગની પોતાની કેટલીક આગવી વિશેષતઓ છે. તેમનો સમુચિત લાભ ઊઠાવીને બીજાની જેમ તમે પણ આત્મોન્નતિ જરૂર સાધી શકો.

☼ ☼ ☼

## ૧૩. દેહત્યાગ

**પ્રશ્ન** : મીરાં, ગૌરાંગ મહાપ્રભુ, તુકારામ તથા કબીરના દેહત્યાગ અત્યંત અદ્દભુત રીતે થયા હતા. એવી અસાધારણ કક્ષા પર કેવી રીતે પહોંચી શકાય ?

**ઉત્તર :** પરમાત્માની પરમકૃપાથી અને એને મેળવવામાં મદદરૂપ થનારા બને તેટલા વધારે ને વધારે ભજનથી. ભગવદ્દભજનથી ભગવાનની પરમકૃપાની પ્રાપ્તિ થતાં કશું જ અસંભવ નથી રહેતું. માનવના સઘળા મનોરથ પૂરા થાય છે. જે જે પદાર્થની ઈચ્છા હોય છે તે તે પદાર્થ ભગવાનની અમોઘ અનુકંપાથી એને મળી રહે છે. એમની અસાધારણ અનુકંપાની આગળ શું અશક્ય છે ? કશું જ નહિ.

એક બીજી વાત પણ યાદ રાખવાની છે. દેહત્યાગની વાત તો જુદી છે પરંતુ શરીર છે તે દરમિયાન શરીરધારણને સફળ અથવા સાર્થક કરવાનો પ્રયત્ન કરવાની જરૂર છે. આપણા જીવનને સુધારી, સંશુદ્ધ ને ઉદાત્ત બનવાની આવશ્યકતા છે. દેહત્યાગની નિરર્થક ચિંતા કરવા બદલે દેહમાં રહીને જીવનને ઉત્તમ કરવાની સાધનાનો આધાર લઈએ તો ઘણો લાભ થાય. એ સાધનાની ઉપેક્ષા કરવી બરાબર નથી. દેહના ધારણ દરમિયાન અસાધારણ કક્ષા પર પહોંચશો એટલે દેહના ત્યાગ વખતે એવી કક્ષાની પ્રાપ્તિ આપોઆપ થઈ રહેશે. એની ચિંતા કદાપી નહિ કરવી પડે.

**પ્રશ્ન :** મીરાં, ચૈતન્ય મહાપ્રભુ, તુકારામ તથા કબીર જેવાનાં શરીર અદ્રશ્ય થઈ ગયેલાં અથવા પરમાત્મામાં સમાઈ ગયેલા એ સાચું ?

**ઉત્તર :** તેને ખોટું માનવાનું કોઈ કારણ નથી. જે પરંપરાગત ઈતિહાસ ચાલ્યો આવે છે તે તદ્દન નિરર્થક અથવા આધાર વિનાનો તો ના જ હોઈ શકે.

**પ્રશ્ન :** પરંતુ જીવનનું એવું અંતિમ પરિણામ આવી શકે ખરું ?

**ઉત્તર :** શા માટે ના આવી શકે ? જીવનમાં કોઈને માટે કશું મુશ્કેલ હોય તો પણ અશક્ય તો નથી જ. મનુષ્યયત્ન અને ઈશ્વરકૃપાથી બધું જ બની શકે છે. જો કે જ્ઞાની, યોગી અથવા ભક્તનો દેહત્યાગ ગમે તે દશામાં થાય તેથી તેની સદ્દગતિમાં કશો ફેર નથી પડતો. તેની સદ્દગતિ તો જીવતા જ સધાઈ ચૂકી હોય છે.

☼ ☼ ☼

## ૧૪.ગુરુ વિશે

**પ્રશ્ન :** પૂર્ણતા પોતે જ શું વિશિષ્ટ આકાર ધારણ કરીને ગુરુના રૂપમાં પ્રકટ થતી હોય છે ?

**ઉત્તર :** ગુરુના રૂપમાં પૂર્ણતા પોતે જ વિશિષ્ટ આકાર ધારણ કરીને પ્રકટ થાય છે એવું તો કેવી રીતે કહી શકાય ? બધા ગુરુ પૂર્ણ નથી હોતા. હા, એટલું અવશ્ય કહી શકાય કે ગુરુ પરમાત્માના પ્રતિનિધિ હોય છે, પરમાત્માનો સનાતન સંદેશ સંભળાવીને પરમાત્માભિમુખ કરે છે, ને બંધનમુક્તિ, પૂર્ણતા તથા પરમાત્માદર્શનની પ્રેરણા પૂરી પાડે છે. એમની મદદથી અપૂર્ણતામાંથી પૂર્ણતામાં પ્રવેશ કરી શકાય છે અથવા પૂર્ણતાને પોતાની અંદર પ્રગટાવી શકાય છે, એટલું સાચું છે.

**પ્રશ્ન :** ગુરુ અને શિષ્યનો સંબંધ સનાતન હોય છે, તે જન્મ-જન્માંતર સુધી ચાલે છે, એ સત્ય છે ?

**ઉત્તર :** ગુરુ અને શિષ્યનો સંબંધ જન્માંતર સુધી ચાલે છે અથવા નથી પણ ચાલતો. એ એક જ જન્મ પૂરતો, એક જન્મમાં પણ થોડાક વરસો પૂરતો મર્યાદિત રહેશે કે આગળ વધશે એનો આધાર સંસ્કારો પર રહેતો હોય છે. સર્વ કાંઈ સંસ્કાર કે ઋણાનુબંધને અનુસરીને નક્કી થાય છે. એ સંબંધમાં કોઈ એકસરખો

નિયમ નથી લાગુ પડતો.

**પ્રશ્ન :** શિષ્યને મુક્તિ અપાવ્યા સિવાય ગુરુ પોતે મુક્ત નથી થતાં. ગુરુનું ઉત્તરદાયિત્વ એટલું બધું મોટું હોય છે ?

**ઉત્તર :** જે ગુરુ શિષ્યને મુક્ત કરવાની ઉત્કટ ઈચ્છા રાખે ને શિષ્યને મુક્ત કરવા માટે શરીરને છોડ્યા પછી અવારનવાર આવવાનો સંકલ્પ કરે તે ગુરુ, શિષ્યની મુક્તિ કે સદ્ ગતિને માટે પ્રયત્ન કરે એ દેખીતું છે. તેવા ગુરુ જીવનમુક્ત અવસ્થાનો અનુભવ કરવા છતાં પણ સ્વેચ્છાનુસાર જીવનનો અભિનય ચાલુ રાખે છે. એવા સંકલ્પ વગરના બીજા ગુરુને માટે એવું વિધાન લાગુ નથી પડતું. બીજા ગુરુના આશીર્વાદ અને પ્રથપ્રદર્શનથી શિષ્યનું કલ્યાણ થાય છે. ગુરુની અદૃષ્ટ છતાં અમોઘ શક્તિ શિષ્ય કે શરણાગતના જીવનનું શ્રેય સાધે છે. શિષ્યના જીવનમાં ક્રાંતિ કરીને એ સહજ રીતે જ પોતાની કલ્પનાતીત કરામત કરી બતાવે છે, ને શિષ્યને સર્વ પ્રકારે કૃતાર્થ કરે છે.

**પ્રશ્ન :** એક વ્યક્તિના એકથી વધારે ગુરુ હોઈ શકે ?

**ઉત્તર :** હોઈ શકે. જેની પાસેથી જીવનના વિકાસનું માર્ગદર્શન મળે, પ્રેરણાની પ્રાપ્તિ થાય, ને શાંતિ સાંપડે તેને ગુરુ કહી શકાય. એવા ગુરુ એક કરતાં વધારે હોઈ શકે. એનો આધાર સાધકની આવશ્યકતા પર રહે છે. મોટે ભાગે તો માનવ કોઈ એક જ પુરુષને ગુરુ કરે છે. જેના તરફથી એને મંત્ર કે માર્ગદર્શન મળે, પ્રેરણા કે પ્રકાશ જડે, જ્યાં એની આંખ અને એનું અંતર ઠરે, એને શાંતિ લાગે, અને એનો આત્મા સમર્પિત બને, તેની સાથે એ શિષ્ય તરીકેનો સંબંધ સ્થાપતો હોય છે. રામકૃષ્ણ પરમહંસદેવે કહ્યું છે કે શિક્ષાગુરુ અનેક હોઈ શકે પરંતુ દીક્ષાગુરુ એક જ હોય. તેવી રીતે જીવનનું સર્વસમર્પણ એક જ ગુરુના શ્રીચરણોમાં હોઈ શકે.

**પ્રશ્ન :** કોઈ ને ગુરુરૂપે સ્વીકારવાની કે પસંદ કરવાની સ્વતંત્રતા મનુષ્યને છે કે નથી ?

**ઉત્તર :** છે. મનુષ્ય સ્વતંત્ર રીતે વિચારે છે, વિચારીને નિર્ણય લે છે, અને લીધેલા નિર્ણયાનુસાર વર્તે છે. એ રીતે વિચારતાં એને ગુરુ કરવાની પણ સંપૂર્ણ સ્વતંત્રતા છે. એની પોતાની ઈચ્છા વિરુદ્ધ કોઈ એના જીવનમાં કોઈ ગુરુને લાદી નથી શકતું. જે થાય છે (ગુરુની પ્રાપ્તિ સંબંધમાં) તે તેની સંમતિ કે સ્વીકૃતિથી જ થતું હોય છે. એટલે ગુરુને પસંદ કરવાની સ્વતંત્રતા મનુષ્યને નથી એવું માનવા-મનાવવાની જરૂર નથી. ગુરુ જીવનમાં કોઈ પ્રકારનાં વિશેષ પ્રયત્ન વિના આપોઆપ અથવા એકાએક આવી મળે તો પણ મનુષ્ય એમની ઉપર વહેલો કે મોડો મંજૂરીની મહોર તો મારતો જ હોય છે.

**પ્રશ્ન :** ગુરુભાવ, ગુરુ તથા સદ્દગુરુ એટલે શું ?

**ઉત્તર :** ગુરુભાવ એટલે ગુરુ તરીકેનો ભાવ. ગુરુ તરીકેનો ભાવ શિષ્યને હોય તો તે શુભ અથવા કલ્યાણકારક કહેવાય છે, પરંતુ એવો ભાવ અને અહંભાવ જો ગુરુમાં હોય તો તેને શુભ શ્રેષ્ઠ અથવા કલ્યાણકારક ભાગ્યે જ કહી શકાય, ગુરુમાં કોઈ જાતનો અહંભાવ કે ઘમંડ ના જોઈએ. ગુરુ શબ્દ સૌ કોઈને માટે વપરાય છે પરંતુ સદ્દગુરુ શબ્દ સૌ કોઈને માટે નથી વપરાતો. સદ્દગુરુ તો એને જ કહી શકાય જેણે પરમસત્યની પ્રાપ્તિ કરી હોય, પરમ શાંતિ મેળવી હોય, અથવા પરમસત્યની કે પરમશાંતિની પ્રાપ્તિ કરવાના પ્રામાણિક પ્રયત્નો કર્યા હોય. સત્યરૂપી પરમાત્માની સાથે જેણે સંબંધ સ્થાપ્યો હોય અથવા સ્થાપવાનો સાધનાત્મક પ્રયાસ કર્યો હોય તેને સદ્દગુરુનું નામ આપી શકાય.

**પ્રશ્ન :** ગુરુદીક્ષા, ગુરુદક્ષિણા ને ગુરુમંત્ર એટલે શું ?

**ઉત્તર :** શિષ્યને ગુરુ તરફથી જે આપવામાં આવે છે તેને ગુરુદીક્ષા કહેવામાં આવે છે. તે દીક્ષાના જુદાજુદા પ્રકારો છે. ગુરુ પોતાના સંકલ્પથી જે દીક્ષા આપે છે તેને સંકલ્પદીક્ષા કહેવામાં આવે છે. ગુરુ સ્પર્શ દ્વારા આશીર્વાદ આપીને જે દીક્ષા આપે છે તેને સ્પર્શદીક્ષાનું નામ આપવામાં આવે છે ને મંત્ર આપીને જે દીક્ષા આપે છે તે મંત્રદીક્ષા કહેવાય છે. ગુરુ દ્રષ્ટિપાતથી પણ દીક્ષા આપે છે. ગુરુદીક્ષામાં ઘણી શક્તિ સમાયેલી છે.

ગુરુને આપવામાં આવતી ભેટને ગુરુદક્ષિણા તરીકે ઓળખવામાં આવે છે. સાચી ગુરુદક્ષિણા શ્રદ્ધાભક્તિથી સંપન્ન થઈને ગુરુના માર્ગદર્શન પ્રમાણે ચાલવામાં રહેલી છે. છતાં પણ સ્થૂળ દક્ષિણાને જ સમાજમાં ગુરુદક્ષિણાનું નામ આપવામાં આવે છે.

ગુરુ દ્વારા આપવામાં આવતા મંત્રને ગુરુમંત્ર કહે છે. ગુરુમંત્રની અંદર ધાર્યા કરતાં ઘણી વધારે શક્તિ હોય છે. એનો આધાર લેવાથી શિષ્યને સાધનામાં મોટી મદદ મળે છે અને એનું શ્રેય સધાય છે. એનો આધાર ખૂબ જ શ્રદ્ધાભક્તિપૂર્વક લેવો જોઈએ.

**પ્રશ્ન :** આવશ્યકતા પ્રમાણે ગુરુમંત્ર બદલી શકાય ?

**ઉત્તર :** જરૂર બદલી શકાય પરંતુ ગુરુમંત્રને બદલાવાની પ્રક્રિયાની પાછળ આવશ્યકતા અને એ પણ અનિવાર્ય આવશ્યકતા હોવી જોઈએ. મંત્રને બદલવાની પ્રક્રિયા એક પ્રવૃતિ, શોખ કે ફેશન ના બનવી જોઈએ. જીવનની એક અનિવાર્ય આવશ્યકતા તરીકે એકાદ વાર મંત્રને બદલવો પડે તે જુદી વાત છે. પરંતુ મંત્રને બદલવાનો ચસકો લાગી જાય અને મંત્રને અવારનવાર બદલ્યા કરાય તો એ બદલવાની પ્રવૃત્તિ સાધકને બદલે બાધક અને તારકને બદલે મારક જ વધારે થઈ પડે.

**પ્રશ્ન :** ગુરુની સંનિધિ ના હોય અને પ્રેરણા પણ પ્રાપ્ત થતી બંધ થાય તો એમનો સનાતન સંબંધ સમાપ્ત થયો એવું માનવું ?

**ઉત્તર :** ના. ગુરુની સ્થૂળ સંનિધિ ના હોય તેથી શું થયું ? એમની સૂક્ષ્મ સંનિધિ રહેવી જોઈએ. ગુરુની પ્રેરણા પણ વધારે વખત કે સદાને માટે જરૂરી ના હોય એવું બની શકે, તો પણ એમના પ્રત્યેની શ્રદ્ધાભક્તિ તો અખંડ જ રહેવી જોઈએ. એને લીધે જ એમનો સંબંધ અમર અથવા સનાતન રહે છે કે બને છે. એ સંબંધ કદી પણ પૂરો નથી થતો ને ના થવો જોઈએ. પછી એ સ્થૂળ રૂપમાં ચાલુ રહે કે સૂક્ષ્મ રૂપમાં એ જુદી વાત છે.

**પ્રશ્ન :** અદ્વૈતની અનુભૂતિ થતા ગુરુ-શિષ્યનો સંબંધ ટકી શકે છે ?

**ઉત્તર :** ટકી શકે પણ ખરો અને ના પણ ટકી શકે.

**પ્રશ્ન :** એટલે ?

**ઉત્તર :** અદ્વૈતની અનુભૂતિ થયા પછી વસ્તુતઃ એ સંબંધની આવશ્યકતા નથી હોતી. જ્યાં સર્વત્ર, સૌમાં ને સૌના સ્વરૂપમાં પરમાત્મા છે ત્યાં ગુરુ તથા શિષ્યના ભેદ ક્યાંથી ટકી શકે ? તો પણ શિષ્ય ગુરુની એટલી સ્મૃતિ કાયમ રાખે છે, જેમકે શ્રી આદ્ય શંકરાચાર્ય. એ ગુરુ પ્રેમથી પ્રેરાઈને એમના ગુરુને પ્રત્યેક ગ્રંથમાં યાદ કરે છે. શ્રી જ્ઞાનેશ્વર મહારાજના સંબંધમાં પણ એવું જ કહી શકાય. એમની ગુરુભક્તિ જાણીતી

છે. જ્ઞાનેશ્વરી ગીતા જેવા ગ્રંથરત્નના વાચનથી એ હકીકત સુચારુરૂપે સમજી શકાય છે.

☼ ☼ ☼

### ૧૫. એકાગ્રતા

**પ્રશ્ન :** ચિત્તની એકાગ્રતા વગર નામજપ કે ધ્યાનની સાધના કરી શકાય ખરી ?

**ઉત્તર :** ચિત્તની એકાગ્રતા જો શરૂઆતથી જ સહજ બનશે તો તો પછી નામજપ કે ધ્યાનની જરૂર જ શી રહેશે ? એકાગ્રતાને માટે તો એમનો આધાર લેવાનો છે. માટે ચિત્તની એકાગ્રતા એટલી જલદી સિદ્ધ ના થઈ શકે તો નિરાશાથી પ્રેરાઈને પુરુષાર્થ મૂકી પણ ના દેતા. અભ્યાસ ચાલુ જ રાખજો. જે સર્વસંગપરિત્યાગ કરીને એકાંતમાં બેઠા છે એવા વિરક્ત પુરુષોનું મન પણ એટલું જલદી એકાગ્ર નથી થતું તો પછી વિવિધ વ્યવસાયોમાં વ્યસ્ત રહેનાર અને એમની સારીમાઠી અસર નીચે અવારનાર સ્ત્રીપુરુષોનાં મન તો એટલી જલદી એકાગ્ર કેવી રીતે થઈ શકે ? એમને તો લાંબી વાર લાગે જ. છતાં પણ ઈલાજ પ્રયત્નને મૂકી દેવામાં નથી પરંતુ પ્રયત્નને ચાલુ રાખવામાં રહેલો છે.

મન ચંચળ છે, તોફાની છે. બળવાન છે, ને વાયુને વશ કરવા કરતાં પણ વશ કરવું કઠિન છે. એ પણ એટલું જ સાચું છે, છતાં પણ ક્રમેક્રમે કળથી વશ કરી શકાય છે એ પણ એટલું જ સાચું છે. માટે કોઈ પણ સંજોગોમાં હતોત્સાહ અને હતાશ નથી થવા જેવું. ઈશ્વર પર વિશ્વાસ રાખી, ઈશ્વરની દયાની યાચના કરવા આગળ વધતા જ રહેવાનું છે. ગારુડી જેમ સુમધુર સ્વરોની મદદથી વિકરાળ વિષધરને વશ કરે છે તેમ ઈશ્વરના નિરંતર નામસ્મરણના પ્રભાવથી જે મનને વશ કરવા માગે છે અને એને માટે અનવરત અભ્યાસ કરે છે એનો મનોરથ જરૂર ફળે છે. એને સફળતા અવશ્ય વરે છે.

**પ્રશ્ન :** એકાગ્રતા વગરના જપ કે ધ્યાનથી લાભ થાય કે ના થાય ?

**ઉત્તર :** એકાગ્રતા વગરના જપ કે ધ્યાનથી પણ લાભ તો થાય જ છે. એકાગ્રતા હોય તો વધારે લાભ થાય છે એ સાચું છે પરંતુ એકાગ્રતા વગર પણ જે જપ કે ધ્યાન કરવામાં આવે છે તે નિષ્ફળ જાય છે એવું તો ના જ કહી શકાય. એ પણ લાભ તો પહોંચાડે જ છે. માટે એકાગ્રતા થાય કે ના થાય તો પણ સાધકે ધ્યાનની સાધના કરવાનું ચાલુ જ રાખવું.

☼ ☼ ☼

### ૧૬. સ્પૃહા કે લાલસા

**પ્રશ્ન :** સ્પૃહા કે લાલસા સુખકારક છે કે દુઃખદાયક ? એ રાખવી કે ના રાખવી જોઈએ ? કર્મ સ્પૃહા થઈને કરવા કે સ્પૃહારહિત બનીને ? એ બધું વિસ્તારથી સમજાવશો ?

**ઉત્તર :** કોઈ પણ પ્રકારની સ્પૃહા કે લાલસા હોવી એ દુઃખનું કારણ છે. એમાંથી ઘર્ષણ, બેચેની, સ્પર્ધા કે અશાંતિ પણ જન્મે છે. માતા-પિતા પુત્રનું પાલન કરે છે ને સ્વાભાવિક રીતે જ ઈચ્છા રાખે છે કે પુત્ર મોટો થઈને અમારું પોષણ કરશે. પરંતુ પરિસ્થિતિ એથી ઊલટી આવે છે ત્યારે એ કામના કે સ્પૃહા જ

દુ:ખ અથવા સંતાપનું કારણ થઈ પડે છે. માણસ લોકસેવક બનીને સેવાના ક્ષેત્રમાં પડે છે ને સેવા કરે છે પણ ખરો, પરંતુ એની સેવા નિષ્કામ કે નિ:સ્વાર્થ નથી રહી શકતી, એટલે એની સેવા ધર્મ, કર્તવ્ય, ફરજ કે સ્વભાવ બનવાને બદલે શરતી બની જાય છે. વેપાર, વ્યવસાય કે વિનિમય થાય છે, ને સેવાની બદલામાં મેવા મેળવવાના અથવા તો પૈસા, પદ ને પ્રતિષ્ઠા મેળવવાનાં એ સ્વપ્નાં સેવે છે. એ સ્વપ્નાં સાચાં ના પડે તો ત્યાં સુધી એને દુ:ખ થાય છે. એ અશાંતિ અનુભવે છે. કેટલીકવાર કાવાદાવા પણ કરે છે, ને નીતિના નિયમોને નેવે મૂકે છે. એનું આખું જીવન જટિલ થાય છે, ડહોળાઈ જાય છે, ને સમાજને માટે પણ સમસ્યારૂપ થાય છે.

માટે જ મહાપુરુષોએ કહ્યું છે કે લાલસા તથા સ્પૃહાનો ત્યાગ કરો ને સેવાનું જે પણ કાર્ય કરો તે કોઈ પણ પ્રકારની પૂર્વશરત વિના, બને તેટલી નિષ્કામ રીતે, એક ધર્મ કે કર્તવ્ય માનીને કરો. એવી રીતે સેવા કરશો તો સંપત્તિ કે વિપત્તિ, હર્ષ અને શોક તથા નિંદા ને સ્તુતિમાં ચલાયમાન થયા વિના મનને સ્વસ્થ રાખી શકશો. સેવા દ્વારા તમે કેવાક પુરસ્કાર તથા પારિતોષિકની આશા રાખો છો ? બીજાને મદદરૂપ થવાથી તમારા અંતરાત્માને જે ઊંડી શાંતિ મળે છે તેમજ જીવનને સફળતાપૂર્વક જીવ્યાનો જે સંતોષ થાય છે તેથી વધારે સુંદર ને મૂલ્યવાન બીજો કયો પુરસ્કાર છે અને એથી ઉત્તમ બીજું કયું પારિતોષિક છે ? અંદરની સંતૃપ્તિ કે શાંતિ વગર બહારનાં પાર્થિવ પારિતોષિકો શું કામ લાગશે ? માટે રાખવી જ હોય તો જેની આગળ બીજાની વિસાત નથી એ ઉત્તમ આત્મિક પુરસ્કારની જ ઈચ્છા રાખો.

☼ ☼ ☼

## ૧૭. જાતમહેનત ને સંયમ

**પ્રશ્ન :** જાતમહેનતથી સંયમ સધાય છે ? અહીં સંયમ એટલે બ્રહ્મચર્ય એવો અર્થ છે.

**ઉત્તર :** એ ખ્યાલ અધૂરો છે કે જાતમહેનતથી સંયમ સધાય છે. હા, એટલું ખરું કે જાતમહેનતથી સંયમમાં મદદ મળી શકે. મહેનત કરો એટલી વખત શરીર ને મન કામમાં રોકાયેલું રહી શકે. પણ તેટલાથી જ કાંઈ સંયમ પૂરો થતો નથી. ખૂબ મહેનત કરનાર પણ સંયમી હોતા નથી એ વાત ખેડૂતોના દ્રષ્ટાંતથી સમજી શકાય છે. આપણી સામે જ બે ખેડૂતો રહે છે. આખો દિવસ ખેતરમાં મહેનત કરે છે. તેમના જેવી જાતમહેનત બીજું કોણ કરવાનું હતું ? છતાં તમે જુઓ છો કે વરસે, દોઢ વરસે તેમને ત્યાં સંતાનનો ઉમેરો થતો જ જાય છે. આનું કારણ શું ? એટલે માનવું જ પડશે કે સંયમનો મુખ્ય આધાર શરીર નહિ પણ મન પર છે. એ મનને વિશુદ્ધ કરી પલટાવી ના શકાય ત્યાં સુધી સંયમ પાળવાનું મુશ્કેલ બને. આના સમર્થનમાં તમે શરીરથી જે જરાપણ શ્રમ કરતા નથી તેવો નિર્વિકાર સાધુસંતોના દ્રષ્ટાંત લઈ શકો. તેમના મન કેળવાયેલા છે, શુદ્ધ છે, એટલે તે સંયમી થઈ શકે છે. એટલે જાત-મહેનતની સાથે સાથે આપણે મુખ્ય ધ્યાન મનની વિશુદ્ધિ પ્રત્યે આપવું જોઈએ.

**પ્રશ્ન :** ઘણા સંન્યાસીઓ કહે છે કે યોગ કે મોક્ષની સાધના માટે ત્યાગ કરીને જંગલમાં જવું જોઈએ. તે વિશે આપનો શો અભિપ્રાય છે ?

**ઉત્તર :** મોક્ષ સાધના માટે જંગલમાં જવું જ જોઈએ એવો દુરાગ્રહ અસ્થાને છે. જેની જેવી પ્રકૃતિ તે પ્રમાણે તેને માટે ત્યાગ કે સંસારના નિયમ હોઈ શકે છે. પણ એક વાત નક્કી છે કે તમે સંસારમાં રહો તો પણ સંસાર તમારામાં રહેવો ના જોઈએ. સંસાર એટલે રાગ ને દ્વેષ, મમતા ને આસક્તિ. કામ ને ક્રોધ. લોભ ને અભિમાન, પામરતા ને સંકુચિતતા. સાધના કરવા માટે માણસે આ ઝેરી તત્વોમાંથી મુક્ત થવાનું છે એ ચોક્કસ છે. તે વિના જંગલમાં પણ માણસ સાધના કરી સફળતાનો આનંદ મેળવી શકે નહી.

સંસારમાં રહીને તમે નિષ્કામ કર્મયોગની સાધના કરી શકો છો. સાત્વિકતાની પ્રાપ્તિ કરી ભગવદ્દભાવ કેળવી શકો છો. એ પછી આગળની જે સાધના છે તેનો માર્ગ પણ ઈશ્વર તમને બતાવશે. મૂળ વસ્તુ અંદરનો ત્યાગ છે તે થવો જોઈએ. બહારનો ત્યાગ કર્મના સંજોગો પર આધાર રાખે છે.

**પ્રશ્ન :** એક ઠેકાણે હું કથા સાંભળતો હતો ત્યારે સાથે સાથે હાથમાં માળા રાખી જપ પણ કરતો હતો. તે જોઈને કથા કરનાર પંડિતજી નાખુશ થયા ને કહેવા લાગ્યા કે તમારે મન એક છે કે બે. મેં કહ્યું, મન તો એક જ છે. તેમણે કહ્યું, તો પછી એક મનથી બે કામ કેવી રીતે થાય ? માળા મૂકીને કેવળ કથાશ્રવણ કરો. પણ મેં તો માળા ના મૂકી. ઊલટું પંડિતજીને કહ્યું કે હું માળા ફેરવવાની સાથે સાથે તમારી કથા પણ સાંભળી શકું છું. તમને માળાનો રસ મળ્યો નથી, તેથી જ તમે આમ ગુસ્સામાં બોલો છો. તો શું કથા શ્રવણ ને મંત્રજપ એક સાથે ના થઈ શકે ?

**ઉત્તર :** જરૂર થઈ શકે. સાચું છે કે મન એક છે, પણ મનની વૃત્તિઓ અનેક છે. તે વૃત્તિઓ એક જ સાથે અનેક પદાર્થોનું ચિંતન કરે છે. તે વૃત્તિને કેળવવાથી કોઈ પણ બાહ્ય કામ કરતાં ઈશ્વરસ્મરણ કે જપ અથવા આત્મનિષ્ઠા ચાલુ રહી શકે છે. તેમાં કોઈ રીતે દોષ આવતા નથી. સાધકે એ જ અવસ્થાએ પહોંચવાનું છે. સંસારનું કોઈ પણ કામ કરતાં કરતાં મનને ઈશ્વરનાં ચરણોમાં કે આત્માની નિષ્ઠામાં રાખવાની ટેવ માણસે પાડવાની છે. એવી ટેવ પાડવાથી હર સમય તૈલધારાવત્ ઈશ્વરાનુસંધાન ચાલુ રહે છે ને માણસ બાહ્ય ક્રિયાઓથી નિર્લિપ્ત રહેવાનું બળ મેળવે છે. એટલે કોઈ પણ ક્રિયા કરતાં કરતાં જપ ચાલુ રાખી શકાય છે. હા, તમારે એવો અભ્યાસ કેળવવો જોઈએ કે જપની એકાગ્રતા ને કથાશ્રવણ જેવા ઉત્તમ કર્મનો આનંદ બંનેમાં તમે મનોવૃત્તિને સંગીન રીતે જોડી શકો. નહિ તો તમે નહિ સાંભળી શકો સારી પેઠે કથા, ને નહિ થાય સુંદર રીતે મંત્રજપ. આવી એકાગ્ર મનોદશા પ્રાપ્ત ના થાય ત્યાં લગી ઈશ્વરપરાયણતા તરફ લઈ જાય તેવું એક જ કામ એકી સાથે કરવું જોઈએ. તેથી વધારે લાભ થશે.

☼ ☼ ☼

## ૧૮. જ્ઞાન વિશે

**પ્રશ્ન :** મને જ્ઞાન વિશે કાંઈ ઉપદેશ આપો.

**ઉત્તર :** જ્ઞાનના કયા સિદ્ધાંતોનો ઉપદેશ જોઈએ છે તે તમારે જણાવવું જોઈએ. તે વિના એમનેમ કાંઈ જ ઉપદેશ આપી શકાય નહીં. કેમ કે અમારો ધંધો ઉપદેશ આપવાનો તો નથી. જ્ઞાન તો અપાર છે. જ્ઞાનીઓએ તેને સાગરની ઉપમાં આપી છે. જ્ઞાન કાંઈ તળાવ કે કૂવો નથી. તે તો અગાધ દરિયો છે. વળી

તેના સિદ્ધાંતરૂપી તરંગો પણ એટલા જ અપરંપાર છે. એટલે તમારે શો ઉપદેશ જોઈએ છે તે ચોક્કસપણે પૂછવું જોઈએ.

વળી ઉપદેશ ગમે તે માણસ આપી શકે નહીં. જેનામાં શાસ્ત્રજ્ઞાન હોય અથવા જેણે વિચાર ને મન દ્વારા જ્ઞાનનો નિર્ણય કર્યો હોય, ને તે જ્ઞાનને જીવનમાં ઊતાર્યું હોય, તે જ પુરુષ જ્ઞાન આપી શકે ને યથાયોગ્ય આપી શકે. ગીતાએ આવા પુરુષોને માટે તત્વદર્શી શબ્દ મૂક્યો છે. તત્વ એટલે આત્મા, પરમાત્મા, શરીરમાં રહેલું ચેતન. તેનું જેણે પોતાના શરીરમાં ને જડચેતનમાં બધે દર્શન કર્યું હોય તે તત્વદર્શી. આવો પુરુષ જે ઉપદેશ આપે તે અનુભવનો જ હોય એટલે તે યથાર્થ હોય, પ્રેરક હોય, ને સીધો તેમજ સચોટ હોય.

**પ્રશ્ન :** તો પછી તમને જે ગમે તેવી વાતનો ઉપદેશ આપો.

**ઉત્તર :** આ તો એવું થયું કે ડોકટરને ત્યાં જઈને કહીએ કે તમને ફાવે તે દવા આપો. એમ કાંઈ દવા મળે ? દર્દ કહેવું પડે, પરીક્ષા કરાવવી પડે, પછીથી દવા મળી શકે. ગંગામાં પાણી હોય તો તેને લેવા હાથ લંબાવવો પડે કે પાત્ર ભરવું પડે, એમનેમ ક્યાંથી કામ થાય ?

જ્ઞાનપ્રાપ્તિને માટે ગીતા ત્રણ આવશ્યકતા ઉપર ભાર મૂકે છે. પ્રથમ તો જ્ઞાનીના ચરણોમાં પ્રણામ કરવા જોઈએ. એટલે એ દ્વારા જાહેર થાય છે કે જિજ્ઞાસુએ પોતાનો મદ, અહંકાર છોડી દીધો છે, ને પોતે નમ્ર થયો છે. આ પછી પ્રશ્ન કરવા પડે છે. ને સાથેસાથે સેવા પણ કરવાની હોય છે. કેમ કે સેવાથી જ જ્ઞાની પ્રસન્ન થાય છે. તે ગૂઢમાં ગૂઢ રહસ્ય પણ જિજ્ઞાસુ આગળ પ્રકટ કરી દે છે. વિના પૂછ્યે મેં તમને જ્ઞાનની આટલી વાત તો જણાવી દીધી. હવે કાંઈ વિશેષ પૂછવું હોય તો કહો.

**પ્રશ્ન :** અદ્વૈત જ્ઞાન વિશે વળી કાંઈક કહો. સાંભળવાનું ઘણું મન થાય છે.

**ઉત્તર:** હાલ તો ગમે તેવો માણસ બેચાર જ્ઞાનના ગ્રંથો વાંચીને અદ્વૈત જ્ઞાનની વાતો કરવા મંડી જાય છે. પંચદશી, પંચીકરણ, વિચારસાગર ને એવા એવા વેદાંતના બે ચાર ગ્રંથ વાંચ્યા એટલે બધા જ માનવા બેસી જાય છે કે અમે જ્ઞાની થઈ ગયા, ને સીધા 'અહં બ્રહ્માસ્મિ' પદે પહોંચી ગયા ! પરંતુ એ તો જ્ઞાનની ભ્રમણા માત્ર છે. જે જ્ઞાન જીવનમાં કામ લાગી શકે નહીં, જેનાથી જીવન શુદ્ધ, ઉજ્જવલ ને બલવાન બની શકે નહીં, જીવનમાં જે અનુભૂતિ બની શકે નહીં, ને જે જ્ઞાન જીવનમાં કર્મમાં મૂર્ત થાય નહીં, તે જ્ઞાનને છેવટનું જ્ઞાન કહી શકાય નહીં. આજે તો વેદાંતની વાતો કરનાર માણસોમાં કામ, ક્રોધ, પંડિતાઈનું અભિમાન ઘર ઘાલીને બેઠું હોય છે. વાતો થાય છે 'અમારામાં ને બ્રહ્મમાં કાંઈ જ ભેદ નથી' એવી, પરંતુ ગુણ સ્વભાવ બધું સાધારણ માણસના જેવું હોય છે. પછી તેમને કેવલ પોપટિયા વાણીને લીધે બ્રહ્મ કેવી રીતે કહી શકાય ? વેદાંત તો કહે છે કે 'બ્રહ્મવિદ બ્રહ્મૈવ ભવતિ' અર્થાત્ જે બ્રહ્મને જાણે છે તે બ્રહ્મ જ થઈ જાય છે. બ્રહ્મની જે શક્તિ, બ્રહ્મનો સ્વભાવ, તે બધું તેનામાં આવી જાય છે. માણસ પામરતાથી ઉપર ઊઠી મહાન ને છેવટે વિરાટ બને છે ને બંધનમાંથી મુક્ત બની પરમ શાંતિને પ્રાપ્ત કરી લે છે.

જ્ઞાન ને વિચાર કે જીવનની વાસ્તવિક્તા વચ્ચેનું અંતર શા માટે રહે છે તેનું કારણ છે, જ્ઞાન પ્રાપ્તિની જે ભૂમિકા આપણે ત્યાં નક્કી થઈ છે તેનું પાલન આપણામાં ભાગ્યે જ થાય છે. જ્ઞાન પ્રાપ્ત કરતાં પહેલાં માણસને બીજી કેટલીક તૈયારીઓ કરવી પડે છે તે તૈયારી થયા પછી જ જ્ઞાનપ્રાપ્તિનો અધિકાર આવ્યો ગણાય છે. આ તૈયારી કેવી હોવી જોઈએ તે વિશે ટૂંકમાં વિચારીએ.

પહેલું પગથિયું વિચાર કે વિવેક છે. વિવેક એટલે સારૂં ને નરસું, સત્ય કે અસત્ય, વિનાશી અને અવિનાશીને પારખવાની શક્તિ. બુદ્ધિમાન માણસો વિવેકી પુરુષને હંસની ઉપમા આપે છે. હંસ વિષે કહેવાય છે કે તેની આગળ દૂધ ને પાણી મૂકો તો દૂધને તે પાણીથી છુટું કરી દે છે. આને નીર-ક્ષીર વિવેક પણ કહે છે. આ વિવેક સંસાર ને જીવનમાં હંમેશા જાગૃત રાખવાનો છે, સંસારમાં સાચું શું છે ને ખોટું શું છે, શું કરવું હિતાવહ ને શું કરવું નુકસાનકારક છે, આ બધું દ્રશ્ય જગત વિનાશી છે કે અવિનાશી, તેનો સ્વસ્થ ચિત્તે વિચાર કરવાનો છે. આવો વિચાર કરીને બેસી રહેવાથી કાંઈ વળતું નથી. વિચારો દ્વારા જેને સાચું માન્યું છે તેને જીવનમાં અપનાવવાનો ને અનુસરવાનો પ્રયાસ કરવો જોઈએ.

જ્યાં વિચાર દ્વારા નક્કી થયું કે જગતની બધી જ વસ્તુ વિનાશી છે, પરિવર્તનશીલ છે, કેવલ ચેતન સત્તા કે ઈશ્વર જ સત્ય છે, એટલે માણસ ઈશ્વરમાં પ્રેમ વધારવાનો ને સંસારની વસ્તુઓમાંથી રાગને દૂર કરવાનો. આને વૈરાગ્ય કહે છે. વૈરાગ્ય એટલે વિરાગ. વિરાગના બે અર્થ છે. એક તો રાગનું વિગત થવું ને બીજું રાગનું વિશેષ પણે હોવું. એટલે ઈશ્વરમાં રાગ વધે ને સંસારના ક્ષણભંગુર પદાર્થોમાં રાગ ને મમતા ઘટે તે વૈરાગ્ય. આ બીજું પગથિયું.

આ પછી આવે છે શમ ને દમ. શમ એટલે મનનો નિગ્રહ. મનની ચંચલતા દૂર થાય, કામ, ક્રોધ, અભિમાન, માન-અપમાન જેવાં દ્વંદ્વોની મન પર થતી અસર દૂર થાય, તેનાથી મન પર થાય ત્યારે મનોનિગ્રહ સિદ્ધ થયો ગણાય. આમાં જપ, ઉપાસના, સત્સંગ ખૂબ મદદ કરે છે. આની સાથે સાથે દમનું મહત્વ મનાયું છે. દમ એટલે ઈન્દ્રિયોનો નિગ્રહ. બ્રહ્મચર્યનું પાલન કરવું, આંખથી બધે પ્રભુનું રૂપ જોવાની ટેવ પાડવી, કાનથી સત્સંગ, વાર્તા કે કથાશ્રવણ કરવું. વાણીથી સત્ય ને મધુર બોલવું, સ્વાદ-જય કરવો એ બધાનો દમમાં સમાવેશ થાય છે.

આ પછી આવે છે ઉપરતિ. સંસારના પદાર્થોમાંથી મન ઉપરામ થઈ જાય, સંસારની ગડમથલમાંથી મન દૂર હટી જાય, તે ઉપરતિ છે. પછી તિતિક્ષા. સુખદુઃખ, ટાઢતાપ, માન-અપમાન, જે પરિસ્થિતિ મળે તેમાં સ્વસ્થચિત્તે રહેવું, તેનું નામ તિતિક્ષા. શાસ્ત્ર કે ઈશ્વરમાં પૂર્ણ વિશ્વાસ તે શ્રદ્ધા. પોતાના માર્ગ વિશે કોઈ શંકા ના હોવી તેનું નામ સમાધાન.

ને છેલ્લે આવે છે મુમુક્ષુત્વ એટલે મુક્તિ મેળવવાની, શાંતિ પ્રાપ્ત કરવાની તીવ્ર ઈચ્છા.

સાધકે આ બધાં અંગોને જીવનમાં ઊતારવા પડે છે. તે પછી જ તે જ્ઞાનનો અધિકારી બની શકે છે. આવી પ્રાથમિક તૈયારીના થાય ત્યાં લગી માણસે સંધ્યાપૂજા, ઉપાસના જેવા નિત્યકર્મ કરવા જોઈએ, અથવા હૃદયશુદ્ધિ સાધી દૈવી સંપત્તિની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવો જોઈએ. આવી તૈયારી કર્યા પછી મુક્તિની તીવ્ર ઈચ્છાવાળા, સ્વસ્થ ચિત્તના, વિકારવશ સાધકે જ્ઞાનોપદેશ લેવા સદ્દગુરુ પાસે જવું જોઈએ. આવો જ સાધક જ્ઞાનપ્રાપ્તિનો અધિકારી છે, એમ ઉપનિષદાદિ શાસ્ત્રો ને જ્ઞાનના સૂર્ય જેવા શંકરાચાર્ય પણ કહે છે. આવા સાધકને ગુરુએ બ્રહ્મતત્વનો ઉપદેશ આપવો એમ આપણે ત્યાં પ્રાચીનકાળથી સ્વીકારાયેલું છે. આ રીતે જ્ઞાન પ્રાપ્ત કરવાને બે ચાર વર્ષનો ભલે વિલંબ થાય, પણ પૂરી તૈયારી પછી જે જ્ઞાન મળશે તે અસરકારક બનશે, દિલના ઊંડાણમાં ઊતરી જશે, ને પરમશાંતિ આપશે. તેવા જ્ઞાનથી જીવનનો વ્યવહાર અને વિચારની વિસંવાદિતા તદ્દન દૂર થઈ જશે, ને માણસ જે વિચારશે કે બોલશે તે તેના કર્મોમાં, મુર્તિમંત

થયેલું જણાશે. આવું જ જ્ઞાન વાસ્તવિક અર્થમાં જ્ઞાન છે.

હવે તમે વિચાર કરો કે જ્ઞાનની મોટીમોટી વાતો કરનારા માણસોમાં આ પૂર્વભૂમિકા દેખાય છે ? પછી જ્ઞાન જીવનમાં પચે ક્યાંથી ? જ્ઞાન આપનારા ગુરુ પણ કેટલા છે ? ક્ષત્રિય બ્રહ્મનિષ્ઠ એટલે ઈશ્વર દર્શન કરી ચૂકેલ પુરુષ જ ગુરુ થઈ શકે છે, ને ઉત્તમ માર્ગ બતાવી શકે છે. આ બેય પરિપાટી—આ બંને પ્રકારની યોગ્યતાનો આપણે ત્યાં ભંગ થયેલો હોવાથી જ્ઞાન આપણે ત્યાં વધારે ભાગે ભારરૂપ રહ્યું છે ને માણસને બંધનમાંથી મુક્ત કરવાને બદલે તેને બંધનમાં વધારે ને વધારે જકડતું જાય છે.

☼ ☼ ☼

## ૧૯. કૃષ્ણ - સુદામા

**પ્રશ્ન :** આ પંડિતજીએ કૃષ્ણ ને સુદામાની કથા કહી, તેમાં રસ આવ્યો. પણ તેનો સાર શો છે તે કહેવા કૃપા કરશો ?

**ઉત્તર :** પહેલાં ભક્તિની રીતે વિચારીએ. સુદામા વિશ્વાસપૂર્વક કૃષ્ણની પાસે જાય છે. એક રીતે કહો કે થોડા સમય પૂરતો તેને શરણે જાય છે. કૃષ્ણ ભગવાન તેનો પ્રેમથી સત્કાર કરે છે. સુદામાના તાંદુલ પણ પ્રભુ ખાય છે ને તેમાં અજબ સ્વાદ અનુભવે છે. તાંદુલ એટલે પ્રેમની પ્રસાદી, ભલે તે શબરીના જેવી એઠાં બોરની જ હોય છતાં, પ્રભુને ખૂબ પ્રિય લાગે છે. સુદામાં જ્યારે કૃષ્ણની વિદાય લે છે ત્યારે કૃષ્ણે તેને કાંઈ જ આપ્યું નથી એમ તેને લાગે છે, પણ પ્રભુનું વિશ્વાસપૂર્વક લીધેલું શરણ કદી મિથ્યા થતું નથી એ વાત સુદામા ને ઘરે આવ્યા પછી સમજાય છે. પ્રેમભાવે ભગવાનનું શરણ લો તો તમારી બધી જ ઈચ્છા - પછી તે ભલેને લૌકિક સુખ કે સમૃધ્ધિ માટેની હોય કે પરમ જ્ઞાન કે નિર્વાણ માટેની હોય, પ્રભુ પૂરી કરે જ છે. એ અમુલખ ઉપદેશ સુદામાના ચરિત્રમાંથી આપણને મળે છે. માટે સાંસારિક દુઃખ ને દર્દથી હતાશ કે નિરાશ થવાને બદલે વિશ્વાસને જાગૃત રાખી હરેકે પ્રભુને યાદ કરવા જોઈએ, પ્રભુ ને શરણે જવું જોઈએ, ને પ્રભુ ને પ્રેમ કરવો જોઈએ. પ્રભુનો પ્રેમ કદાપિ નિષ્ફળ જતો નથી. તે આપણો તદ્દન નિકટનો સાથી, પ્રાણ, જે કૈં કહો તે છે. ને તેની તે આપણી સગાઈ આ જન્મ પૂરતી જ નહિ પણ જન્મજન્માંતરની છે.

જ્ઞાનની રીતે આનો વિચાર કરવો હોય ને સાર લેવો હોય તો પણ લઈ શકાય છે. સુદામા ને કૃષ્ણ પહેલા ઘનિષ્ઠ મિત્રો હતા. પાછળથી તે છૂટા પડ્યા. એક પૃથ્વીપતિ થઈ ને બેઠો ને બીજો દરિદ્ર ને દુઃખી થયો. આ વાત શું કહે છે, ખબર છે ? સુદામા ને કૃષ્ણ એ જીવાત્મા ને પરમાત્માના રૂપક સમજો તો સહેલાઈથી સમજી શકાશે . જીવાત્મા ને પરમાત્મા એક હતા. તેમની વચ્ચે મિત્રતા હતી ત્યાં લગી અપાર આંનદ હતો. પણ જીવાત્મા પરમાત્માથી જુદો પડ્યો ત્યારથી દુઃખ શરૂ થયું. જીવાત્મારૂપી સુદામા સંસારમાં પડ્યો, સ્ત્રીપુત્રોની મમતામાં પડ્યો, ને તેના પરિણામે દીન, હીન, દરિદ્ર ને બેહાલ બની ગયો. પોતાની સ્ત્રીરૂપી ગુરુનો તેને ઉપદેશ મળ્યો ત્યારે તે સમજ્યો કે કૃષ્ણ જેવો મિત્ર છે તો તેની પાસે શા માટે ના જવું. તેને પોતાના સ્વરૂપનું-પરત્માનું મિલન કરવાની ઈચ્છા થઈ. જ્યારે તે પરમાત્મારૂપી કૃષ્ણની પાસે ગયો ને તેની લીલા જોઈ, તેમજ તેનો મહિમા જાણ્યો, ત્યારે તેનુ બધું દુઃખ દૂર થઈ ગયું, ને પરમાત્મા ને તેની

વચ્ચેનું ભેદરૂપી અંતર ટળી ગયું એટલે તે પણ પરમાત્માની પેઠે જ ઐશ્વર્યવાન ને સુખી થઈ ગયો.

આ જ વાત ને ઉપનિષદ પોતાની અનોખી શૈલીમાં કહી બતાવે છે.

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति ॥६॥
समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः ।
जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः ॥७॥

'એક વૃક્ષ પર બે પક્ષી વાત કરે છે. તેમાંનુ એક ફળનો ભોગ કરે છે એટલે તેના સારા-નરસા સ્વાદથી તેને સુખદુઃખ થાય છે. જ્યારે તે બીજા પક્ષીને જુએ છે ત્યારે તેને તેના નિર્મમ નિર્વિકાર સ્વરૂપનું જ્ઞાન થાય છે, ને તે પણ નિર્મમ ને નિર્વિકાર બની દુઃખ ને શોકથી પર થાય છે.'

આ બે નાના મંત્રોમાં બહુ રહસ્ય ભરેલું છે. સુદામા ને કૃષ્ણ બેય આ શરીરરૂપી વૃક્ષમાં બેઠેલા જીવાત્મા ને પરત્મા છે. જીવાત્મા પરમાત્માથી દૂર છે, માટે દુઃખી છે. પણ જ્યારે તે પરમાત્માનું શરણ લે છે, ને પરમાત્માના મહિમાને સમજે છે, ત્યારે તેનું બધું જ દુઃખ દૂર થઈ જાય છે. આ વાત કહી જાય છે કે બધા જ દુઃખોનું મૂળ કારણ સ્વરૂપના જ્ઞાનનો અભાવ છે ને સ્વરૂપના જ્ઞાનની જાગૃતિ થતાં, તેમાં પ્રતિષ્ઠા થતાં, માનવનાં બધા જ નાનામોટા દુઃખ ટળી જાય છે, ને તેને પરમ સુખ તેમજ શાંતિની પ્રાપ્તિ થાય છે. દુઃખ તેમજ શોકને દૂર કરવા સંસારની મમતા ને આસક્તિના બંધનો જ્ઞાનવિચાર દ્વારા કાપી નાખી પરમાત્માના મિલનનો પરમ આંનદ પ્રાપ્ત કરવાની જરૂર છે.

☼ ☼ ☼

## ૨૦. સંધ્યાપૂજાની જરૂર ખરી ?

**પ્રશ્ન :** સંધ્યાપૂજાની જરૂર છે કે નહિ ? દેવદર્શન, ઉપાસના પ્રત્યે આજે ઘણા લોકો તિરસ્કારથી જુએ છે. તો તે વિશે આપનો શો મત છે ? કર્મ કરવાની જરૂર ખરી ?

**ઉત્તર:** સંધ્યાપૂજા-ઉપાસના જેવા કર્મ દરેકે કરવા જોઈએ. તેનાથી મનની ચચંલતા મટે છે ને હૃદયશુધ્ધિ થાય છે. સર્વ પ્રકારના કર્મ તેમજ સંધ્યોપાસના જેવા નિત્યકર્મ કેવળ એક જ માણસ ના કરે તો ચાલે, ને તે બ્રહ્માનંદમાં સતત રહેનારો બ્રહ્મનિષ્ઠ જ્ઞાની. આવો પુરુષ હરેક સમયે આત્માનંદમાં મગ્ન રહે છે, સ્થાવર જંગમમાં બધે જ પોતાના સ્વરૂપને નિહાળે છે, પરમાત્માને જુએ છે ને તેને કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવાની સ્પૃહા કે ઈચ્છા નથી. આવા પુરુષે કર્મ કરીને કાંઈ જ પ્રાપ્ત કરવાનું નથી ને ના કરીને કાંઈ ગુમાવવાનું પણ નથી.

કર્મના બે ઉદ્દેશ છે - એક તો પ્રાથમિક ઉદ્દેશ ને બીજો આત્યંતિક ઉદ્દેશ. કર્મનો પ્રાથમિક ઉદ્દેશ ચિત્તશુદ્ધિનો છે ને છેવટેનો ઉદ્દેશ આત્મદર્શન કે ઈશ્વરપ્રાપ્તિનો છે. આ બંને ઉદ્દેશ પૂર્ણ જ્ઞાનીએ કર્મ કરી પૂરા પાડ્યા હોય છે એટલે તેને કર્મની જરૂર નથી. આવો જ્ઞાની પુરુષ લોકહિતાર્થે પોતાની શક્તિઓનો ઉપયોગ કરે, એ ખૂબ સારું છે. ને તેવા કર્મ ઘણી વાર જ્ઞાની કરે છે. પણ તે કર્મ અહંતા ને મમતાના બંધનથી તેને

બાંધતા નથી, એ ધ્યાનમાં રાખવાનું છે. ગીતા કહે છે કે –

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च सन्तुष्टस्तस्य कार्यं न विद्यते ॥३-१७॥

કારણ કે -

नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥३-१८॥

છતાં પણ આવો જ્ઞાની પુરુષ લોકસંગ્રહ માટે કામ કરી શકે તો સારું એમ બતાવવા પ્રભુ પોતાનું દ્રષ્ટાંત મૂકી કહે છે કે મારી કોઈ જ ઈચ્છા નથી. હું બધી રીતે પૂર્ણ છું, છતાં લોકહિતાર્થે કર્મ કરું છું. કેમ કે તેમ ના કરું તો લોકો પણ આળસુ બની જાય છે.

માટે કર્મ તો કરવા જોઈએ. તે કર્મ આત્મહિત માટે હોવા જોઈએ. સંસારી માણસો જેમ સંસારના કામકાજ ને વ્યવહારમાં રાત દિવસ પડે છે, તેમ આદુ ખાઈને ઈશ્વરપ્રાપ્તિને માટે, આત્માનંદને માટે મથવુ જોઈએ. એ ઈશ્વરપ્રાપ્તિ થઈ જાય પછી પણ કરુણાથી પ્રેરાઈ, પોતાની શક્તિ પ્રમાણે નિઃસ્વાર્થભાવે સંસારના હિત માટે કર્મ કરવા જોઈએ. જે લોઢામાંથી સોનાનો ટુકડો થઈ ગયો છે તેને પછી કર્મનો કાટ ચઢવાનો ભય નથી. તેના પ્રભાવથી , ઊલટુ કૈંકના કાટ દૂર થઈ જશે ને કેટલાઈના મેલ ધોવાઈ જશે.

ફરીવાર ગીતાનો અભિપ્રાય જાણવો હોય તો અઢારમો અધ્યાય જુઓ, તેમાં સ્પષ્ટ કહ્યું છે કે –

यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥१८-५॥

ભાવાર્થ : યજ્ઞ દાન ને તપરૂપી કર્મ સૌએ કરવાં જ જોઈએ. કેમ કે તે માનવને વધારે પવિત્ર ને ઉજ્જવલ કરનારા છે.

આમાં સંધ્યોપાસનાદિ કર્મ તપમાં સમાય જાય છે, ને લોકહિતાર્થ કરાતા બીજા કામ યજ્ઞ ને દાનમાં ગણાય છે.

☼ ☼ ☼

## ૨૧. ગતિ વિશે

**પ્રશ્ન :** ગીતામાં એક ઠેકાણે કહ્યુ છે કે અંત સમયે જેવી ભાવના થાય તેવી ગતિ થાય છે. ને વળી કહે છે કે જીવનનાં બધાં જ કર્મ પ્રમાણે માણસને ફળ મળે છે. તો તે બેમાં સાચું શું માનવું ?

**ઉત્તર :** બેય વસ્તુ સાચી છે ને બંનેનો વિચાર સાથે કરવાનો છે. અંતકાળે માણસ જે ભાવના કરે છે તે પ્રમાણે તેની ગતિ જરૂર થાય છે. પણ તેની ભાવના કાંઈ તરત થઈ જાય નહીં. જીવનભર માણસ જેનો વિચાર કે અભ્યાસ કરે, તે જ વસ્તુ તેના સૂક્ષ્મ મનમાં સમાઈ જવાની ને અંતકાળે પણ તેની જ ભાવના થવાની. તમે સાધારણ સંસારી માણસનો વિચાર કરો. તેને ઊંઘમાં પણ સંસારના સ્વપ્ન આવે છે ને તેમાં તે બકવાદ કરે છે. તે જ પ્રમાણે જેણે જીવનભર ઈશ્વરસ્મરણ કર્યું હોય, તેને ઈશ્વરસ્મરણ અનાયાસે થવાનું ને અંતકાલે તેનું મન ઈશ્વરમાં જ જવાનું. મરણ પહેલાં માણસો દસ-દસ પંદર-પંદર દિવસથી બેભાન થઈ

જાય છે, મરણ સમયે બોલવાના હોશકોશ ઉડી જાય છે, રગ ખેંચાય છે, ને મૂંઝવણ થાય છે. આવે વખતે સારી ભાવના તેને ક્યાંથી થાય ? એ તો હમેંશની ઈશ્વરસ્મરણની જેને ટેવ હોય તે જ ઈશ્વરસ્મરણ કરી શકે ને પરમાત્માની પ્રાપ્તિ કરી શકે. માટે છેવટની વૃતિ સુધારવા જીવનની હંમેશની વૃતિ ને પ્રત્યેક ક્રિયાને સુધારવાની જરૂર છે. ગીતાના આ વિશે બે સુંદર શ્લોકો છે –

**अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।**
**यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥८-५॥**

‘જે અંતકાળે મારું સ્મરણ કરતાં દેહ છોડે છે તે મને પ્રાપ્ત કરી લે છે.’

પણ તે સ્મરણ એકદમ નહિ થાય. જીવનભર દુષ્કર્મો કર્યાં હશે તો તે તેમાં જ જશે. માટે

**तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च ।**
**मय्यर्पित मनोबुद्धिर्मामेवैष्यस्य संशयम् ॥८-७॥**

‘તું હર સમય મને યાદ કરજે ને જીવનસંગ્રામમાં તારો વ્યવહાર કરજે. તેમ કરવાથી તારા મન, બુદ્ધિ મારાં જોડાઈ જશે ને પછી તું છેવટે મને પ્રાપ્ત થઈશ, એમાં શંકા નથી.’

આ માટે હમણાં જ થઈ ગયેલા મહાત્મા ગાંધીજીનું દ્રષ્ટાંત લો. તેમને માથે દેશના કામનો કેટલો ભાર હતો ! છતાં જયારે તેમને ગોળી વાગી ત્યારે તેના મુખમાંથી ‘મારા દેશનું શું થશે ?’ એવો અવાજ નીકળવાને બદલે ‘હે રામ’ એવા જ શબ્દો નીકળ્યા. કેમ કે એ મહાપુરુષે જીવનભર તનથી કર્મ કરતાં મનથી રામરામ ચાલુ રાખ્યું હતું ને હદયમાં રામને રાખી રામના રસથી ચિત્તને ભરી દીધું હતું. આવી રીતે જીવનને ઉત્તમ, ભાવનાપરાયણ ને ઈશ્વરપરાયણ બનાવવાની જરૂર છે.

☼ ☼ ☼

## ૨૨ . આશ્રમનો વિચાર

**પ્રશ્ન :** એક પ્રશ્ન પૂછવાનું લાંબા સમયથી મન થાય છે. ખરી રીતે તો એમ થાય છે કે પહેલાં બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, પછી વાનપ્રસ્થાશ્રમ ને છેવટે સંન્યસ્તાશ્રમ કરવો જોઈએ. તમે શરૂઆતથી જ ત્યાગ કરી હિમાલયમાં રહો છો તો ગૃહસ્થાશ્રમની ફરજ ચૂક્યા છો એમ ના કહેવાય ?

**ઉત્તર:** અમે કોઈ પણ ફરજ ચૂક્યા નથી. ઊલટું માનવમાત્રની જે ઉચ્ચોચ્ચ ફરજ છે - પરમાત્માની પ્રાપ્તિની - તે માટે પુરુષાર્થ, તે ફરજનું પાલન કરી રહ્યા છીએ. આ માનવશરીર તેને જ માટે છે. તે કરવું એટલે કે પરમાત્માનું દર્શન કરવું એ જ જીવનનો સર્વોચ્ચ પુરુષાર્થ છે. તે પુરુષાર્થ કરવો તે માનવની સૌથી પ્રથમ ને છેવટની ફરજ છે. તે ફરજ અમે બજાવી રહયા છીએ.

તમે જે આશ્રમના ક્રમ વિશે કહ્યું તે ક્રમ શાસ્ત્રોમાં બતાવ્યા છે. તેવા ક્રમ પ્રમાણે ચાલવામાં સાધારણ માનવનું હિત રહેલું છે. પરંતુ તેનાથી જુદો એવો બીજો ક્રમ પણ શાસ્ત્રો બતાવે છે. તે ક્રમ કૈંક ઊચી કોટિના પુરુષો માટે છે. જેમને સંસારના વિષયોમાં પ્રીતિ નથી, કામિની-કાંચન કે લૌકિક વાહ વાહની જેને ઈચ્છા, સ્પૃહા કે વાસના નથી, જેને જણાયું છે કે સંસારની બધી જ વસ્તુ વિનાશી છે, જીવન ક્ષણભગુંર છે, ને એક

ઈશ્વર જ અવિનાશી ને પ્રાપ્ત કરવા યોગ્ય છે, તેની પ્રાપ્તિ વિના જીવનમાં સુખશાંતિ સંભવિત નથી, એ જ્ઞાન જેને સારી પેઠે થઈ ગયું છે, ને જેનું મન ઈશ્વરપ્રાપ્તિ કે આત્મદર્શન માટે લાલાયિત છે, તેને માટે તો શાસ્ત્રો બ્રહ્મચર્યાશ્રમમાંથી જ સીધા ત્યાગનો ઉપદેશ કરે છે.

'જે ક્ષણે સંસારમાંથી મન ઉઠી જાય ને ઈશ્વરપ્રાપ્તિ માટે અંતર આતુર થાય તે જ ક્ષણે ત્યાગ કરી ઈશ્વર માટે સાધના કરવા એકાંતમાં ચાલ્યા જવું.' એમ શાસ્ત્રો કહે છે. 'યદહરેવ વિરજેત્ તદહરેવ પ્રવ્રજેત્' એ આ સંબંધી વિખ્યાત શાસ્ત્રવચન છે. અલબત્ત, આટલી બધી ઊંચી યોગ્યતા હરેકમાં હોતી નથી, પણ કેટલાક બડભાગી પુરુષોમાં બાલપણથી હોય છે પણ ખરી, એ વાત ભૂલવા જેવી નથી. શંકરાચાર્ય, શુકદેવ, અષ્ટાવક્ર, ધ્રુવ, પ્રહ્લાદ, વિવેકાનંદ, એકનાથ ને જ્ઞાનેશ્વર તેમજ દયાનંદ સરસ્વતી - એ બધા આવા બડભાગી મહામાનવનાં ઉત્કૃષ્ટ ઉદાહરણ છે ને એવા પુરુષો કોઈ પણ કાળે પ્રગટી શકે છે. તેમને માટે આશ્રમોનાં ક્રમનો દુરાગ્રહ રાખવો અસ્થાને છે. તે જ વાત અમારા સંબંધી લાગુ પડે છે.

હવે જો બીજી રીતે વિચાર કરશો તો જણાશે કે આશ્રમનો જે ક્રમ આપણે ત્યાં પ્રાચીનકાળમાં હતો તો આજની પરિવર્તન પામેલી દશામાં શક્ય નથી. આજે માણસનું આયુષ્ય ૧૦૦ વર્ષનું છે જ નહિ તો પછી ૧૦૦ વર્ષની વય નિર્ધારિત કરીને ગોઠવેલો ક્રમ આજે શું ખપ લાગશે ! તે ઉપરાંત આજની પરિસ્થિતિમાં શાસ્ત્રોક્ત રીતે આશ્રમપાલન તદ્દન અસંભવ જેવું છે. શાસ્ત્ર કહે છે કે વાનપ્રસ્થાશ્રમીએ વનમાં જવું જોઈએ, ત્યાં (સ્ત્રી હોય તો) સ્ત્રી સાથે રહી વનમાં ફળફૂલ ને કંદમૂળ ખાવા જોઈએ. પણ અત્યારે વનમાં ફળફૂલ જ મળે એવી સ્થિતિ નથી તો એવા નિયમનું પાલન ક્યાંથી થવાનું હતું ? એટલે પલટાયેલી દશામાં આપણે વિચાર કરીને સમયને અનુકૂળ વ્યવસ્થા કરવી જોઈએ. એનો અર્થ એમ નથી કે આશ્રમધર્મનું ચોકઠું ઉડાવી દેવું. આશ્રમની વ્યવસ્થા માનવવિકાસ માટે જરૂરી છે. પણ વર્ષોનો જે ક્રમ છે તેમાં આપણે પુનર્વિચાર કરવો પડશે. બ્રહ્મચર્યાશ્રમ તો ૨૫ વર્ષનો જ રહેવો જોઈએ. તે તો ખૂબ જરૂરી છે. પણ ગૃહસ્થાશ્રમમાં એવી વ્યવસ્થા હોવી જોઈએ કે માનવને ત્યાગની જરૂર ઓછી રહે. ગૃહસ્થાશ્રમમાં ભોગનો સમય તદ્દન મર્યાદિત હોવો જોઈએ, વાનપ્રસ્થને બદલે તદ્દન સંન્યાસ હોવો જોઈએ, અને વધારામાં ત્યાગની ઈચ્છાવાળા પુરુષે ગૃહસ્થાશ્રમમાં જ કેળવણી મેળવતા વચ્ચે વચ્ચે વાનપ્રસ્થાશ્રમનો આનંદ લૂંટવા એકાંતનો આશ્રય લેતા રહેવું જોઈએ.

આ તો આપણે જરા બીજી વાત પર ઊતરી ગયા. પણ મુખ્ય વિચારવાની વાત તો એ છે કે જેને ઈશ્વરપ્રાપ્તિ કરવી હોય તેણે તો એક પણ દિવસ નકામો ખોવાને બદલે સંસારના મોહની સાંકળ તોડીને 'જાગ્યા ત્યાંથી સવાર' માની બનતી વ્હેલી તકે ઈશ્વરપ્રાપ્તિની સાધનામાં લાગવું જોઈએ. આ શરીરનો શો વિશ્વાસ છે ? તે ક્યારે પડી જશે તે કોણ કહી શકે તેમ છે ? ને જે કામ જુવાનીમાં થાય છે તે મોટી ઉંમરે કે વૃદ્ધાવસ્થામાં ભાગ્યે જ થાય. તપ, જપ ને ઊંડી સાધના કરવા મજબૂત મન જોઈએ. કટાઈ ગયેલું શરીર ને નિર્બળ મન ઈશ્વરપ્રાપ્તિ ના કરી શકે. ને વિષયભોગમાં બધી જ શક્તિ ક્ષીણ થઈ જાય પછી નીરસ શરીરથી તમે પ્રભુ કરતાં મૃત્યુને વહેલા મેળવવા લાયક રહો છો. માટે બુદ્ધિશાળી પુરુષે તો જરાય રાહ જોયા વિના વહેલામાં વહેલી તકે ઈશ્વરપ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવો જોઈએ. ને છેલ્લા જીવનમાં ઈશ્વરપ્રાપ્તિનો આનંદ માણવાની સાથે સાથે બીજાને માર્ગદર્શક થવું જોઈએ.

☼ ☼ ☼

## ૨૩ . આત્માનો અનુભવ

**પ્રશ્ન :** આત્મા છે તો પછી દેખાતો કેમ નથી ?

**ઉત્તર :** હવામાં સેંકડો જંતુ છે, પણ તે તમને દેખાય છે ? પણ જો સૂક્ષ્મદર્શક યંત્રથી જુઓ તો દેખાય એમ વૈજ્ઞાનિકોનું કહેવું છે. કેમ કે આ જંતુ ઘણા સૂક્ષ્મ છે. તેવી જ રીતે આત્મા અત્યંત સૂક્ષ્મ છે. તેને જોવા માટે વૃત્તિની સૂક્ષ્મતાની જરૂર છે. યોગી કે જ્ઞાની કહે છે કે આવી સૂક્ષ્મ વૃત્તિ સમાધિ દરમ્યાન થઈ શકે છે. જેનું હૃદય ખૂબ શુદ્ધ થઈ ગયું હોય તેને જ સમાધિ થઈ શકે છે ને તેવા જ પુરુષો સમાધિ દશામાં પરમાત્મ તત્વને જોઈ શકે છે.

શંકરાચાર્ય વિવેક ચુડામણી નામના ગ્રંથમાં આ જ વાત કહે છે. ને ગીતા પણ કહે છે કે મૂઢ માણસો આ આત્માને જોઈ શકતા નથી. પણ જેમના જ્ઞાનચક્ષુ ઊઘડી ગયાં હોય તે જ માણસો પ્રયત્ન કરતાં કરતાં શરીરની અંદર રહેલા આત્માને જોઈ શકે છે.

उत्क्रामन्तं स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम् ।
विमूढा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः ॥१५-१०॥
यतन्तो योगिनश्चैनं पश्यन्त्यात्मन्यवस्थितम् ।
यतन्तोऽप्यकृतात्मानो नैनं पश्यन्त्यचेतसः ॥१५-११॥

ગીતાના શ્લોકો ઉપરના જ ભાવાર્થને કહી રહ્યા છે.

**જિજ્ઞાસુ :** માનવ, દેવ ને પરમેશ્વર પણ શું છે તે કહેવા કૃપા કરશો ?

**ઉત્તર :** આ વસ્તુ વિશે એક જુદી જ દ્રષ્ટિથી આપણે વિચારીએ છીએ. આ દુનિયામાં જેટલાં માણસો છે તેમાંથી માણસ કહી શકાય તેટલાં બહુ જ ઓછાં છે. એટલે કે માણસાઈના ગુણ તેમનામાં ભાગ્યે જ દેખાય છે. જેનામાં માણસાઈ નથી, તેને બહારના રૂપરંગથી કાંઈ માણસ કહી શકાય નહીં. જ્યારે માણસમાં પશુના કરતાં કાંઈ વિશેષતા નથી રહેતી, ત્યારે તેને માનવપશુ કહેવો જોઈએ. તમે વિચાર કરશો તો જણાશે કે ખાવું, પીવું, ઊંઘવું, ભય તેમજ મૈથુન એટલે ભોગની લાગણીઓથી પરવશ બનવું—આ બધું માનવ તેમજ પશુઓમાં સરખું છે. માણસમાં જ્યારે આના કરતાં કોઈ વિશેષ વિકાસ જોવા મળે ત્યારે જ તે પશુ કરતાં આગળ વધ્યો ગણાય. આજે વધારે ભાગના માણસોમાં આ જ પ્રવૃત્તિઓનું પ્રાધાન્ય છે, એટલે ગમે તે રીતે આજીવિકા મેળવી, સ્ત્રી ને ભોગ્ય પદાર્થોની લિપ્સામાં રત રહેવું, એ માણસમાં દેખાય છે. ઉપરાંત માણસને ભય પણ ઘણો છે, પછી તે ભય ગમે તે પ્રકારનો હોય.

આ દશા છેક નીચી દશા છે. આથી આગળ વધીને માણસે માનવતા જગાડી માનવ બનવાનું છે. માનવતાનાં લક્ષણો કયા છે ? સત્ય, દયા, સેવા, ક્ષમા, ન્યાય, પવિત્રતા, પ્રેમ, દાન, જ્ઞાન - આ બધાં માનવતાનાં લક્ષણો છે. આ સદ્દગુણોને જીવનમાં ઊતારવાથી જ માણસ સાચા અર્થમાં માનવ બની શકે છે. તેનાથી ઊલટું, અવગુણોવાળો માણસ માણસાઈથી રહિત હોઈ રાક્ષસ કે પશુતુલ્ય જ છે.

આ ઉપરાંત માનવને બુધ્ધિ મળી છે. પોતાની વિવેકશક્તિ દ્વારા સારાસારનો વિચાર કરીને માણસે

સત્ય ને અસત્ય, ભલું ને બૂરું તેમજ ધર્મ ને અધર્મનો ભેદ શોધવાનો છે. સંસારના બધા જ પદાર્થ વિનાશી છે તો પછી અવિનાશી શું છે ? વિવેક દ્વારા માણસે વિચારવાનું છે કે શરીરની અંદર રહેલું ચેતનતત્વ, શરીર પડ્યા છતાં કાયમ રહે છે, ને હું કહીને સંબોધાતી વસ્તુ તે ચેતન જ છે, નહિ કે કેવળ સ્થૂળ શરીર. આ ચેતનતત્વ કે આત્માને મેળવવા માનવનું દિલ તલસે છે. જ્ઞાની તેને શરીરની અંદર જોઈ શકે છે, ને પ્રેમી કે ભક્ત શરીરની બહાર તે ઈશ્વરી તત્વનો પરમેશ્વરરૂપે સાક્ષાત્કાર કરે છે. આટલું થાય એટલે માણસ દેવ બની જાય છે એટલે કે આ જ શરીરમાં રહીને દેવતુલ્ય મહાન ને વંદનીય બની જાય છે.

આવો પુરુષ ઈશ્વરતુલ્ય બની જાય છે. એટલે કે ઈશ્વરની જેમ તે પણ સર્વસમર્થ, સર્વજ્ઞ ને સર્વવ્યાપક બની જાય છે. પોતાના આત્માને તે જગતમાં સર્વત્ર જુએ છે. માનવમાંથી આ રીતે પરમેશ્વર બની માણસ સંપૂર્ણ રીતે મુક્ત ને પૂર્ણ બને છે.

માનવજીવનમાં આટલી બધી શક્યતા રહેલી છે. માટે શરૂઆતમાં સાચા માનવ બની આત્મોન્નતિને પંથે માણસે વળવું જોઈએ. કેવળ પશુ કે રાક્ષસ થઈને જીવવું ના જોઈએ.

**પ્રશ્ન :** ‘જગદ્દગુરુ’ વિશે કાંઈક કહેશો ?

**ઉત્તર :** અત્યારે તો ગમે તેવા સાધુસંન્યાસી પોતાની ડીગ્રી તરીકે પોતાના નામની આગળ જગદ્દગુરુ શબ્દ મૂકી દે છે, ને પોતાને જગદ્દગુરુ તરીકે ઓળખાવે છે. આ એક અનિષ્ટ જ છે, ને સાધુ સંતોને જરાય શોભા આપનારું નથી. શ્રી આદ્ય શંકરાચાર્યને જગદ્દગુરુ કહેવામાં આવે છે પણ તેમાં કારણ રહેલું છે. તેમના અમૂલ્ય તત્વજ્ઞાનના સિદ્ધાંતો પૂર્વ ને પશ્ચિમની જનતાના દિલમાં ઘર કરી ગયા છે. આ રીતે વિચાર કે જ્ઞાનની દુનિયામાં તે ગુરુપદે વિરાજેલા છે. એવી રીતે બુધ્ધ, ઈશુ, કૃષ્ણ, રામ ને મહમ્મદ કે જરથુસ્ત અને પ્લેટો કે સોક્રેટિસ જેવાના જીવનોપદેશ દુનિયાના લોકોને ભેદભાવની દીવાલોને તોડી નાખીને પ્રેરણા આપે છે. તેથી તેમને પણ જગદ્દગુરુ કહી શકાય. જગદ્દગુરુ શબ્દ આપણે ત્યાં આધ્યાત્મિક અર્થમાં જ વપરાયો છે એ ધ્યાનમાં રાખવાનું છે. માટે આધ્યાત્મિક વિભૂતિઓને માટે જ તેનો ઉપયોગ થઈ શકે છે. આ વિભૂતિઓએ પોતાને માટે જગદ્દગુરુપદનો દાવો કર્યો નથી, પણ લોકોએ તેમની યોગ્યતા જોઈને તેમને જગદ્દગુરુ કહ્યા છે. રામકૃષ્ણદેવ, વિવેકાનંદ ને રામતીર્થ, ગાંધીજી જેવા મહાન સંત-ઉપદેશકો સંબંધી પણ આવું છે. જયારે અત્યારે તો કેટલાક સંતસાધુઓ પોતાની મેળે જ પોતાને જગદ્દગુરુ કહેવડાવે છે. જગદ્દગુરુ તરીકે જગતને શું સમગ્ર દેશને પણ તે કાંઈ પ્રેરણા કે સંદેશ દઈ શકતા નથી. આ એક મોહ જ છે. કોઈ પોતાને મહાત્મા કે જગદ્દગુરુ માને તેથી તે તેવો થઈ શકતો નથી. તેની અનિચ્છા હોવા છતાં બીજા જ તેના ગુણ જોઈ તેને મહાનતા આપવાની ચેષ્ટા કરે છે. સાચા મહાત્માએ ડીગ્રીનો મોહ છોડીને યોગ્યતા સંપાદન કરવાના મોહમાં પડવાની જરૂર છે. તેથી જગદ્દગુરુ તો શું ત્રિભુવનગુરુ થવાનું બળ આવશે. આ માટે સૌથી પહેલાં પોતાના શરીર ને મન રૂપી જગતના ગુરુ થવાની જરૂર છે.

**પ્રશ્ન :** રુદ્રાક્ષની માળા બનાવીને કંઠમાં પહેરવી હોય તો સોનાની અંદર બનાવવી કે તાંબામાં ?

**ઉત્તર :** દોરામાં બનાવવી સૌથી ઉત્તમ છે, છતાં પણ શ્રીમંતાઈને લીધે દોરો ના ગમતો હોય તો સોનામાં કે તાંબામાં બનાવી શકાય છે. પણ એ એટલું મહત્વનું નથી. મહત્વની વાત તો એ છે કે તમારા મન ને હૃદયના તારેતારમાં પ્રભુના નામની માળા પરોવાઈ જવી જોઈએ ને પ્રભુની શરણાગતિ ને તેના

નામનો આનંદ તમારા જીવનમાં ફરી વળવો જોઈએ. સૌથી વધુ ધ્યાન આ વસ્તુ સાધ્ય કરવા તરફ આપવું જોઈએ. જીવનની સફળતા તેથી જ થાય છે.

**પ્રશ્ન :** પણ માળા પહેરવી હોય તો વાંધો છે ? તે કેવી રીતે પહેરવી ?

**ઉત્તર :** માળા પહેરવામાં વાંધો કાંઈ જ નથી. માણસો નકામા ઘરેણાં પહેરે છે, તેના કરતાં તો માળા સૌથી મોટું ઘરેણું છે. તે શરીરનો શણગાર છે. કેમ કે પ્રભુના સ્મરણનું તે પ્રતિક છે. પણ તે એવી રીતે પહેરવી જોઈએ કે પ્રભુ વિના તેને કોઈ દેખે નહીં. મારા કહેવાનો આશય તમો સમજ્યા હશો. અત્યારે ઘણા લોકો પોતાને ભક્ત બતાવવા માળા રાખે છે કે લોકો જુએ તેમ કપડાં પર પહેરે છે, ને કામ કાળાં કરે છે. આ ઠીક નથી. માળા કપડાંની છેક અંદર રાખવી જોઈએ. ન છૂટકે તેનું પ્રદર્શન થાય તે વાત જુદી છે, પરંતુ લોકોની વાહવાહ મેળવવા તેનો ઉપયોગ થવો જોઈએ નહીં.

તમે પ્રભુને યાદ કરો છો, પ્રભુના ભક્ત છો, તે જ્યાં ત્યાં જાહેર કરવાની જરૂર નથી. ભક્તિ ખૂબ પવિત્ર વસ્તુ છે, ને તેથી તે ગુપ્તપણે થવી જોઈએ. નહિ તો તેમાં રાજસી ને છેવટે તામસીપણું આવવાનો સંભવ ખૂબ રહે છે.

☼ ☼ ☼

## ૨૪. સંતો તથા વર્તમાનપત્રો

**પ્રશ્ન :** સંત કે મહાત્મા અથવા આધ્યાત્મિક માર્ગના પ્રવાસીએ વર્તમાનપત્રો વાંચવા કે નહીં ? ઘણા મહાત્માઓ તેમ કરવાની ના કહે છે. તે વિશે આપ શું કહો છો ?

**ઉત્તર :** હું તો એટલું જ કહું છું કે જો વાંચવાની ઈચ્છા થાય તો વાંચવાં. તેનો કોઈ દોષ નથી. વર્તમાનપત્રો વાંચવામાં ચોરી, જુગાર કે વ્યભિચાર જેવું અનિષ્ટ રહ્યું નથી કે તેનો ઈન્કાર કરી શકાય. વર્તમાનપત્રોમાં દેશ, દુનિયા ને સમાજના બનાવોની માહિતી મળે છે, તેમજ બીજી પણ જાણવા જેવી માહિતી હોય છે. તે માહિતીથી પરિચિત રહેવું સારું છે. આપણે આધ્યાત્મિકતાને પાંગળી કે એકાંગી કરવી નથી. તેમજ તેને જીવનના બીજા અંગોથી દૂર લઈ જઈ આભડછેટ પોષનારી બનાવવી નથી. આધ્યાત્મિકતા એટલે જીવનથી દૂર જવાનો માર્ગ નથી, પરંતુ જીવનની વાસ્તવિકતા ને વિવિધતાને સ્વીકારી તેની વચ્ચે નિર્લેપ રહેવાની સાધના છે. આજની સ્થિતિમાં તમારે લોકોની સેવા કરવાની પણ જરૂર છે ને તે માટે લોકોનાં સુખ:દુખ, સમાજ ને દેશની સમસ્યાઓ ને દુનિયાના પ્રશ્નોથી પરિચિત રહેવાનું છે. તો જ તમે લોકોની નાડ પારખી સાચી ઔષધિ આપી શકશો. જે એકાંતવાસી છે, કેવળ આત્મનિષ્ઠ મહાત્મા છે, તે દુનિયાના પ્રશ્નોથી માહિતગાર ન રહે તો ભલે. જો કે રહે તો સારું છે, પરંતુ આવી લોકહિત કરનારી વસ્તુનો તેને અણગમો કે તિરસ્કાર તો ના જ હોવો જોઈએ.

વર્તમાનપત્રો વાંચવાથી ચંચલતા થાય છે એવું કોઈ કોઈ સાધુપુરુષોનું કહેવું છે. પણ તે દલીલ પણ ઠીક નથી. વર્તમાનપત્રમાં ચંચલતા થાય એવું વધારે ભાગે કાંઈ જ નથી હોતું, જેવું કે સીનેમા નાટકોમાં હોય છે. ને તે છતાં ચંચલતા થાય તેવું લાગે તો તેમાં દોષ કોનો, વર્તમાનપત્રોનો ? મહાત્માઓનો ? નાની સરખી વાતથી ચંચલતા થાય તેને મહાત્મા જેવું મોટું નામ કેમ આપી શકાય ? તેને તો ચંચલાત્મા કહેવો

જોઈએ. ને સાધારણ સાધકે પણ એવી માની લીધેલી ખોટી ચંચલતામાંથી મુક્ત થવાનું બળ મેળવવું જ જોઈએ. કેમ કે તેનો અંતિમ આદર્શ તો ગીતાના શબ્દોમાં જુદો જ છે.

ગીતા કહે છે કે 'જેવી રીતે ભરપૂર સમુદ્રમાં જુદા જુદા ઝરણાં ને નદીનાળાં મળે છે, છતાં સમુદ્ર પોતાની મર્યાદા તોડતો નથી, તેવી રીતે સ્થિતપ્રજ્ઞ મહાત્મા જુદા જુદા પ્રસંગ કે કામનાથી ચલાયમાન કે ચંચલ ચિત્તનો થતો નથી. એટલે શરૂઆતમાં સલામતી તરીકે સાધક વર્તમાનપત્રથી દૂર રહે તે ભલે, પણ હંમેશને માટે તેનું સમર્થન કરવું ને તેને જ પ્રોત્સાહન આપવું ઠીક નથી. આધ્યાત્મિક પુરુષોએ દેશ ને દુનિયાથી પોતાનો સંબંધ કાપી નાખવાનો નથી પણ દેશ ને દુનિયાને કામ આવવાનું છે. તેવી રીતે આધ્યાત્મિક પુરુષો કામ કરશે ત્યારે જ દુનિયા આધ્યાત્મિકતાને સન્માનનીય ને જરૂરી માનશે.

**પ્રશ્ન :** પાકનો નાશ કરનારાં તીડ, ઉંદર, વાંદરા વિગેરેને મારવાં કે નહીં ? માત્ર કરડવા આવે તો તેને મારવો, કરડવા દેવો ?

**ઉત્તર :** બંને પ્રશ્નો એકી સાથે જ લઉં છું. ત્રણ વસ્તુનો વિચાર કરવાનો છે. એમાં બે શક્યતાઓ ને છેલ્લે ત્રીજો નિર્ણય છે. તીડ ને વાંદરાથી પાકને જે નુકશાન થાય છે તે સહન કરવા તૈયાર છો ? અથવા તો સાપ કરડે તેથી જે પરિણામ નીપજે તે ભોગવવા તૈયાર છો ? અથવા તો તે બધાનું હૃદયપરિવર્તન કરી તેમની હિંસકવૃત્તિને પરાજીત કરવાની શક્તિ છે ? આમાંથી કોઈ પણ વસ્તુની હા હોય તો તેમને મારવાની જરૂર નથી. પણ જો ના હોય તો તમારે તેમની હિંસા કરવી જ રહી, તે એક ફરજ બને છે. અલબત્ત, તેવી હિંસા રક્ષા માટે જ છે એ ભૂલવાનું નથી, અને હિંસા વિના તમે તેમનાથી છૂટકારો મેળવી શકતા હો તો મેળવવા પ્રયાસ કરવાનો છે. બાકી તમારી હિંસા-અહિંસાની ફિલસૂફી રક્ષા માટે યુદ્ધની ફરજ સ્વીકારે છે, તે ફિલસૂફી રક્ષા માટે હિંસાનો સિદ્ધાંત પણ સ્વીકારી જ ચૂકી છે. ને દુનિયા જ્યાં લગી સ્થિતપ્રજ્ઞ દશા કે મહાત્મા પદે પહોંચી નથી ત્યાં લગી તે સિદ્ધાંત કાયમ જ રહેવાનો છે.

☼ ☼ ☼

## ૨૫. શબ્દ અને ભાવ

**પ્રશ્ન :** એક વિદ્વાને કહ્યું છે કે કૃષ્ણ કૃષ્ણ કરવાથી કાંઈ ના વળે. કૃષ્ણ શબ્દનો અર્થ જાણ્યા વિના કાંઈ ફળ મળે નહીં. તો શું પ્રભુના નામનો અર્થ જાણ્યા વિના તે જપીએ તો તેનું ફળ ના મળે ?

**ઉત્તર :** તમે કહો છો તે વિદ્વાન જ્ઞાની છે. એટલે જ્ઞાનની રીતે તેમણે આ વિચાર રજૂ કર્યો છે. જ્ઞાની હંમેશા કોઈ પણ શબ્દના અર્થમાં ને તેની વ્યુત્પત્તિ કરવામાં વધારે આનંદ માને છે. પણ ભક્તનું તેવું નથી. પ્રભુના નામજપનો રસ વધારે ભાગે ભક્ત પુરુષ માણે છે. તેવા ભક્તને પ્રભુના કોઈયે નામનો અર્થ જાણવાની જરૂર નથી. તે જાણે તો ભલે- તેથી વધારે આનંદ આવશે, પણ નહીં જાણે તોય ખોવાનું તો કંઈ જ નથી. જે નામ પોતે જપે છે કે સ્મરે છે, તે નામ પ્રભુનું નામ છે એટલું જ જાણવું ભક્તને માટે પૂરતું થાય છે. પોતે પ્રભુનું મધુર નામ રટી રહ્યો છે એથી વધારે અર્થ ભક્તને જાણીને શું કરવું છે ? તે તો પ્રભુના નામને આનંદથી ગાય છે, ઉલ્લાસથી જપે છે ને સ્મરણના રસથી તરબોળ બને છે. તેનાથી તેને પ્રભુની

પ્રાપ્તિ થઈ જાય છે, ને પછી જરૂર હોય તો પ્રભુ પોતે જ તેને પોતાના અર્થ ને પોતાનું રહસ્ય જણાવે છે. બાકી શબ્દાર્થમાં પડવાથી ભાવ કરતાં બુધ્ધિની કસરત જ વધારે સૂઝે છે, ને શંકા વધારે થાય છે.

પ્રભુ તો કેવળ વિશ્વાસથી મળે છે. પ્રભુના નામમાં અટલ વિશ્વાસ એ જ પ્રેમીની મૂળભૂત આવશ્યકતા છે. આની સાથે હૃદયશુધ્ધિ સાધવા કામ, ક્રોધ, દ્વેષ, અભિમાન, મમતા વિગેરેને દૂર કરવા-પ્રયાસ કરવો જોઈએ. નામનો અર્થ નહિ જાણો તો ચાલશે, પણ હૃદયશુધ્ધિ નહિ હોય ને વિશ્વાસ નહિ હોય તો પ્રભુ નહીં મળે. અંધારાનું આવરણ દૂર કરો એટલે પ્રકાશરૂપી પ્રભુ તરત દેખાશે. આ જ જરૂરી વસ્તુ છે ને આની જ પર ભાર મૂકવાનો છે.

જુઓને, આ વિશ્વાસના બળથી વાલ્મીકિ તરી ગયા. 'મરા મરા' કરતાં તે પ્રભુદર્શન પામ્યા. નારદજીએ તેમને પ્રભુનામ જપવા કહ્યું. બસ, એ જ તેમને માટે પૂરતું થયું. તેના અર્થની પંચાતમાં તે પડ્યા નહિ. નરસી ને તુકારામ કયા વ્યાકરણ શાસ્ત્રીને ત્યાં ભણ્યા હતાં ? છતાં પ્રેમના બળથી તે પ્રભુને પામી ગયા ને પ્રભુના રહસ્યને તેમની જ દયાથી તેમણે જાણ્યું.

ગંગામાં તમે તેનો ભૌગોલિક ને આધ્યાત્મિક મહિમા જાણીને ન્હાવા પડો, કે તે ગંગા છે એટલું જ જાણીને પડો, પણ તમે ભીંજાવાના તો ખરા જ, ને સ્નાનનો આનંદ પણ તમને મળવાનો. તેવું જ પ્રભુના નામનું છે. માટે તેને તો જપ્યે જ જવું. તેથી પ્રભુ જરૂર મળે. એક સાધારણ માણસનું નામ રટીએ તો પણ આવતું જતું કોઈ તેને ખબર પહોંચાડે, ને નામના પ્રભાવથી તે માણસ છેવટે મળે. તો પછી આ તો સર્વ સમર્થ પરમાત્મા છે, સર્વશક્તિમાન પ્રભુ છે. તે તમારો પોકાર સાંભળીને કેમ ના આવે ? ફક્ત અચલ શ્રધ્ધાથી તે પૂકાર ચાલુ જ રાખવો જોઈએ. તે પૂકાર જ પ્રભુના હૃદયમાં પહોંચી પ્રભુને તમારી પાસે ખેંચી લાવશે.

☼ ☼ ☼

## ૨૬. વેદાંત વિશે

**પ્રશ્ન :** વેદાંતીઓને પથપ્રદર્શક એવું કૈંક કહો.

**ઉત્તર :** હું પોતે મારી મેળે અત્યારે કંઈ જ કહેતો નથી. પણ ભગવાન શ્રી આદ્ય શંકરાચાર્યે જે કહ્યું છે તે વેદાંતીઓને માટે મનનીય ને પથપ્રદર્શક હોવાથી તે જ બોલી બતાવું છું.

જ્યારે શંકરાચાર્યે શરીર છોડવાનું ધાર્યું ત્યારે તે બનતાં લગી કેદારનાથમાં હતા. ત્યાં તેમના જીવનની છેલ્લી ઘડીએ ભારતવર્ષના મોટામોટા સંત મહાત્મા તેમજ વિદ્વાનો ભેગા થયા હતાં. તે બધાંયે જોયું કે જ્ઞાનના જે સૂર્યે પોતાનો દીર્ઘકાલીન ને પરમ પ્રકાશ આપી કૈંકના અંતરમાં અજવાળાં પાથર્યાં, તે સૂર્ય હવે અસ્ત થવાની તૈયારીમાં છે. ફરીથી હવે એ સૂર્યને એ જ રૂપમાં જોવાનું શક્ય નહીં બને, ત્યારે તેમાંના વિદ્વાનોએ શંકરાચાર્યને કહ્યું પ્રભુ, તમારા જીવનમાં તમે જે ઉપદેશામૃત અમને પાયું છે તે સંક્ષેપમાં અમને કહો. અથવા તમને યોગ્ય લાગે તે ઉપદેશ અમને આપો, જે પ્રમાણે ચાલવાથી અમારું જીવન સફળ થાય. ત્યારે શંકરાચાર્યે તેમને જે ઉપદેશ આપ્યો તે 'ઉપદેશ પંચક' ના નામે ઓળખાય છે. શંકરના આ પાંચ

શ્લોકોનું મનન થાય, ને તે પ્રમાણે માનવ ચાલે તો જીવન સાચા અર્થમાં સફળ થાય એમ છે. તે શ્લોકમાં જે ક્રમવાર વાતો કહી છે તે ટૂંકમાં વિચારીએ. આ વાતો આજના વેદાંતીઓએ ખૂબ ધ્યાનમાં રાખવાની છે.

(૧) સૌથી પહેલાં વેદ અથવા જ્ઞાનના ગ્રંથો- શાસ્ત્રોનો અભ્યાસ કરવો. (૨) યજ્ઞ, દાન, તપ જેવાં વેદોક્ત કર્મ કરવાં. (૩) કર્મની અહંતા મૂકી કર્મ ઈશ્વરાર્પણ કરવાં. (૪) કામના ને તૃષ્ણા વધારનારાં કર્મ ના કરવાં. (૫) હૃદયશુધ્ધિ કરવી. (૬) સંસારના પદાર્થોમાં આસક્તિ ના થાય માટે તેમાં દોષ બુધ્ધિથી જોવું. તો પછી માણસને સ્ત્રી, ધન, સંતાન કશામાં બંધાવાનું રહેતું નથી. એક અવિનાશી ને પરમ સુખમય પરમાત્માની જ પ્રાપ્તિ કરવાનો નિર્ણય થાય છે. (૭) એવો નિર્ણય થયા પછી એકાંતવાસ કરી ઈશ્વરપ્રાપ્તિ કરવા સાંસારિક વ્યવહાર છોડી દેવા.

બીજો શ્લોક -

(૧) ઘરબહાર છોડીને માણસ આળસુ ના બને તેમજ ધ્યેયને ભૂલે નહિ માટે વારંવાર સજ્જન ને જ્ઞાનીનો સંગ કરવો. જેણે ઈશ્વરપ્રાપ્તિ કરી હોય તેવા મહાપુરુષની સેવા કરવી. સાથે સાથે (૨) પ્રભુની ઉપાસના કરવી. (૩) દૈવી-સંપત્તિના ગુણ મેળવવા. (૪) દુષ્ટ રીતિ-નીતિ છોડી દેવી. (૫) પવિત્ર વિદ્વાનોની સેવા કરી તેમને પ્રસન્ન કરવા. (૬) વેદવાક્યોનું મનન કરવું. (૭) વેદના સારરૂપ પરમાત્માનું કોઈ પણ નામ રટવું.

ત્રીજો શ્લોક -

(૧) સાચા જ્ઞાનના સિધ્ધાંત પકડી રાખવા. (૨) શંકા છોડી દેવી ને (૩) ઊંચા સિધ્ધાંત ના છોડવા. (૪) પોતે તત્વ રૂપે પરમાત્મા છે એમ માનવું. (૫) પણ તે વાતનો ગર્વ ના કરવો. (૬) દેહાભિમાન છોડવું ને (૭) જ્ઞાની સાથે વાદવિવાદ ના કરવો.

ચોથો શ્લોક -

(૧) ક્ષુધાનો ઉપાય કરવો ને (૨) શરીર ટકાવવા ભિક્ષા લેવી. (૩) સ્વાદિષ્ટ અન્નની માગણી ના કરવી. (૪) જે પરિસ્થિતિ મળે તેમાં ખુશ રહેવું. (૫) અસભ્ય, જૂઠું ને વધારે પડતું ના બોલવું.

ને છેલ્લે પાંચમો શ્લોક

(૧) એકાંતમાં સુખપૂર્વક બેસવું. (૨) પરમાત્માને મેળવવા ધ્યાનયોગ કરવો કે ભક્તિપૂર્વક ધ્યાન કરવું. (૩) એમ કરતાં સમાધિમાં પ્રભુદર્શન કરવું ને (૪) સ્થાવર જંગમમાં બધે જ તે પ્રભુને જોવા. (૫) પ્રારબ્ધને ભોગવવું પણ (૬) લૌકિક વાસનામાં પડી નવા કર્મ કરવા નહિ. કેવળ લોકહિત કરવું. (૭) ને જ્યારે શરીર છોડવાનો સમય આવે ત્યારે પરમાત્મામાં એકાકાર બની જવું.

આ શ્લોકો આજે પણ વેદાંતીઓને પથપ્રદર્શન કરી શકે છે. આજે આપણે આ પ્રમાણે ચાલીએ તો જીવન સફળ થઈ શકે એમ છે ને માનવ સાચા અર્થમાં જ્ઞાની થઈ શકે છે. આજે તો કેવળ શાસ્ત્રશ્રવણ ને ભિક્ષા માટે પરાવલંબન - એ બે જ વાતો આમાંથી વધારે ભાગે રહેલી દેખાય છે. આ સ્થિતિનો અંત લાવી આ ક્રમ મુજબ જીવન બનાવવાથી મહાન પદ મળી શકે છે.

☼ ☼ ☼

## ૨૭. ગુરુ વિશે

**પ્રશ્ન :** ગુરુ કોને કહેવાય ?

**ઉત્તર :** ગુરુના જુદાજુદા કેટલાય અર્થ છે. કોઈ તેને અંધકારમાંથી પ્રકાશમાં લઈ જનાર, તો કોઈ તેને અસત્યમાંથી સત્યમાં લઈ જનાર કહે છે. પણ આપણે તો બીજી રીતે અહીં વિચારીએ છીએ. ગુરુ કોને કહેવા તે વાત કે તે પ્રશ્નનો જવાબ ગુરુ શબ્દમાં જ રહેલો છે. ગુરુ એટલે મોટો. મોટો એટલે શું ? મોટાઈ ત્રણ રીતે સમજવાની છે : મનની મોટાઈ, દિલની મોટાઈ ને આત્માની મોટાઈ. આ ત્રણ રીતે જે મોટો હોય તે ગુરુ કહી શકાય.

મનની મોટાઈ શું છે ? મનમાં કોઈવાર બૂરા વિચાર ના ઊઠવા, ઊંચી ભાવના ને જ્ઞાનના ઉન્નત વિચારોથી મન સદા ભરપૂર રહેવું, સંકુચિતતા કે સ્વાર્થવૃત્તિ છોડી સમસ્ત જગતને પોતાનું ગણી તેને કામ લાગવું, સદાયે સ્થિર ને શાંત રહેવું, તેમજ સંયમ દ્વારા પરમાત્માનું દર્શન કરી, મનને સદા પરમાત્મામય રાખવું ને જગતમાં બધે જ તે પરમાત્માનું દર્શન કરવું. આ બધાં મનની મોટાઈના લક્ષણો છે.

આ પછી આવે છે દિલની મોટાઈ. ક્ષમા, પ્રેમ, દયા, હોવી, સૌને માટે હિતની ભાવના ને કામના હોવી, દુઃખીના દુઃખ ને દીનની દીનતા જોઈ પીગળી જવું, પત્થર જેવું ભાવના કે લાગણીહીન દિલ ના હોવું.....એ બધાં દિલની મોટાઈનાં લક્ષણ છે.

ને આત્માની મોટાઈ એટલે કામ-ક્રોધ જેવા અંતઃકરણના વિકારોને જીતી લઈ, અહંકાર ને મમતા કે દેહાધ્યાસને દૂર કરી, આત્મદર્શન કરવું ને સમસ્ત સૃષ્ટિમાં આત્માને જોવો. આવા જ પુરુષને મહાત્મા પણ કહેવામાં આવે છે ને મહાપુરુષ પણ. જે આમ બધી રીતે ક્ષુદ્રતા ને લઘુતાની દીવાલો ભેદીને સાચા અર્થમાં મહાન કે મોટો થયો હોય છે, તે જ ગુરુ કહેવાય.

શાસ્ત્રોએ મહાપુરુષ અથવા ગુરુના વિવિધ લક્ષણ કહ્યા છે. ભગવાન શ્રી આદ્ય શંકરાચાર્યે તેને માટે એક ઠેકાણે ચાર સુંદર શબ્દ વાપર્યા છે. 'દયાલું ગુરું બ્રહ્મનિષ્ઠં પ્રશાંતમ્' એ કાવ્યપંક્તિમાં તે મહાપુરુષ કેવો હોવો જોઈએ તે વિશે કહ્યું છે. એક તો તે દયાળુ હોવો જોઈએ. બીજું, જ્ઞાનના અનુભવમાં મોટો હોવો જોઈએ, ત્રીજું, તેણે ઈશ્વરદર્શન કરેલું હોવું જોઈએ ને ઈશ્વરીભાવમાં હંમેશા સ્થિત રહેતો હોવો જોઈએ; ને છેલ્લે પરમશાંતિની પ્રાપ્તિ તેને થયેલી હોવી જોઈએ. આત્મદર્શન વિના પરમશાંતિ શક્ય નથી. ધન, વૈભવ, વિલાસ, સ્ત્રી, ભોગ, એ બધાંથી માણસને સુખશાંતિ મળે છે, પણ તે ચિરસ્થાયી કે સનાતન હોતી નથી. અમુક સમય પછી તેનો ભંગ થવાથી તેની તૃષ્ણા ફરી જાગૃત થાય છે. શાંતિ માણસના અંતરમાં જ આત્મારૂપે રહેલી છે ને પરમાત્માને મેળવ્યા વિના કાયમી શાંતિ મળી શકતી નથી. આ કાયમી શાંતિ જેણે મેળવી છે તે જ આદર્શ સંત, મહાત્મા, મહાપુરુષ કે ગુરુ છે.

ગુરુનાં આ બધાં લક્ષણ આપણે ઉપર જે વિચાર કર્યો તેમાં આવી જાય છે.

**પ્રશ્ન :** પણ આવા ગુરુ મળે ક્યાં ?

**ઉત્તર :** તેને શોધવા જવાની જરૂર નથી. શોધવાથી તે મળશે જ એમ નક્કી કહી શકાય નહીં. સૌથી સુંદર વાત તો એ છે કે તમે તેવા ગુરુને માટે યોગ્ય બનો, તેને માટે અધિકાર કેળવો. અત્યારે તમારે તેવા

ગુરુની જરૂર જ ક્યાં છે ? વાસના, સાંસારિક તૃષ્ણા, કામવાસના ને કપટ, એ બધામાં અત્યારે તો તમે ગળાબૂડ ડૂબેલા છો. તેમાંથી બહાર આવી ઈશ્વરની ભૂખ કે ગુરુની તરસ ઉત્પન્ન કરો એટલે સંસારના ગમે તે ભાગમાંથી દોડી આવીને પણ ગુરુ તમને મળશે. એમાં કોઈ વાતનો સંદેહ નથી. માટે પહેલાં યોગ્ય શિષ્ય બનો. અત્યારે જેમ યોગ્ય ગુરુ મળવા કઠિન થઈ પડ્યા છે, તેમ યોગ્ય શિષ્ય પણ મળવા મુશ્કેલ છે.

☼ ☼ ☼

## ૨૮. ભસ્મનું રહસ્ય

**પ્રશ્ન :** કેટલાક સાધુ શરીરે ભસ્મ લગાડે, રાખોડી ચોળે છે, તેનું કારણ શું હશે ? તમે તે વિશે શું માનો છો ?

**ઉત્તર :** શરીરે રાખોડી ચોળવામાં કોઈ ઊંચો હેતુ છે ને આધ્યાત્મિક માર્ગના પ્રવાસીએ રાખ ચોળવી જ જોઈએ એમ હું માનતો નથી. આપણે ત્યાં આ વસ્તુ, ખાસ કરીને વૈરાગી સંપ્રદાયમાં, પરંપરાથી ચાલી આવે છે. પણ ઈશ્વરદર્શન કે યોગસિધ્ધિ માટે તે જરૂરી છે એમ માનવું ખોટું છે. અંધ પરંપરાથી જ ને માણસની મહાત્માપણાની ભ્રામક માન્યતામાંથી જ આ રૂઢિ ચાલી આવે છે. ઠંડા પ્રદેશમાં એટલી વસ્તુ જરૂર છે કે શરીરે રાખ ચોળવાથી ઠંડી ઓછી લાગે છે, ને શરીરે ગરમી ઉત્પન્ન થાય છે. પણ તેટલા જ માટે રાખ ચોળવા જેવી શરીરને ગંદુ કરવાની ક્રિયાનું સમર્થન થઈ શકતું નથી.

રાખ ચોળવાની પાછળ જે ભાવના છે તે રાખ ચોળનાર પણ ભાગ્યે જ જાણે છે. રાખ એ વિનાશનું ચિન્હ છે. માનવશરીર ને જગતમાં જે જે કંઈ છે તે બધું ક્ષણભંગુર છે ને એક દિવસ નષ્ટ થઈ જવાનું છે, ભસ્મિભૂત થવાનું છે. રાખ આ મહાન સંદેશ આપે છે ને રાખ સામે જોવાથી આ જરૂરી ફિલસૂફીનું ભાન થાય છે, ને તેની યાદ તાજી રહે છે. આ જ ભાવનાથી રાખ ચોળવાની રીતિ ચાલુ થઈ હશે. પરંતુ કાળ જતાં તે માત્ર નિર્જીવ પરંપરા બનીને જ જીવી રહી છે. વિનાશની આ ભાવના કાયમ રાખવા પણ માણસે ઈશ્વરના પવિત્ર મંદિર જેવા શરીર પર ભસ્મ ચોળવાની જરૂર છે જ એમ નથી. ભસ્મ ચોળ્યા વિના પણ આ ભાવના કાયમ રાખી શકાય છે ને તેવી રીતે તેને કાયમ રાખવામાં જ મહત્તા છે.

**પ્રશ્ન :** વેદાંતમાં જે મિથ્યા શબ્દ છે - જેમ કે ‘જગન્મિથ્યા’ - તેનો અર્થ શો છે ?

**ઉત્તર :** આજના કેટલાક વેદાંતીઓ તેનો અર્થ ‘છે નહીં’ અથવા નથી જેવો લઈ બેઠા છે. જો તેમજ હોય તો શંકરાચાર્ય ચોખ્ખી રીતે ના કહે કે બ્રહ્મ સત્ય છે, ને જગત અસત્ય છે ? જગત મિથ્યા છે એવો બીજો જ શબ્દ તે શા માટે વાપરે ? એટલે મિથ્યાનો અર્થ ‘તદ્દન નથી’ એવો નથી, પરંતુ હંમેશને માટે જે નથી એવો લેવાનો છે. જગત આજે છે ને હજી રહેશે, પણ તેના પદાર્થો અનંત કાલ લગી આ સ્વરૂપે રહેવાના નથી. માટે વ્યવહારિક રીતે આજે જગત છે, સત્ય છે, પણ હંમેશને માટે અથવા તાત્વિકરૂપે સત્ય નથી. કેમ કે તત્વરૂપે તો જગતમાં બધે વસ્તુના રૂપે એક આત્મા કે ઈશ્વર જ રહેલો છે. માટે જ વેદાંતે જગતને અસત્ય કહેવાને બદલે મિથ્યા કહ્યું છે. આ અર્થ આજે ભૂલાયો છે, ને તેને લીધે માણસ કર્મથી વિમુખ થઈ ‘બધું ખોટું છે, ખોટું છે’ એવું ખોટું સમજી બેઠો છે. આ જ સમજ સુધારવી જોઈએ.

**પ્રશ્ન :** પ્રતિમા પૂજનની જરૂર ખરી ?

**ઉત્તર :** પ્રતિમા પૂજા જગતમાં બધે જ સ્થળે જુદાજુદા સ્વરૂપમાં ચાલી રહી છે. જે કૃષ્ણ કે રામને નથી પૂજતા, તે શંકરને પૂજે છે, ને જે તેમને પણ નથી પૂજતા, તે ઈશુ કે બુધ્ધની મૂર્તિને પૂજે છે. મુસલમાનો મહમ્મદને પૂજે છે, કાબા તરફ મોં રાખી નમાજ પઢી મૂર્તિપૂજા કરે છે, ને જૈનો તીર્થંકરોને પૂજે છે. કોઈક અગ્નિપૂજા કરે છે, તો કોઈક ગ્રંથસાહેબને પૂજે છે. પણ પ્રતિમાપૂજન તો એક યા બીજા સ્વરૂપમાં જ્યાં જ્યાં માનવ છે ત્યાં ત્યાં સર્વત્ર રહ્યું છે. જે કેવળ વેદાંતી છે તે પણ ૐકારનું ચિંતન-મનન ને ધ્યાન કરે છે, આત્માને માટે નિદિધ્યાસન કરે છે. ને આમ તે પણ પ્રતિમાપૂજનથી પર નથી. જ્યાં લગી માનવ રહેશે ત્યાં લગી આ વસ્તુ રહેવાની જ છે ને તે રહે તેમાં કાંઈ ખોટું પણ નથી. તેની સાથે લડવાનું કે તેનો વિરોધ કરવાનું કંઈ જ કારણ નથી. હા, તેમાં જે બદી હોય તે સામે લડવું જોઈએ.

ઉપાસનાની રીતિમાં જેને રસ નથી, તેવા સંસારી માનવમાં પણ આ પ્રતિમાપૂજનનું સ્વરૂપ એક યા બીજી રીતે રહેલું જ છે. જુઓ, પિતા પુત્રને જોઈને આનંદ માને છે, તેને મોટો કરે છે; પુત્ર માતાપિતાની સેવા કરે છે, સ્ત્રીને જોઈને માનવ ઉલ્લાસ અનુભવે છે ને તેની આમન્યા પાળવા માટે ગમે તેવા ભોગ આપવા તૈયાર થાય છે. આ બધી પ્રતિમાપૂજા જ છે કે બીજું કાંઈ ? પ્રતિમા કાંઈ પથ્થરની જ નથી હોતી. સંસારમાં જડચેતન જે કાંઈ છે તે ઈશ્વરની પ્રતિમા જ છે ને તેની પૂજા બધે જ થઈ રહી છે. નદી, પર્વતને માણસ સુંદર કે પવિત્ર માની સેવે છે, જળ, વાયુ ને આકાશના સૌંદર્યને પ્રિય-અપ્રિય ગણે છે. આ બધી ઈશ્વરના વિશ્વરૂપની પૂજા જ છે - ચાહે તમે જાણો કે ના જાણો. ને માનવ પોતે પોતાના જ શરીરની સંભાળ રાખે છે, તેને શણગારે છે, સુંદર ભોગસામગ્રી ધરાવે છે, એ તેની પોતાની જ પ્રતિમાની પૂજા નહિ તો બીજું શું છે ?

☼ ☼ ☼

## ૨૯. ઝેરનું અમૃત

**પ્રશ્ન :** મીરાંબાઈએ ઝેરનું અમૃત કરી દીધું એ વાત કેવી રીતે બની હશે ? મીરાંએ પોતાના સંકલ્પથી તેમ કર્યું હશે, કે ઝેર તેના શરીરમાં ગયા પછી અસર નહિ કરી શક્યું હોય ને અમૃતમય બની ગયું હશે ?

**ઉત્તર :** એનું કારણ ઈશ્વરની કૃપા છે. ઈશ્વરને જે અનન્ય ભાવે દિનરાત ભજે છે, તેની સંભાળ ઈશ્વર રાખે છે. આવી સંભાળ રાખવી તેને ગીતા ક્ષેમ કહે છે. જેણે ઈશ્વરભક્તિ કરી ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે કે ઈશ્વરની કૃપાપ્રસાદી મેળવી છે, તેને સંભાળવાનું ને બચાવવાનું કામ ઈશ્વર કરે છે. ઈશ્વર તેની બધી જ જવાબદારી ઉપાડી લે છે. આ જ કારણથી મીરાંબાઈએ જે ઈશ્વરનો પ્રસાદ માની પીધું તે ઝેર હોવા છતાં પણ ઈશ્વરકૃપાથી અમૃત બની ગયું.

**પ્રશ્ન :** જો કોઈ જ્ઞાની એ પ્રમાણે ઝેર પીએ કે તેને પીવડાવવામાં આવે તો તેનું અમૃત થઈ શકે ?

**ઉત્તર :** જ્ઞાની જો કોરો જ્ઞાની હોય - એટલે કે તેણે સમાધિ દ્વારા બ્રહ્માનુભવ ના કર્યો હોય, તો તો તેના પર ઝેરની અસર જરૂર થાય ને તે દુઃખી થાય. ભલે તે દુઃખ તે શરીરનું માને. આવો જ્ઞાની તો ભેદભાવથી પર થયેલો ના હોઈ વારંવાર શરીરના ગુણધર્મોથી ચલિત થાય, પરંતુ જો જ્ઞાની પૂર્ણ જ્ઞાની હોય

એટલે તેણે આત્મદર્શન કરેલું હોય તો શુધ્ધ સંકલ્પના બળથી તે ઝેરની અસર કે ઝેરને અમૃતમાં પલટાવી શકે છે.

**પ્રશ્ન :** જ્ઞાનેશ્વરે ઓટલો ચલાવ્યો તે વાતમાં શંકા થાય છે, કેમ કે ચેતન વસ્તુ પર તો જ્ઞાની કે યોગીની સત્તા હોય. પણ જડ પર કેવી રીતે હોઈ શકે ?

**ઉત્તર :** જ્ઞાની કે યોગીની સત્તા ચેતન પર હોય છે. અલબત્ત, આ સિધ્ધ યોગીઓ ને પૂર્ણ બ્રહ્મદશાને પ્રાપ્ત જ્ઞાનીની વાત છે. આવા મહાપુરુષ પ્રકૃતિ પર વિજય મેળવી શકે છે, આ વાત પાતંજલ યોગદર્શનમાં કહી જ છે. જ્યાં પ્રકૃતિ પર વિજય આવ્યો, એટલે પ્રકૃતિના બધાં જ તત્વો કે પંચમહાભૂત પર પણ વિજય આવી જાય છે. ઓટલો પૃથ્વીતત્વમાં આવી જાય છે, એટલે તેને ચલાવ્યો હોય એમ સમજી શકાય છે. એમાં શંકા જેવું કાંઈ જ નથી. જડ ને ચેતન બંને પર મહાપુરુષનો કાબૂ આવી શકે છે.

**પ્રશ્ન :** આવા મહાપુરુષ અત્યારે કોઈ હશે ?

**ઉત્તર :** ઈશ્વરની સૃષ્ટિમાં કોઈ વસ્તુની કમી નથી.

**પ્રશ્ન :** તે કેવી રીતે મળે ?

**ઉત્તર :** પહેલાં તે માટે તમારી યોગ્યતા તૈયાર કરવી જોઈએ. તમે સાચા અધિકારી બનશો એટલે તમારી સામે તે આપોઆપ ને સ્વેચ્છાએ પ્રકટ થશે.

**પ્રશ્ન :** સત્સંગી બહેનો આવે તે પહેલાં જ તમારી પાસે આવી જવાની ઈચ્છાથી આજે અમે વ્હેલા આવ્યા છીએ. સ્ત્રીઓ આવે છે એટલે ગમતું નથી. તત્વજ્ઞાન ને ધર્મની વાતોમાં સ્ત્રીઓ શું સમજી શકે ?

**ઉત્તર :** તમારી વાણીમાં અભિમાનનો સૂર દેખાય છે. સ્ત્રીઓ ધર્મ ને તત્વજ્ઞાનમાં ના સમજી શકે એ વાત ભૂલભરેલી છે. સ્ત્રી ને પુરુષના બાહ્ય કલેવરની અંદર ડોકિયું કરો તો તેમના આત્મા એક જ છે. એક જ વિશ્વનિયંતા પરમાત્માની તે પ્રતિચ્છાયા છે. બંને ધર્મ ને ઈશ્વરની વાતો સારી પેઠે સમજી શકે છે. તમે જ્ઞાનની મોટી વાતો કરશો ને તે કદાચ સમજી ન શકે તો પણ શું થયું ? તેમનાથી જે ગ્રહણ થશે તે તો તે ગ્રહણ કરશે જ.

ને સ્ત્રી પ્રત્યેનો મીઠો તિરસ્કાર પણ જ્ઞાનીમાં હોવો જોઈએ નહી. એવા ભેદથી ભરેલા જ્ઞાનીને જ્ઞાની કહી શકાય જ નહિ. જ્ઞાની તો સારા જગતમાં ઈશ્વરને જુએ છે. તેને સ્ત્રીનો ડર શા માટે ? ભારતીય સંસ્કૃતિનો મહાન ધર્મગ્રંથ ગીતા શું કહે છે ? ‘મારે શરણે આવવાથી હે અર્જુન ! સ્ત્રી, વૈશ્ય ને શુદ્ર પણ તરી જાય છે.’

હા, તમારા મનની ચંચલતાને દૂર કરો એટલે તમને કોઈ વસ્તુ બાધક નહિ થાય. જે ચંચલ છે, વાસનામય છે, તે મન જ માણસનો સૌથી મોટો શત્રુ છે. તેનાથી જ ચેતતા રહેવાની જરૂર છે.

**પ્રશ્ન :** મુક્તિ કે જીવનના કલ્યાણને માટે સીધો, સુંદર ને સહેલો ઉપાય ક્યો ?

**ઉત્તર :** સહેલું તો દુનિયામાં કંઈ જ નથી ને તમે સહેલું શોધો છો પણ શું કામ ? વસ્તુનું મહત્વ જેટલું મોટું, તેટલી જ તેની કિંમત પણ ભારે ચુકવવી જ પડે છે. તે ચૂકાવી આપવામાં જ બહાદુરી છે. તેની કલ્પનાથી ડરીને પાછીપાની કરવામાં કાયરતા છે; બાકી સીધો ને સુંદર ઉપાય પૂછતા હો તો તે પ્રભુનો પરમ વિશ્વાસ - જેને સામાન્ય ભાષામાં ભક્તિ કહે છે તે છે.

☼ ☼ ☼

## ૩૦. અંગત પ્રશ્ન

**પ્રશ્નઃ** તમે આ માર્ગ શા માટે લીધો ? જો કે આ પ્રશ્ન અંગત છે. છતાં આપ તેનો ઉત્તર આપવા કૃપા કરશો એવી આશા છે.

**ઉત્તરઃ** મુદ્દાની વાત કહું છું. ૧૪-૧૫ વરસની વયે મેં સતત ને ખૂબ મન લગાડી વિચાર કર્યો કે જગતનું સ્વરૂપ કેવું છે. મને લાગ્યું કે જગત પરિવર્તનશીલ છે. જગતની કોઈપણ વસ્તુ સ્થાયી, શાશ્વત કે અમર નથી. ઉપરાંત મેં જોયું કે વૃધ્ધાવસ્થા, વ્યાધિ ને મૃત્યુ તેમજ અલ્પતા દરેક વ્યક્તિને ઘેરી વળ્યા છે. તો પછી જગતના આવા પદાર્થોમાં પ્રીતિ કરીને સમય તેમજ શક્તિને બગાડવાનો અર્થ શો ? વિચાર કરતાં લાગ્યું કે એક ઈશ્વર જ સનાતન છે. તેને બ્રહ્મ કહો, આત્મા કહો, પરમાત્મા કહો, ગમે તે નામ આપો; ને તેની પ્રીતિ તેમજ પ્રાપ્તિથી માનવ ચિર સુખી, વિરાટ, શક્તિશાળી ને અમૃતમય બની શકે છે. આ કરવામાં જ જીવનનો સાચો પુરુષાર્થ રહ્યો છે. માનવજીવનનો મુળ હેતુ એ જ છે. ને હેતુ સિધ્ધ કરનારને જ મહાપુરુષ, મહાત્મા, પયગંબર કે સ્થિતપ્રજ્ઞ કહે છે. જગતની ગમે તે વસ્તુ હોય, ગમે તેવી આકર્ષક કે સુંદર, મધુર કે ઉજ્જવલ હોય, તે સાંત(સ+અંત) છે, અપૂર્ણ છે, ને એક દિવસ તેનું નામનિશાન મટી જવાનું છે એ ચોક્કસ છે. એટલે જે અનંત છે, પૂર્ણ છે, સત્ય છે, તે કેવળ ઈશ્વર છે, ને તેને જ મેળવવો જોઈએ. તેને મેળવીને જીવનને મહાન કરવું જોઈએ, એ વિચાર મને સૂઝ્યો.

આમાંથી સંયમ, ત્યાગ ને બ્રહ્મચર્યની આવશ્યકતા આપોઆપ ઊભી થાય છે. જેને તમારે મેળવવા ઈચ્છા છે, તેની યાદમાં ચકચૂર થઈ જવું જોઈએ, ને તે વિનાની બીજી બધી જ આસક્તિઓને ઉડાવી દેવી જોઈએ. આધ્યાત્મિક માર્ગમાં આ નિયમ ખૂબ મહત્વનો છે. આને જ ત્યાગ કહે છે. ઈશ્વર માટે પ્રખર પ્રેમ ને બીજી બધીજ વસ્તુ પ્રત્યે ઉદાસીનતા એ જ ત્યાગનું ઉચ્ચોચ્ચ સ્વરૂપ છે. ઈશ્વરને પામવા તમારે ક્ષણેક્ષણનો ભોગ આપવો પડશે. જાગૃતિ ને સ્વપ્નમાં તેનું જ ચિંતન કરવું પડશે ને તેને માટે હરેક ક્ષણ પ્રાર્થવું ને આતુર થવું રહેશે. ને બ્રહ્મચર્ય વિના આ માર્ગમાં આગળ વધવું કે કંઈક નક્કર રૂપે પ્રાપ્ત કરવું તદ્દન અશક્ય છે. સંયમ - વાણી, શરીર, વિચાર, બધાનો - સંયમ ને બ્રહ્મચર્ય આ માર્ગના મૂળ પાયા છે. તેને પણ ઈશ્વર પ્રાપ્તિ માટે સ્વીકારવાની જરૂર છે.

એટલે સંપૂર્ણ વિવેકપૂર્ણ વિચાર પછી, ઈશ્વરપ્રાપ્તિ ને તે દ્વારા પૂર્ણતાનો આદર્શ નક્કી કરીને મેં આ માર્ગ લીધો છે. આથી વધારે કાંઈ કહેવાની જરૂર છે ?

☼ ☼ ☼

## ૩૧. યોગીશ્રી અરવિંદ વિશે

**જિજ્ઞાસુ :** યોગી શ્રી અરવિંદ ઘોષનું દેહાવસાન થયું.

**ઉત્તર :** આ વાત શું સાચી છે ?

**જિજ્ઞાસુ :** હા, આજે વર્તમાનપત્રમાં સમાચાર છે.

**ઉત્તર :** ભારતના એક બીજા મહાપુરુષ જતા રહ્યા. હજી તો રમણ મહર્ષિને પૂરું વરસ પણ થયું નથી, ત્યાં તો અરવિંદ ઘોષ પણ ઉપડી ગયા ! ભગવાનની લીલા ગહન છે. ભારતના આધ્યાત્મિક જીવનને એક મહાન ખોટ પડી, એક મહાન કર્મવીર ને તત્વજ્ઞ જતા રહ્યા !

**પ્રશ્ન :** રમણ મહર્ષિ અને અરવિંદ એ બેમાં સૌથી શ્રેષ્ઠ મહાત્મા કોણ ?

**ઉત્તર :** આ પ્રશ્ન જ બરાબર નથી. મહાત્માઓ બધા જ શ્રેષ્ઠ છે. તેમને હરીફ રૂપે જોવા ને મૂલવવા તે રીત મને પસંદ નથી. દરેક મહાત્માની પોતપોતાની વિશેષતા હોય છે. આ વિશેષતા જોઈને જ માણસ તેમની શ્રેષ્ઠતાનો ક્યાસ કાઢે છે. પણ તેમની આંતરિક અવસ્થા ને તાત્વિક અનુભૂતિ કેટલી છે તે કોણ કહી શકે એમ છે ? ને મહાત્માની શ્રેષ્ઠતા કે દીનતા આવી આંતરિક અનુભૂતિથી જ નક્કી થઈ શકે છે. એ ના જાણીએ ત્યાં લગી તો મહાત્માઓની સરખામણી ન જ કરી શકીએ.

રમણ મહર્ષિ નિવૃતિ માર્ગના મહાન પ્રતિનિધિ હતાં. તેમનું જીવનદર્શન આત્માને ઓળખવાના જ્ઞાનની આસપાસ રચાયું હતું. આ માટે પરિપકવ ને સતત વિચાર તેમજ ધ્યાનનું મહત્વ તે સ્વીકારતા હતા. તેમનું જીવન પ્રત્યેક માનવને માટે ખૂલ્લું હતું. ગમે તે માણસ ગમે ત્યારે તેમના દર્શન કરી શકતો. અરવિંદ યોગમાર્ગના પ્રવાસી હતા, ને શરીરને દિવ્ય ને અમર કરવા સુધી માનતા હતા. તે નિવૃતિપરાયણ હતા, પરંતુ દુનિયામાં દિવ્ય માનવજાતિનું નિર્માણ કરવાની પ્રવૃતિ સેવતા હતા. તેમના દર્શન વરસમાં ચાર વાર જ થતાં.

શાસ્ત્રોની દૃષ્ટિથી જોતાં મહર્ષિની આંતરિક દશા ઘણી જ ઊંચી હશે એમ લાગે છે. તે પૂર્ણ દશાને પામ્યા હતા. અરવિંદની સાધના અપૂર્ણ હતી, એ વાત તે સાધના પૂર્ણ થયા પછી માનવહિતના કાર્યમાં પડવાના હતા તે પરથી સમજાય છે.

આપણે મહર્ષિ ને અરવિંદ બંનેનો સમન્વય જોઈએ છે. મહર્ષિની પૂર્ણતા, આત્મનિષ્ઠા ને નિસ્પૃહતા ને ત્યાગવૃત્તિની સાથે સાથે અરવિંદની માનવહિતમાં પ્રવૃત થવાની મહેચ્છા ને જગતના સર્વ અંગોનો સ્વીકાર કરવાની વૃત્તિ જોઈએ છે. આ બંને વસ્તુ કોઈ એક જ વ્યક્તિમાં મળે; તો ભારત ને દુનિયા મહાન લોકોપકારી પરમાત્મનિષ્ઠ મહાપુરુષ જોઈ શકે, ને તેની વાણી સાંભળવાનું સદ્દભાગ્ય મેળવી શકે.

**પ્રશ્ન :** પણ અરવિંદ પોતે કહ્યા પ્રમાણે કામ તો કરી ના શક્યા ! તેમની દિવ્ય મનુષ્યજાતિની વાતો વાતો જ રહી ?

**ઉત્તર :** મેં તો પહેલેથી જ કહ્યું તું કે અરવિંદનું દેહાવસાન આશ્રમમાં જ થશે, ને તે તેમના શિષ્યો કહે છે તેમ ગાંધીજીની જગાએ કામ કરી શકશે નહીં. તે છતાં મને અરવિંદના વિચારો પ્રત્યે માન છે ને તે ખૂબ મહાન પુરુષ હતા એમાં શંકા નથી. તેમણે ધારેલું કાર્ય તે પૂરું નથી કરી શક્યા તો પણ શું થયું ? તેમણે પોતાની ભાવનાને મૂર્ત કરવા જે પુરુષાર્થ કર્યો છે તે કાંઈ તેટલા જ માટે આપણે વ્યર્થ ગણીશું ? સુભાષચંદ્ર બોઝ પોતાનો પુરુષાર્થ સિધ્ધ થતો જોઈ ન શક્યા. તે છતાં આપણને તેમના જીવનકાર્ય પ્રત્યે શું માન નથી ? તેવું જ અરવિંદનું સમજવાનું છે. પોતાના કામમાં કેટલી સત્યતા હતી, ને તે કેટલા સફળ થયા છે, તે કેવળ તે જ જાણે છે. બીજું કોઈ સાધન તેમને જાણવાનું આપણી પાસે છે નહીં, કેમ કે તેમનું જીવન રહસ્યમય હતું. પણ એક વાત તો સાચી છે કે તેમના વિચાર, તેમનો પુરુષાર્થ, બીજાને પ્રેરણા આપી શકે

તેવાં છે ને તેની કિંમત કરી આપણે તેમને સન્માનથી જોવા જોઈએ. ઈશ્વરની ઈચ્છા ને યોજના પ્રમાણે બધી જ વસ્તુ થાય છે... વિશ્વકલ્યાણ પણ તેની પસંદગી જેના પર ઊતરી હોય છે તે જ માણસ કરી શકે છે... એ રહસ્ય સમજી માણસે કેવલ ઈશ્વરપરાયણ થવાનું છે, ને જીવનમાં ઈશ્વરની ઈચ્છાને ઓળખતા શીખવાનું છે. જીવન અનંત છે. ઈશ્વરેચ્છાથી અરવિંદ આજે અદૃશ્ય થયા છે, પણ તેમની ઈચ્છા શેષ હશે તો ફરી આવીને સાધના કરશે. નહિ તો પરમાત્મામાં મળી જશે.

ભલભલા યોગીઓ પણ આ સંસારમાંથી વિદાય થાય છે, જો કે તેમને મરણ જેવું કંઈ હોતું નથી, તો પછી હે સાધારણ લૌકિક વાસનાઓમાં સબડતા જીવો ! તમે શી નિરાંત રાખી ઈશ્વરને ભૂલીને બેઠા છો ? આ સંસાર ચાર દિવસની ચાંદરણી છે. તેમાં જીવીને ઉત્તમ પુરુષાર્થ સાધી પૂર્ણ ને મુક્ત બનવામાં પ્રમાદ ના કરો. આવો અવસર ફરી મળશે નહીં.

☼ ☼ ☼

## ૩૨. ઈશ્વરદર્શન

**પ્રશ્ન :** વિષયી માણસને ઈશ્વરદર્શન થઈ શકે ?

**ઉત્તર :** વિષયના રસથી મુક્ત થઈ માણસ પવિત્ર ના બને ત્યાં લગી ઈશ્વરદર્શન કદી થઈ શકે નહિ. કાં તો વિષયમાં કે ઈશ્વરમાં, બેમાંથી એકમાં જ માણસ પ્રીતિ રાખી શકે. ઈશ્વરી પ્રેમ ને ઈશ્વરદર્શન માટે કેવળ ઈશ્વરના જ વિષયમાં રત થઈ જવું જોઈએ.

**પ્રશ્ન :** ઋષિઓએ મંત્રદ્રષ્ટાના બે અર્થ કહ્યા છે તેનું કારણ શું ?

**ઉત્તર :** મંત્રદ્રષ્ટાના બે અર્થ છે. એક તો અમુક મંત્ર દ્વારા સાધના કરી માણસે સિધ્ધિ મેળવી હોય તો તે મંત્રનો તે દ્રષ્ટા ઋષિ કહેવાય. આ ગૌણ અર્થ છે. બીજો અર્થ વધારે ગંભીર છે. સમાધિપ્રાપ્ત ઋષિઓને ધ્યાનની તીવ્ર દશામાં કે સમાધિમાં દિવ્ય મંત્રો સ્ફુરે છે, દિવ્ય જ્ઞાન થાય છે, ને તે જ્ઞાનનો તે લોકહિતાર્થે ઉપયોગ કરે છે. આ જ્ઞાન અનંત ને અનાદિ છે : તે કોઈ ઋષિઓએ પોતે ઉપજાવેલું નથી. ઋષિઓ તે અનાદિ જ્ઞાનના દ્રષ્ટા છે. માટે તેમને દ્રષ્ટા અથવા મંત્રદ્રષ્ટા કહ્યા છે. મંત્રદ્રષ્ટાનો આવો અલૌકિક અર્થ છે.

**પ્રશ્ન :** જેમણે કેવળ આત્મવિષયક ઉપદેશ આપ્યા છે ને જેમણે આત્મોપદેશની સાથે સાથે ભૌતિક, સામાજિક, રાજકીય વગેરે ઉપદેશ આપ્યાં છે, તે બેમાં શ્રેષ્ઠ કોણ ?

**ઉત્તર :** શ્રેષ્ઠ કોણ તે પ્રશ્ન જ નથી. મહાપુરુષોએ સમયની જરૂરિયાત પ્રમાણે જેવા ઉપદેશની જરૂર હતી તેવો ઉપદેશ આપ્યો છે. ભારતીય ઈતિહાસમાં એવો પણ સમય હતો જ્યારે લોકો બાહ્ય ક્રિયાકાંડમાં જ અટવાઈ પડ્યાં હતાં. તે વખતે સદાચાર ને સત્યધર્મના ઉપદેશની જરૂર હતી. આ કામ બુધ્ધ તેમજ શંકરે કર્યું છે. જ્યારે વ્યાસ, વાલ્મિકી, કૃષ્ણ, સમર્થ રામદાસ ને નાનક જેવા મહાપુરુષોએ સમયને અનુકૂળ બની આધ્યાત્મિક ઉપદેશની સાથે સાથે ભૌતિક રીતે પણ સહાયતા કરી છે. જેમ કે નાનકે શીખ સામ્રાજ્ય ને રામદાસે શિવાજી દ્વારા હિંદુ સામ્રાજ્યની સ્થાપના કરી હતી. ગાંધીજીએ પણ પોતાના સમયને પારખી બંને

રીતે ઉપદેશ કર્યો છે. પણ તેથી અમુક મહાત્મા બીજાથી શ્રેષ્ઠ છે, ને અમુક મહાત્માએ ભૂલ કરી છે, એમ નથી. દરેકે દેશકાળને અનુરૂપ શિક્ષાદીક્ષા આપી છે.

☼ ☼ ☼

## ૩૩. ભક્તિથી લૌકિક લાભ

**પ્રશ્ન :** રમણ મહર્ષિ જેવા મહાત્માઓ અત્યારે દેશમાં હશે ?

**ઉત્તર :** છે.

**પ્રશ્ન :** તે બધા બહાર આવીને બીજાની જેમ ઉપદેશ, વ્યાખ્યાન કે પ્રવચન શું કામ નથી કરતાં ? તેમ કરવાથી તેઓ વધારે સારી સેવા કરી શકે એમ નથી લાગતું ?

**ઉત્તર :** સેવા તો તેઓ કરે જ છે. પણ તમે કહો છો તેવી સેવા નહિ. તેનું કારણ જાણવાની જરૂર છે. તેઓ માને છે કે ફૂલ ખીલીને તૈયાર થાય એટલે ભ્રમર આપોઆપ આવે છે તેમ જે જિજ્ઞાસુ ને અધિકારી હશે, જેમને આધ્યાત્મિક ભૂખ લાગી હશે, તે માણસો ઉચ્ચ કોટિના મહાત્માઓને આપોઆપ મળી રહેશે. તેવા પુરુષોને તેમનો રંગ લાગશે, ને તેવા પુરુષો ભલે થોડા નીકળે છતાં કૃપા ને જ્ઞાનપ્રાપ્તિના તેઓ સાચા અધિકારી હશે. આ મહાત્માઓની વિચારસરણી જ આવી છે એટલે તેમને એ રીતે જ સમજવા જોઈએ. જે વ્યાખ્યાનાદિમાં માને તે વ્યાખ્યાનાદિ કરે છે.

વધારે-ઓછી સેવા સેવાના બાહ્ય સ્વરૂપ પરથી નહિ પણ સેવા કરનારની યોગ્યતા, ભાવના ને રીત પરથી નક્કી થાય છે એ ભૂલવું  જોઈએ નહિ.

**પ્રશ્ન :** ભક્તિ દ્વારા લૌકિક લાભ મળે ખરો ?

**ઉત્તર :** લૌકિક ને પારલૌકિક બંને પ્રકારના લાભ ભક્તિથી થઈ શકે છે. લૌકિક ઈચ્છાઓ શમી જાય ને ભક્તનું હૃદય નિર્મળ બની જાય, એવું પ્રભુ ઘણે ભાગે કરી દે છે. છતાં કોઈને લૌકિક સુખસંપત્તિની ઈચ્છા હોય તો તે ઈચ્છા પણ ભક્તિ દ્વારા પૂરી થઈ શકે છે. ભક્તિમાં કોઈ રીતે નુકશાન તો નથી જ નથી, નોકરીમાં પગાર મળે, તહેવાર પ્રસંગે બોણી મળે, ને છેવટે પેન્શન કે પ્રોવિડન્ટ ફંડ મળે, તેમ ભક્તિ દ્વારા લૌકિક લાભ મળવાની સાથે સાથે મુક્તિ જેવો પારલૌકિક લાભ પણ મળી શકે છે. જુઓ, ધ્રુવ ને પ્રહ્લાદને પ્રભુ મળ્યા ને રાજ પણ મળ્યું. પણ તેમને રાજની તમા ન હતી. રાવણે ભક્તિ દ્વારા અપાર બળ ને સંપત્તિ મેળવી. ભક્તિ દ્વારા જગતની કોઈ વિનાશી વસ્તુ મેળવવા કરતા પ્રભુને મેળવવા તે જ સૌથી ઉત્તમ છે. છતાં તમારે લૌકિક લાભની ઈચ્છા હોય તો તે પણ મેળવી શકાય છે એમાં સંદેહ નથી. તમારી એવી ભક્તિ સકામ અથવા તો ગીતાની ભાષામાં અર્થાર્થી ભક્તની ભક્તિ કહેવાશે. નિષ્કામ ભક્તિ સૌથી શ્રેષ્ઠ છે ને તે જ કરવા યોગ્ય છે.

☼ ☼ ☼

## ૩૪. મિથ્યાનો અર્થ

**પ્રશ્ન :** સિધ્ધ કોટિના પુરુષમાંથી કેટલાક આજે મિથ્યાના તત્વજ્ઞાનના રોગથી પીડાય છે. તે બધું મિથ્યા ને દુ:ખમય જ માને છે, એટલે કોઈ સક્રિય હિતમાર્ગનું આચરણ કરતા નથી. તેઓ દેશ તેમજ દુનિયાના પ્રશ્નોમાં રસ લઈ માર્ગદર્શન આપી શકતા નથી. આથી ઊલટું, જેમને સેવાની ઈચ્છા છે, ને જે સેવા કરે છે, તે આધ્યાત્મિક રીતે સંસિધ્ધિને પામેલ નથી. એટલે તેમની સેવા વ્યાપક, નક્કર ને સર્વતોમુખી થતી નથી. એટલે આ બંનેનો સહયોગ થવો જોઈએ. તો જગતને મહાન વ્યક્તિત્વ મળી શકે. આધ્યાત્મિક સિધ્ધિ પ્રાપ્ત પુરુષ લોકહિતમાં પડે તો મહાન કામ થાય એવું નથી લાગતું ?

**ઉત્તર :** લાગે છે.

**પ્રશ્ન :** તો પછી મિથ્યાનો અર્થ શો ? બ્રહ્મ સત્ય જગન્મિથ્યા કહ્યું છે, તેનો અર્થ શો ?

**ઉત્તર :** મિથ્યાનો અર્થ જુદો જ છે. મિથ્યાનો અર્થ 'છે જ નહીં.' એવો નથી. જગત છે તો ખરું, પણ સનાતન નથી. તેના પદાર્થો ક્ષણભંગુર છે, એટલે તે સત્ય નથી ને અસત્ય પણ નથી. માટે જ એ બંનેનો વચલો પ્રયોગ મિથ્યા છે.

મિથ્યાનો બીજો અર્થ એ છે કે જગતમાં ઈશ્વર જ રહેલો છે. જુદાં જુદાં નામરૂપને લીધે જ જગતના પદાર્થોમાં ભેદભાવ ઉત્પન્ન થાય છે. તે ભેદ કેવળ વ્યાવહારિક છે, તાત્વિક નથી. માટે જગતને જગત કહેવું મિથ્યા એટલે કે અજ્ઞાન છે ને બ્રહ્મમય કહેવું સત્ય છે.

ત્રીજો અર્થ પણ છે. સમાધિમાં પરમ જ્ઞાન થતાં માણસને સર્વત્ર- પોતાની અંદર ને બહાર બ્રહ્માનુભવ થાય છે, એક ઈશ્વરનું જ દર્શન થાય છે; તે દશામાં જગત મિથ્યા કે વૃથા બને છે : એટલે એ અર્થમાં જગન્મિથ્યા એ શંકરાચાર્ય જેવા સમર્થ જ્ઞાની ને યોગીની અનુભવની વાણી છે.

સાધારણ માણસોએ જગતને મિથ્યા- નાશવંત સમજી તેના પદાર્થોમાં લપટાવાનું નથી ને તેમાં રહી પરમ સત્યમય સનાતન ઈશ્વરની પ્રાપ્તિ કરી લેવાની છે.

☼ ☼ ☼

## ૩૫. જીવનનું ધ્યેય

**પ્રશ્ન :** જીવનનું સર્વોત્તમ ધ્યેય શું ?

**ઉત્તર :** ઈશ્વરને માટેના પરમ પ્રેમની પ્રાપ્તિ ને તે દ્વારા ઈશ્વરના દિવ્ય રૂપનું દર્શન એ જ માનવ ને તેમાંયે સાધકના જીવનનું સર્વોત્તમ ધ્યેય છે. આ ધ્યેયની સદાય સ્મૃતિ રાખી તેની પૂર્તિ માટે પુરુષાર્થ કરવામાં જ સાધકનો આનંદ ને સાધનાની સફળતાનો મર્મ સમાયેલો છે. આ વાત જીવનની પ્રત્યેક ક્ષણે યાદ રહે તે જરૂરી છે. તેથી સંસારના પ્રલોભન તેમજ વિરોધી વાતાવરણ વચ્ચે માનવ સુરક્ષિત રહેશે ને જીવનને સાચી વિકાસદશામાં વાળવા કટિબધ્ધ બનશે. પણ એનો અર્થ એમ નથી કે જીવનના વિકાસ ધ્યેયની યાદમાં જ સાધકનું સર્વસ્વ સમાઈ જાય છે. ધ્યેયની સ્મૃતિ એક ઉત્તમ વસ્તુ છે, પણ તેટલાથી જ કાંઈ અંતિમ હેતુ સરશે નહીં. ધ્યેયને પરિપૂર્ણ કરવાના પ્રયાસનું મહત્વ સૌથી વિશેષ છે ને સાધકે તેને

જીવનમાં ઊતારવા સતત પુરુષાર્થ કરવો જોઈએ. ધ્યેયની સતત સ્મૃતિ ને તે સાથે અવિરત પુરુષાર્થ જીવનની સાધનાત્મક સફલતાના મહત્વના મુદ્દા છે.

**પ્રશ્ન :** એ ધ્યેયની સિધ્ધિમાં શાસ્ત્રાધ્યનની આવશ્યકતા કેટલી ?

**ઉત્તર :** શાસ્ત્રોના અધ્યયનની આવશ્યકતા છે ખરી, પણ મર્યાદિત રૂપમાં, ને ખરી આવશ્યકતા તો અનુભૂતિ કે પ્રત્યક્ષ અનુભવની છે, એ વાત સાધકે યાદ રાખવી જોઈએ. આ વાત યાદ રહેવાથી અનુભવનો આનંદ લેવા માટે સાધકનું દિલ સદાય તલસ્યા કરશે, ને પૂર્ણ અનુભવ મેળવીને જ સાધક અટકશે. તે સમજશે કે ઘણું જાણવું, ઘણાનું ચિંતન કે મનન કરવું એ જ કાંઈ જીવનનું ધ્યેય નથી. જે જાણવામાં કે મનન કરવામાં આવે તેનો જીવનમાં અનુવાદ કરવામાં આવે તે જ જરૂરી છે, ને શાંતિનું મૂળ પણ તેમાં જ રહેલું છે. એટલે નીતિમય જીવનનું મહત્વ ને ઈશ્વરપ્રાપ્તિની જરૂર અથવા આત્મિક વિકાસની આવશ્યકતા સમજનારે તેટલાથી જ અટકવાને બદલે નીતિમાન બની ઈશ્વરપ્રાપ્તિ કરી આત્મિક વિકાસની પરિસીમાએ પહોંચવું જોઈએ. તો જ તેને પૂર્ણ શાંતિ મળી શકે.

**પ્રશ્ન :** જીવનની ઉચ્ચતા માટે બીજું શું યાદ રાખવા જેવું છે ?

**ઉત્તર** : કેટલાક માણસો માને છે કે અમુક રીતે વર્તવું સારું છે ને બીજી રીતે વર્તવું ખોટું છે. છતાં ખોટાનો ત્યાગ કરી સારા ને સાચા માર્ગે તે પગલાં ભરી શકતા નથી, તેનું મુખ્ય કારણ નબળું મનોબળ છે. પોતાનો આત્મા કે સત્ય શું કહે છે તેને પ્રથમ સ્થાન આપવાને બદલે લોકો શું કહે છે ને કહેશે તેને જ તેઓ મહત્વનું માને છે તેથી સારા માર્ગનો કેટલીય વાર લોકલાજને નામે તે ત્યાગ કરી દે છે. બીજું કારણ સત્ય વસ્તુને માટે જે ભોગ આપવો પડે છે, તે આપવાની શક્તિનો અભાવ છે. આ અશક્તિને લીધે સત્ય વસ્તુને માટે જ્યારે ભોગ આપવાનો વખત આવે છે ત્યારે તેમનું મન ડગી જાય છે, ને છેવટે સત્ય માર્ગથી ચલિત પણ થાય છે. આ બે ખામીને લીધે જ સત્યનો ઉપદેશ કે પ્રચાર કરે છે, તેવા માણસો પણ ઘણીવાર અસત્યમાં જ રમતા દેખાય છે, ને સત્યના આચરણનો આનંદ લઈ શકતા નથી. પણ આત્મિક પંથના પ્રવાસીએ આ ખામીથી મુક્ત થયે જ છૂટકો છે. તે વિના સાધનાની સિધ્ધિનો આનંદ મળવો તદ્દન અસંભવ છે. સાધનાની સિધ્ધિ તો શું પણ સાધનાનો સાધારણ આનંદ પણ પ્રાપ્ત થવો મુશ્કેલ છે.

મહુવામાં એક વૃધ્ધ પુરુષ મારી પાસે આવતા હતા. ગામમાં આવેલા એક સંન્યાસી મહારાજની પાસે તે રોજ જતા હતા. સંન્યાસી મહારાજનાં તે ખૂબ વખાણ કરતા. એક દિવસ તે મારી પાસે આવીને કહેવા માંડ્યા: 'જેટલા આવે છે તેટલા પૈસા લેવા જ આવે છે. મહારાજ કથા તો બહુ સારી કહેતા હતા પણ આખરે તો તે પણ કહે છે કે હવે મારે કોઈ એકાંત સ્થળમાં સાધના કરવા જવું છે. માટે ત્યાં ખર્ચ માટે પૈસા જોઈશે.' આશ્ચર્ય તો એ છે કે મહારાજની આટલી વાત સાંભળીને આવ્યા પછી તેમણે મહારાજ પાસે જવાનું પણ મૂકી દીધું !

આવી વૃત્તિ કેટલાય માણસોમાં જોવા મળે છે. સંન્યાસી મહારાજને એકાંતમાં જવું હતું, તે માટે તેમણે પૈસાની મદદ માગી તો તેમાં ખોટું શું છે ? તેમણે કાંઈ બળજબરી તો કરી નથી: નહિ આપો તો દંડ થશે, જેલમાં લઈ જશે એવી ધમકી તો આપી નથી: તમારી ઈચ્છા હોય તો જ ને તેટલું જ, તમારે આપવાનું છે. છતાં આવો બડબડાટ કે મિથ્યા ને હીન પ્રચાર શા માટે ? સાચું છે કે મહાપુરુષ ઈશ્વરપરાયણ જ હોય છે, તે

ભવિષ્યની ચિંતા કરતા નથી. છતાં તેમને કંઈક ચિંતા થઈ તો તેથી વાંધો શું છે ? તેમના જ્ઞાન ને ચારિત્ર્યને એકદમ ભૂલી જવું બરાબર છે કે ? પૈસા વિના તમારો કે કોઈનો જીવનવ્યવહાર ચાલે છે કે ? તેમને પૈસાની જરૂર લાગી, ને તે જરૂર તેમણે પ્રદર્શિત કરી, તો તેમાં ખોટું શું છે ? ને મહારાજ તમારી કે કોઈની પાસે ભીખ ક્યાં માગે છે ? બદલામાં તે તમને અમુલખ ધન આપે છે. જ્ઞાનની પરબ માંડીને તે તો બેઠા છે. તે તમને જ્ઞાન ને તે દ્વારા શાંતિ આપે છે. તો તમારી પણ કાંઈ ફરજ છે કે નહિ ? શું તમારે કોઈ કંગાલની જેમ બધું જ લેવું છે ? તમારી જવાબદારીમાંથી છટકવું હોય તો ભલે, પણ તેટલા જ માટે સાધુ સંન્યાસી પ્રત્યે તિરસ્કાર બતાવી તેની નિંદા કરવાની જરૂર નથી. જે શંકા થાય તે શંકાના નિવારણ માટે સૌથી પ્રથમ તે સાધુપુરુષનો ને તે છતાં સમાધાન ના થાય તો કોઈ બીજા મહાપુરુષનો આશ્રય લેવાનું કામ વધારે સારું છે.

**પ્રશ્ન :** જ્ઞાનની પ્રાપ્તિ કઈ રીતે કરી શકાય ?

**ઉત્તર :** એક માર્ગ છે : ગ્રંથ દ્વારા શ્રવણ ને મનનનો ને તે દ્વારા જ્ઞાનની પ્રાપ્તિનો. બીજો માર્ગ તેથી જુદો છે. માણસ સમજી લે છે કે પરમાત્મા શરીરમાં રહ્યા છે, એટલે તેમને મેળવવા તે ધ્યાનાદિ કરે છે. તેમ કરી અંતે પરમાત્માને મેળવી લે છે. આટલું થાય એટલે પરમાત્મા સંબંધી બધું જ જ્ઞાન માણસને આપોઆપ મળી જાય છે. જે ભક્ત છે તે પ્રભુને મેળવવા રડે છે, પ્રાર્થે છે, ને પ્રભુનું દર્શન પામે છે. આ પછી પ્રભુ પોતે જ પોતાનું જ્ઞાન તેને આપી દે છે. તે પ્રભુ તેમજ તેનું જ્ઞાન બંનેને મેળવી લે છે. જ્યારે પહેલા માર્ગનો પ્રવાસી કેવલ બાહ્ય જ્ઞાનમાં ગુંચવાઈ જાય એવું વધારે બને છે. માટે રમણ મહર્ષિ ને રામકૃષ્ણની જેમ પહેલા આત્મદર્શન કે ઈશ્વરદર્શન કરો. જ્ઞાન તો પછી આપમેળે આવશે. ઈશ્વર છે, તેની પ્રાપ્તિ શક્ય છે, ને અમુક રીતે તે પ્રાપ્ત થાય છે, એટલું જ્ઞાન જ માણસને માટે પૂરતું છે. ઈશ્વરપ્રાપ્તિ પછી બીજું જ્ઞાન આપોઆપ મળી રહેશે.

☼ ☼ ☼

## ૩૬. સાચી સુધારણા

**પ્રશ્ન :** એક જ જન્મમાં મુક્તિ મળી શકે કે અનેક જન્મમાં ? મને લાગે છે કે અનેક જન્મમાં ધીરે ધીરે વિકાસ કરવાથી મળતી હશે.

**ઉત્તર :** એ બરાબર છે કે વિકાસ કરવાથી જ મુક્તિ મળે છે. પરંતુ તે એક જન્મમાં કે અનેક જન્મમાં થશે તે તમારા પર આધાર રાખે છે. ધોળકા અહિંથી ૪ ગાઉ કહેવાય છે પણ ધીમે ધીમે ચાલો તો સાંજ સુધીમાં માંડ પહોંચી શકો. પરંતુ સારી પેઠે ચાલવા માંડો તો ત્રણ કલાક તો પૂરતા થઈ પડે ! એવી જ રીતે મુક્તિનું છે. જો ધર્મ ને નીતિથી ચાલો, ને ખંતથી પુરુષાર્થ કરો તો એક જન્મમાં પણ મુક્તિ કે પૂર્ણતા મેળવી શકો, ને તેમ ના કરો ને ઊલટું અધર્મપરાયણ બનો તો અથવા ધીમો વિકાસ કરો તો અનેકાનેક જન્મો લાગી જાય. એટલે તો કહ્યું છે કે तद् दूरे तद्वन्तिके | એટલે કે તે દૂર પણ છે ને પાસે પણ છે. સજ્જન સાધકને

માટે પાસે છે ને દુર્જનને માટે દૂર. પુરુષાર્થીને માટે પાસે ને પ્રમાદીને માટે દૂર. એવી રીતે તેનો ભાવાર્થ સમજવાનો છે.

**પ્રશ્ન :** અમારે સુધારક થવું છે તો કેટલીક સલાહ આપવા કૃપા કરો.

**ઉત્તર :** હું શું સલાહ આપું ? તમારી જાતે જ્યાં લગી સલાહ નહિ મેળવો ત્યાં લગી સાચા સુધારક થઈ શકશો નહિ. પહેલાં તમારી જાતને સુધારો. તમારા દુર્ગુણોને દૂર કરો. અહંતા, મમતા, રાગદ્વેષ, એ બધાથી મુક્ત બનો. તે પછી બીજાને આપવાનું તમારી પાસે શું છે તે નક્કી કરો. તે પછી જ જે કંઈ હોય તે માન, પ્રતિષ્ઠા કે લક્ષ્મીની લાલચ વિના કેવળ ઈશ્વરના હાથમાં હથિયાર બનીને બીજાનો સુધાર કરવાનો પ્રયાસ કરો. તો તે સારી રીતે સફળ થઈ શકશે ને શોભશે. તમે સુધારક ના બનો તેમ હું ઈચ્છતો નથી. પણ સુધારો તમારી અંદરથી જ શરૂ થવો જોઈએ એટલું જ મારે કહેવાનું છે. સૌથી પહેલી ને મહત્વની સલાહ આ છે. બીજી સલાહ તે પછી જ આપી શકાય તેમ છે.

☼ ☼ ☼

## ૩૭. અંતરનો અવાજ

**પ્રશ્ન :** ઈશ્વરને મેળવવા સૌથી પહેલાં શું મળવું જોઈએ ?

**ઉત્તર :** સૌથી પહેલાં ને પછી પણ ઈશ્વરને માટેની તરસ જગાવવી જોઈએ. તો બેડો પાર થઈ જાય.

**પ્રશ્ન :** અંતરના અવાજ પ્રમાણે માણસથી ઘણી ઈચ્છા હોવા છતાં કેમ નહિ ચલાતું હોય ?

**ઉત્તર :** તમે જેને અંતરનો અવાજ કહો છો તેને બદલે અંતરની ઈચ્છા એવો શબ્દપ્રયોગ કરવો જોઈએ. કેમ કે અંતરનો અવાજ તો ફક્ત યોગી ને ભક્તપુરુષોને પ્રાપ્ત થાય છે ને તે પ્રમાણે ચાલ્યા વિના રહી શકાતું જ નથી. સાધારણ માણસો પોતાના મનસુખા પ્રમાણે જીવી શકતા નથી, અથવા પોતાના અંતરની ઈચ્છા પ્રમાણે વર્તી શકતા નથી. તેના બાહ્ય કારણ ગમે તે હોય, તેનું મૂળ કારણ તો મનની નિર્બળતા જ છે. મનની નિર્બળતાને લીધે માણસ પોતાના સંકલ્પમાં દૃઢ રહી શકતો નથી, તેમજ વાતાવરણ વિગેરેની અસરથી ડગમગી જાય છે. એટલે સૌથી મુખ્ય ઉપાય મનને મજબૂત બનાવવાનો છે. મન મજબૂત બનવાથી તમને તમારી જાતમાં અડગ શ્રધ્ધા ઉત્પન્ન થશે, ને આ શ્રધ્ધાથી તમારી ઈચ્છા પ્રમાણે પુરુષાર્થ કરવાનું બલ તમે મેળવશો. વાતાવરણ પ્રતિકૂળ હશે તો પણ તમારી દૃઢ ઈચ્છાશક્તિથી ધીરે ધીરે અનુકૂળ બની જશે, ને ગમે તે પ્રકારે તમને સહાયતા મળી જશે.

ગાંધીજી જ્યારે સત્ય ને અહિંસા દ્વારા આઝાદી મેળવવા નીકળ્યા ત્યારે લોકો તેમના પ્રત્યે શંકા ને આશ્ચર્યથી જોવા લાગ્યાં. પણ ગાંધીજીનું મનોબળ ખૂબ મહાન હતું.

એક વિદેશી પત્રકારે તેમની મુલાકાત લઈ એકવાર તેમને પૂછ્યું, શું તમે આઝાદીની લડતમાં સફળ થઈ શકશો એમ તમને લાગે છે ?

ગાંધીજીએ કહ્યું કે ‘મને તેવી શ્રધ્ધા છે.’

તેનું કારણ શું ? પેલા પત્રકારે તરત બીજો પ્રશ્ન પૂછયો.

ગાંધીજીએ કહ્યું, ' કારણ કે ઈશ્વર દયાળુ છે. મને તેની દયા ને તેના ન્યાયમાં વિશ્વાસ છે. ' આ મહાનપુરુષે આવા દૃઢ મનોબળને લીધે જ ધારેલું કામ પૂરું કર્યું તે હવે તો ઈતિહાસ-પ્રસિધ્ધ વાત છે. જેમ મોટા પ્રસંગોમાં તેમ નાની વાતોમાં પણ મનોબળ અગત્યનો ભાગ ભજવે છે. આ મનોબળને કેળવો. મનની નબળાઈને ખંખેરી કાઢો. પછી તમારી ઈચ્છા પ્રમાણે વિકાસ જરૂર કરી શકશો.

**પ્રશ્ન :** સન્માન કરનારાને ના કરનારા બેમાંથી કયા મહાત્મા વધારે સારા ?

**ઉત્તર :** મહાત્મા કે સંતપુરુષો પાસે તમે માનની ઈચ્છા રાખો છો એ સારું છે ? તમે વિચાર તો કરો કે મહાત્માઓને માનાપમાનની શું પડી છે ! હા, પ્રાચીન કથાઓમાં આવે છે તેમ મહાત્માપુરુષો બીજાનું સન્માન કરે છે; પણ જ્યાં બાહ્ય સત્કાર ના દેખાય ત્યાં ગુસ્સે થઈ જવાની કે મહાત્માઓ વિશે હલકો અભિપ્રાય બાંધી દેવાની જરૂર નથી. જેમણે લૌકિક વાસના ને સંબંધોનો ત્યાગ કર્યો છે તેવા માણસો પાસેથી લૌકિક વ્યવહારની આશા ના જ રખાય. મહાત્માઓએ તમારો શું સત્કાર કરવાનો છે ? તેમના મુખ પરનું સ્મિત એ સત્કાર જ છે. તેમણે બધું છોડી દીધું છે, પ્રતિક્ષણ તે પ્રભુસ્મરણ કે આત્માનુસંધાનમાં મસ્ત છે. છતાં તમને પોતાની પાસે બેસવા દે છે ને શંકા સમાધાન કરે છે. એટલો જ તેમનો ઉપકાર માનો ને ! નહિ તો તેમને કોઈની પણ શી પરવાહ છે ? તે તો સદા આત્માનંદ ને ઈશ્વરપ્રેમમાં મગ્ન છે. એટલે કોઈ મહાત્મા પોતાના સ્વભાવ પ્રમાણે બાહ્ય સત્કાર કરે કે ના કરે તેટલા જ પરથી તેમના વિશે છેવટનો અભિપ્રાય બાંધી ના લેતાં. તેમના પરિચય ને ગાઢ પરિચય પછી જ નિર્ણય પર આવવું હોય તો આવજો. મહાત્માઓનાં ચરિત્ર ખૂબ જ ગહન હોય છે. લૌકિક દૃષ્ટિથી તે મૂલવી શકાતા નથી.

**પ્રશ્ન :** મુમુક્ષુપણું જાગે તે પછી શું થાય છે ? એટલે કે મુમુક્ષુત્વનાં લક્ષણ કેવાં હોય ?

**ઉત્તર :** મુક્તિની તીવ્ર ઈચ્છા અથવા પરમાત્માના દર્શનની ભૂખ એ જ મુમુક્ષુપણું કહેવાય છે. એ જાગે એટલે રાતદિવસ પરમાત્માને મેળવવા ને તે દ્વારા મુક્તિનું પરમસુખ પામવા માણસ આતુર બને છે. મીરાંએ આ દશાને શૂળી પરની સેજ કહી છે. કોઈએ તેને પાવક પરની પથારી કહી છે. મતલબ કે આ દશામાં માણસ ઊંઘ ભૂલી જાય છે, ખાવાપીવાનું તેને યાદ રહેતું નથી, કે ઈશ્વર વિના બીજી કોઈ વાત તેને સૂઝતી નથી, તે બેચેન બેચેન ફરે છે. આ બેચેની ટાળવા રાતદિવસ તે પ્રભુને પોકાર કરે છે, કે ધ્યાન અથવા નિદિધ્યાસન કરે છે, ને પરમશાંતિ, ઈશ્વર કે મુક્તિ મેળવીને જ ઝંપે છે. આવું મુમુક્ષુપણું જાગે તો પછી શું કહેવું ? રામકૃષ્ણ પરમહંસદેવ કહે છે કે ઈશ્વર માટે વ્યાકુળ હૃદયે કોઈ પ્રયાસ કરે તો ત્રણ જ દિવસમાં તેને શાંતિ મળે છે. મતલબ કે વ્યાકુળતા જાગ્યા પછી માણસને ઈશ્વરના દર્શન થયા વિના રહેતાં નથી. વ્હેલાં મોડાં પણ તેને દર્શન થવાનાં જ.

ભગવાન બુધ્ધનું જીવન જુઓ. શાંતિ માટે તેમણે કઠિન તપવ્રત કર્યાં, છતાં શાંતિ ના મળી. ત્યારે છેવટે તેમને સત્યપ્રાપ્તિની તીવ્ર ઉત્કંઠા થઈ. બોધિવૃક્ષની નીચે તેમણે દૃઢ ને વ્યાકુલ હૃદયે આસન જમાવ્યું ને સાત દિવસમાં શાંતિપદ મેળવી દીધું. પરીક્ષિતને પણ સાત દિવસમાં શાંતિ ને મુક્તિ મળી ગઈ. આજે કેટલીય ભાગવતની સપ્તાહ થાય છે છતાં વાંચનાર કે સાંભળનારને શુકદેવ કે પરીક્ષિત જેવું પરમપદ મળતું નથી, અથવા કહો કે કોઈકને જ મળે છે. આનું કારણ શું ? કારણ એ જ કે પરીક્ષિતના જેવી ભૂખ-

શાંતિ ને મુક્તિ માટેની- તરસ માણસના દિલમાં ભાગ્યે જ જાગે છે. કદીક તે જાગે છે તો ચિરકાલ લગી ટકતી નથી. આથી માણસનું જીવન ઈશ્વરકૃપાથી ધન્ય થઈ શકતું નથી.

જેનામાં સાચું મુમુક્ષુત્વ જાગ્યું છે તે તો બનતી વ્હેલી તકે શાંતિ કે પરમાત્માને મેળવવા તલપાપડ બનશે, કેમ કે તે જાણે છે કે આ નશ્વર શરીરનો કોઈ ભરોસો નથી. માટે તેની દ્વારા ઉત્તમ પુરુષાર્થ સાધવામાં પ્રમાદ કરવો ઠીક નથી. મુક્તિને માટેની તીવ્ર ઈચ્છા તેને પ્રમાદી થવા દેતી જ નથી. આવું મુમુક્ષુપણું આકાશમાં સૂર્યોદય પહેલાં આવતી મનોહર ઉષા સમાન છે: અથવા તો કહો કે પ્રેમાબ્ધિ જેવા પરમાત્માને માટે પૂર્ણિમાના ચંદ્ર સમાન છે: તેની પછી સત્યરૂપી સૂર્ય પ્રકટશે, અથવા પ્રેમસાગર પરમાત્મા તેનો ઉદય થતાં ઉલ્લાસથી સર્વસ્વ દાન કરવા ઉછાળા મારશે એ નક્કી છે.

☼ ☼ ☼

## ૩૮. ચમત્કારનો વિચાર

**પ્રશ્ન :** સારાસારા મહાત્માઓ ચમત્કાર કેમ નહિ બતાવતા હોય ? મને કોઈ મહાત્મા ચમત્કાર બતાવે તો હું એનો દાસ થઈ જઉં.

**ઉત્તર :** તમે કોઈ મહાત્માના દાસ થશો કે નહિ તેમાં મહાત્માને મેળવવાનું કે ખોવાનું કશું જ નથી. તે વાત તમારે માટે લાભની છે. મહાત્માને તેમાં કાંઈ ન્યાલ થવા જેવું નથી. તમે તેના ભક્ત નહિ બનો તો તેને કાંઈ દેવાળું કાઢવાનો પ્રસંગ નથી આવવાનો. ઈશ્વરની વિરાટ દુનિયામાં તમારી કિંમત કોડી બરાબર પણ ક્યાં છે ? તમે તો તૃણ બરાબર છો. જગતનું ઐશ્વર્ય જેના ઐશ્વર્યના અંશ બરાબર છે, તે પરમાત્મા સાથે મહાપુરુષોએ પ્રીત બાંધી છે. તે તો તેથી કૃતકૃત્ય છે. તેમને કાંઈ ભક્ત કે શિષ્ય બનાવીને કૃતાર્થ થવાનું રહ્યું નથી. ઈશ્વરનાં ચરણોમાં તેમને આનંદ છે. તમને શિષ્ય બનાવવા માટે તેમણે કોઈ ચમત્કાર બતાવવાની જરૂર નથી.

અને ચમત્કાર જોવાની શક્તિ હોય તો ઈશ્વરની દુનિયામાં ડગલે ને પગલે ચમત્કાર દેખાય છે. પ્રભુનું સર્જન - આ જગત - એક ચમત્કાર જ છે. મહાપુરુષોનાં જીવન પણ આવા ચમત્કારથી ભરપૂર છે. ફક્ત તેને જોવાની લાયકાત જોઈએ. જે સંસારના વિષયોમાં તમે રસ માણો છો, તેમાંથી મન ખેંચી લઈને મહાત્માઓએ સંસારના સ્વામીમાં તેને લગાડ્યું છે. આ ચમત્કાર ઓછો છે ? અસત્ય, કામ-ક્રોધ ને અનીતિથી તે નિવૃત થયા એ શું ચમત્કાર નથી ? આજની દુનિયામાં ધન, કીર્તિ ને સંસારના પદાર્થો માટે માણસ દોડધામ કરે છે. મહાપુરુષો તેવી દોડધામને મૂકી દઈ પરમાત્માને પંથે આગળ વધે છે. એ ચમત્કાર નહિ તો બીજું શું છે ? આજની દુનિયામાં તો સત્ય બોલવું ને બ્રહ્મચર્ય પાળવું એ પણ ચમત્કાર છે. આ ચમત્કારને ઓળખી તે પ્રમાણે જીવન જીવતાં શીખો. એ પછી સાધનાના માર્ગના બીજા મહાન ચમત્કાર જોવાની યોગ્યતા મળી શકે.

ધારો કે એક રોગી પથારીમાં પડ્યો પડ્યો મિષ્ટાન માગે છે. તમે તેને આપશો ? તેની તંદુરસ્તી માટે દાક્તરની સૂચના પ્રમાણે તેને ઉપવાસી જ રાખવો જોઈએ. એક જ રોગમાં માણસ કેવું કષ્ટ ભોગવે છે, ને

તેને કેવી ચરી પાળવી પડે છે ! ત્યારે માણસને અનેક રોગો થયા છે. સન્નિપાત કરતાં ભયંકર રોગથી તે ઘેરાયેલો છે. મદ, અભિમાન, તૃષ્ણા, વાસના, કામ, ક્રોધ, એવા અનેક રોગથી ઘેરાયેલા માણસને પહેલાં તો હૃદયશુધ્ધિ કરાવવી જોઈએ તે પછી જ તે આધ્યાત્મિક રહસ્યો માટે અધીકારી થઈ શકે. ત્યાં સુધી તે માર્ગે જતાં તેની આગળ ચમત્કાર કે શક્તિનું પ્રદર્શન કરવાનો કાંઈ જ અર્થ નથી.

☼ ☼ ☼

### ૩૯. ઈશ્વરદર્શન

**પ્રશ્ન :** ઈશ્વર કેમ મળતા નથી ?

**ઉત્તર :** આ વાત મને કેટલીયવાર પૂછવામાં આવે છે. તે વિશે મેં યથાશક્તિ કહ્યું પણ છે. એ સૌનો સાર એટલો જ છે કે ઈશ્વરને મેળવવાની તીવ્ર ઈચ્છા આપણામાં જાગી નથી. એટલે ઈશ્વર આપણને મળતા નથી. ઈશ્વર માટે ઉત્કટ ઈચ્છા જાગે, તેને માટે કોઈ પ્રયાસ કરે, રડે ને પ્રાર્થે, તો ઈશ્વર તેને જરૂર મળે. પણ એટલી ઉત્કટતા માણસમાં ક્યાં છે ? ઈશ્વર ન મળવાનું કારણ આમાં જ રહેલું છે. ઈશ્વર વિના હજી માણસને બીજા પદાર્થોની ખૂબ જ જરૂર છે. રાતદિવસ માણસ તેને જ માટે દુનિયામાં દોડધામ કરે છે. ઈશ્વર માટે તેવી દોડધામ કોણ કરે છે ? આજે તો માણસના હૃદયમાં વિકાર ને વાસના ઘર કરીને રહેલાં છે. આવા ગંદા ઉતારામાં ઈશ્વર ક્યાંથી ઉતરી શકે ? હૃદયને સાફ કરીને પ્રભુને માટે ખાલી કરવું જોઈએ. પ્રેમના સૂરથી પ્રભુને આમંત્રણ આપવું જોઈએ. તે વિના પ્રભુ ક્યાંથી મળે ?

પ્રભુને માટે રાતદિવસ કોણ બેચેન બને છે ? સંસારની ચિંતામાં માણસને ઊંઘ પણ આવતી નથી. સ્વપ્નમાં પણ ઘણીવાર સંસારના દૃશ્યો આવી ઊભા રહે છે, પણ ઈશ્વરની ચિંતામાં ઊંઘ ન આવી એવું બન્યું ? ઈશ્વરની ચિંતા સ્વપ્નમાં ઊભી રહી ? ઈશ્વરના પિપાસુ ભક્તો ઈશ્વરના વિરહમાં દિવસો સુધી સુખે સૂઈ શકતા નથી. તમારી એવી સ્થિતિ થઈ ? સત્યાનાશ વળી જાય ત્યારે માણસ કેવો ગાંડો થઈ જાય છે ? ઈશ્વર માટે એવું ગાંડપણ લાગ્યું ? કોઈ સ્નેહીનું મૃત્યુ થતાં માણસ રડવા કૂટવા માંડે છે, તેને ખાવાનું ગમતું નથી, બધે અકારૂં અકારૂં લાગે છે ને તે આપઘાત કરવા ઊભો થઈ જાય છે. ઈશ્વરને માટે એકવાર પણ રડવું આવ્યું ? એક પણ આંસુ પડ્યું ? ખાવાપીવાનું નીરસ લાગ્યું ? શરીરનો ભોગ આપવા ઈચ્છા થઈ ? જીવન એક દિવસ પણ ઈશ્વર વિના ભારરૂપ લાગ્યું ? આપણે તો સંસારના વિષયોમાં આનંદ કરીએ છીએ. ઈન્દ્રિયગમ્ય જગતમાં જ આનંદ માનીએ છીએ. પણ તે વિનાશી છે એમ સમજી અવિનાશી ઈશ્વરને મેળવવા કમ્મર કસતા નથી. ઈશ્વરની ભૂખ આપણને લાગી નથી. પછી ઈશ્વર ક્યાંથી મળે ?

નાના બાળકોની વાત તો તમને ખબર હશે. કેટલીકવાર તેમને રાતે કે મધરાતે પણ ભૂખ લાગે છે. તે રડીને માને ઊઠાડે છે. માને ઊંઘ ગમે તેટલી પ્રિય હોય, તો પણ તેનો ઊઠ્યા વિના છૂટકો થતો નથી. મોટા માણસો પણ રાતે ભૂખ્યા થતાં ચૂલો સળગાવી રસોઈ તૈયાર કરે છે. તે વિના તેમને ઊંઘ આવતી જ નથી. આવી ભૂખ આપણને ક્યાંક જાગી છે ? ઈશ્વર માટે આવી ભૂખ જાગશે એટલે ઈશ્વર આપણાથી દૂર નહિ રહી શકે. આપણને પ્રેમપૂર્વક જરૂર મળશે એ નક્કી છે.

૧૯૪૫માં હું દક્ષિણેશ્વર ગયેલો. ત્યાં રામકૃષ્ણદેવના ઓરડામાં બેસતાંવેંત મારી દશા વિચિત્ર થઈ જતી. નાના બાળકની જેમ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડાતું. કલાકો સુધી આવું રુદન એકધારું ચાલતું. મંદિરના પૂજારી તેમજ બીજા માણસો ભેગા થઈ જતા. તેમણે આવો વિચિત્ર માણસ જોયો ન હતો. આ રુદનનો આનંદ અજબ છે. અરે, તેનું એક જ આંસુ અતિ પાવનકારી છે. એ આંસુ જો માણસ પાડી જાણે તો ઈશ્વર તેના પ્રેમદોરે બંધાઈ જાય, ને તેનો પોતે ઋણી બને. પણ આપણામાં ઈશ્વર માટેનો થનગનાટ ક્યાં છે ? ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ દેવ, મીરાં, તુકારામ ને તુલસીદાસ જેવો પ્રેમ - તેના સોમા ભાગનો પણ પ્રેમ આપણામાં ક્યાં છે ? પછી ઈશ્વર ક્યાંથી મળે ? ઈશ્વર માટેની તીવ્ર ઈચ્છા ને તેને માટેનો પરમ પ્રેમ જગાવવાથી ઈશ્વર જરૂર મળી શકે છે. આજ લગી એ જ રીતે મળ્યા છે.

**પ્રશ્ન :** મહાપુરુષો તેમજ શાસ્ત્રો સાધકને જન્મ, જરા, વ્યાધિ ને મૃત્યુનો વારંવાર વિચાર કરવાનું શું કામ કહે છે ?

**ઉત્તર :** કેમ કે વારંવારના વિચારથી વિવેક જાગે છે. જીવનમાં આ ચારે વસ્તુ રહેલી છે. માણસ જો તે વિશે સારી પેઠે વિચાર કરે તો સંસારમાં આસક્ત થવા જેવું તેને કશું જ લાગે નહીં. જરા, વ્યાધિ ને મૃત્યુના હાથમાં જનારા શરીર દ્વારા પછી તે કેવળ વિષયસુખ ભોગવવાને બદલે ઈશ્વરના ચરણોનો પ્રેમી બને, ને આ શરીરથી પરમાત્મદર્શન કરીને પરમસુખ ને મુક્તિનો આનંદ મેળવી લે. ભોગમય જીવનમાં જળોની જેમ વળગેલા માણસને એ વિના એટલે કે મૃત્યુ, જરા ને વ્યાધિના વિચાર વિના વૈરાગ્યનો થવાનો લેશ પણ સંભવ નથી. આ વૈરાગ્ય પછી જ ઈશ્વરદર્શન કે આત્મ-સાક્ષાત્કાર થઈ શકે છે.

☼ ☼ ☼

## ૪૦. જ્ઞાનીની દશા

**પ્રશ્ન :** માનસિક નિર્બળતા કેમ ટળે ?

**ઉત્તર :** સર્વ પ્રકારની નિર્બળતાને ટાળવાનો એકમાત્ર રામબાણ ઉપાય ઈશ્વરી પ્રેમની પ્રાપ્તિ છે. સૂર્યની તરફ ફરો ને સૂર્યની દિશામાં ચાલવા માંડો એટલે અંધકારનો નાશ આપોઆપ થાય છે. તેવી જ રીતે માનવની બધી જ ત્રુટિઓ, બધી જ નિર્બળતા ને દુ:ખને દૂર કરવાનો ઉપાય ઈશ્વરપ્રાપ્તિ છે. આ સમજી તેને માટે પ્રયાસ કરવો જોઈએ, ઈશ્વરને પ્રાર્થના કરવી જોઈએ. ઈશ્વરની કૃપાથી બધી જ ત્રુટિનો અંત આવે છે.

**પ્રશ્ન :** જ્ઞાનીની દશા કેવી હોય છે ? તેના બે-ત્રણ લક્ષણ કહેવા વિનંતી છે.

**ઉત્તર :** ગીતા જેવો જ્ઞાનનો સુંદર ગ્રંથ બીજો કયો છે ? જ્ઞાન વિશે ગીતાએ જુદે જુદે સ્થળે જુદી જુદી વાતો કહી છે. જ્ઞાની વિશે પણ પ્રસંગોપાત ઉલ્લેખ કર્યો છે. તે બધું જોઈને વિચાર કરો તો જણાશે કે કૃષ્ણ ભગવાને જ્ઞાનીની સરખામણી એક જ સ્થળે કરી છે. જ્ઞાની કેવો હોય તે વિશે ગીતામાં એક સ્થળે સુંદર ઉપમા મૂકી છે. ત્યાં જ્ઞાનને સાગરની સાથે સરખાવવામાં આવ્યો છે.

आपूर्य माणमचलप्रतिष्ठ समुद्रमाय: प्रविशान्ति यद्वत् ।

આ શ્લોકનો વિચાર કરી જુઓ તો મારા કથનની ખાત્રી થશે. સમુદ્રની સાથે સરખાવવાનું કારણ એ જ કે જ્ઞાની જ્ઞાનનો સમુદ્ર છે, જ્ઞાનનો ભંડાર છે. સમુદ્રની જેમ તેનામાં ગંભીરતા છે, શાંતિ છે. ચંચલતા નથી, પણ નિશ્ચલતા છે, ને પોતાના મહિમામાં પ્રતિષ્ઠિત છે. સત્વગુણની મર્યાદા કદી છોડતો નથી. સમુદ્રની જેમ તેનામાં ગંભીરતા છે, પણ તે ગંભીરતા આકરી લાગે તેવી એટલે કડવી દવા પીને બેઠેલા માણસ જેવી ગંભીરતા નથી. તેમાં મધુરતા ભળેલી છે. જેમ સમુદ્રના તરંગ અવાજ કરે છે; પણ ધ્યાનપૂર્વક જોશો તો તે અવાજમાં સંવાદ ને માધુર્ય દેખાશે. જ્ઞાનીની પ્રવૃત્તિ પણ આ રીતે મધુર તેમજ સંવાદી હોય છે.

સાધારણ ભાષામાં જ્ઞાનીની અવસ્થા સમજાવવા કેટલીક વાર ખીચડીનું દૃષ્ટાંત વપરાય છે. ખીચડી કાચી હોય ત્યાં લગી તે ખદબદ થયા કરે છે. પાકી જતાં શાંત બની જાય છે. એવી રીતે પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થતાં માણસ શાંત બની જાય છે. કામક્રોધાદિ વિકારો ને અહંતા-મમતાનાં બંધનને લીધે જે અશાંતિ, ભેદભાવ ને ચંચળતા ઊભી થાય છે, તેનાથી તે મુક્ત હોય છે. તેના વિચાર, તેની વાણી ને તેનું વર્તન પુણ્યમય હોય છે. તેમાં મીઠાશ હોય છે.

આ મધુરતા કાંઈ એમનેમ આવતી નથી. મધ એકઠું કરવા માખીને કેટલો પુરુષાર્થ કરવો પડે છે ! જંગલ ને વન તેમજ ઉદ્યાનોમાં તે ફરે છે, ફૂલનો રસ ચૂસે છે, ને મધપૂડો રચે છે. તેમ જ્ઞાનીનું પણ સમજવાનું છે. જીવનના ખારા, મીઠા કે સારાનરસા અનુભવોમાંથી ને અનેકરંગી વાતાવરણમાંથી તેણે ગુણગ્રાહક બનવાનું છે ને હૃદયને મધપૂડા જેવું મધુર ને રસાળ તેમજ અમૃતમય કરવાનું છે.

આ મધુરતા મેળવવા માણસે સંસારમાં કેવી રીતે રહેવું તે પણ ગીતામાં સુંદર રીતે કહ્યું છે. ગીતા એ માટે પણ રૂપક જેવી રસમય કલ્પના રજૂ કરે છે. સંસાર કાદવ જેવો છે. પદ પદ પર સરકી ને લપસી પડવાનો તેમાં ભય છે. માયાનું સ્વરૂપ કાદવ જેવું કાળું ને માણસને લપટાવનારું છે. આ સંસારમાં માણસે પોતાનું મુખ કે હૃદય ઈશ્વર તરફ ખૂલ્લું રાખવાનું છે. કમલની દાંડીની જેમ પગ ભલે સંસારમાં રહે, જન્મથી ભલે સંસારમાં જીવવું પડે, કમલની પાંદડીની જેમ ઈશ્વર તરફ પોતાનું સર્વસ્વ ખૂલ્લું કરીને માણસે આગળ વધવાનું છે. તો જ સંસારનાં ભયસ્થાનોમાંથી તે છૂટી શકે ને કાદવમાંથી પાર ઊતરી જાય. આ માટેના ગીતાના શબ્દ ખૂબ સુંદર છે. જ્ઞાની આ જગતમાં કેવી રીતે રહે છે તે સમજાવવા 'પદ્મપત્રમિવાંભસા' એનો પ્રયોગ ગીતામાં કરવામાં આવ્યો છે.

એટલે સત્વગુણની પ્રતિષ્ઠા દ્વારા ગંભીરતા ને મધુરતા તેમજ ઈશ્વરપરાયણતા એ જ્ઞાનીનાં મહત્વનાં લક્ષણ છે. તે વિના શાંતિ મળી શકતી નથી, મુક્તિ થઈ શકતી નથી, એમ ભારતીય સંસ્કૃતિ કે તત્વજ્ઞાનનું કહેવું છે.

**પ્રશ્ન :** તો પછી જ્ઞાનીઓમાં આવું દેખાતું કેમ નથી ? શાસ્ત્રજ્ઞાન ખૂબ હોવા છતાં જીવનમાં મધુરતા વિગેરે કેમ ભાગ્યે જ દેખાય છે ?

**ઉત્તર :** શાસ્ત્રો વાંચવા ને તે પ્રમાણે જીવન જીવવું એ બે જુદી જ વાતો છે. એટલું સમજાય તો તમારા પ્રશ્નનો ઉત્તર સહેલાઈથી મળી જાય. શાસ્ત્રો કેવળ વાંચવાના જ નથી. પણ તેનું મનન કરી તેમાંથી તત્વ શોધી કાઢવાનું છે. પછી તેને જીવનમાં ઊતારવાનું છે. આ ક્રમને આચરવાની જરૂર છે. ઈશ્વરે પશુને એક વિશેષતા આપી છે. તે ઘાસ ખાય છે, પણ જો ધીરે ખાવા બેસે તો પાર ના આવે. તેનો માલિક સ્વાર્થને

લીધે તેને કામમાં જોડે ને વિચાર ભાગ્યે જ કરે કે તે ભૂખ્યાં છે કે ધરાયેલાં. ત્યારે ઈશ્વરે એવું કર્યું છે કે તેમને વાગોળવાનું આપ્યું છે. એકવાર તે ઘાસ ખાઈ લે છે, ને નિરાંતે બેસીને તેને ફરી ચાવે છે. જ્ઞાન સાંભળીને કે વાંચીને આવી રીતે પાછું વાગોળવાની જરૂર છે. તો જ સારી રીતે પુષ્ટિ મળે. શાસ્ત્રોને બહુ જાણવાની ખાસ જરૂર નથી. જરૂર તેના તત્વની છે. એટલે સાચો જ્ઞાની તત્વને ગાંઠે બાંધી લે છે. તેનું કામ એક નિષ્ણાત વૈદના જેવું છે. તે જંગલમાં-વનમાં ફરે છે, અનેક જાતની બુટ્ટીઓ એકઠી કરે છે, ને તેમાંથી સત્વ કાઢે છે. જ્યારે રોગી આવે છે ત્યારે તેની નાડ જોઈને તે જડીબુટ્ટી આપતો નથી. તેમજ રોગીને બુટ્ટી શોધવા માટે જંગલના નામ પણ લખાવતો નથી. પરંતુ તે તો પેલા સત્વ કે અર્કને જ આપે છે. તેમાં તે સેવા માને છે. આ રીતે જ્ઞાની પાસે કોઈ જ્ઞાનનો તરસ્યો સંસારનો રોગી પધારે છે ત્યારે જ્ઞાની પણ મહામહેનતે મેળવેલો જ્ઞાનનો સાર તેને નાડ જોઈને આપે છે. નાડ જોવાનું કારણ એટલું જ છે કે તેથી અધિકારીની પરીક્ષા થાય છે, ને રોગનું મૂળ સમજાય છે.

આ સત્વ કાઢવાને માટે હૃદયશુધ્ધિની જરૂર સૌથી વધારે છે. હૃદયશુધ્ધિનો પાયો જેટલો મજબૂત તેટલી જ આત્મિક વિકાસની ઈમારત મજબૂત બનવાની. આ માટે માણસે પોતાની ભૂલો ને ત્રુટિઓને શોધી શોધીને દૂર કરવી જોઈએ. આ રીતે હૃદય શુધ્ધ થતું જશે તેમ તેમ ઈશ્વરી જ્ઞાન ને પ્રકાશનો અનુભવ પણ વધતો જશે. શાસ્ત્રજ્ઞાનની સાથે સાથે આવું જીવનદર્શન સમજવાની જરૂર છે.

☼ ☼ ☼

## ૪૧. ગુરુનું મુખ્ય કાર્ય

**પ્રશ્ન :** ગુરુની જરૂર ખરી ? ગુરુનું મુખ્ય કાર્ય શું હોય છે ?

**ઉત્તર :** તમારે ગુરુની જરૂર છે કે કેમ તે તમારી મેળે જ નક્કી કરવું જોઈએ. શાસ્ત્રો ને મહાપુરુષો ગુરુની જરૂરત સ્વીકારે છે. આધ્યાત્મિક માર્ગ પર પ્રતિષ્ઠિત થવું હોય તો ગુરુ આવશ્યક છે. તે તમને માર્ગદર્શન આપે છે, ને તમારી શંકાનું નિવારણ કરે છે.

ગુરુ એટલે શું એ વાતનો વિચાર કરો એટલે ગુરુનું કાર્ય શું એ સમજી શકાશે. ધારો કે એક બાળકની માતા એક જ ગામમાં પણ કોઈને ત્યાં કામપ્રસંગે ગઈ છે. બાળકને તે કોઈ સ્થળે મુકી ગઈ છે. હવે આ બાળક માતાની પાસે જવા આતુર બનીને રડવા માંડ્યું. ઘરના માણસને બાળકની માતા ક્યાં ગઈ છે તેની ખબર હતી. બાળક કેમ કરી માન્યું કે છાનું રહ્યું નહીં, એટલે તે માણસ બાળકને લઈને પેલી માતા પાસે જવા નીકળ્યો, પરિણામે બાળક માતાને મળીને ગેલ કરવા લાગ્યું.

આ પ્રમાણે જીવાત્મા પરમાત્માથી અલગ પડેલો છે. તે જ્યારે પોતાની મા એટલે મૂળ ચેતનશક્તિ પરમેશ્વરની પાસે જવા આતુર બને છે ને તલસે છે, ત્યારે ગુરુ તેની વહારે આવે છે. આ ગુરુને પરમાત્મા સંબંધી બધી માહિતી હોય જ છે, તેણે પરમાત્માની સાથે પરિચય કેળવ્યો હોય છે. એટલે જ કૃપા કરીને તે જીવાત્માની આંગળી પકડે છે ને તેને માર્ગ પર ચઢાવીને - દોરીને તેને ઈશ્વરરૂપી માની પાસે લાવી દે છે. આમ ગુરુ જીવ ને શિવનો મેળાપ કરાવી દે છે, જીવાત્માને પરમાત્મા પાસે પહોંચાડે છે. આટલી મોટી તેની

શક્તિ ને જવાબદારી હોય છે. આ જ ગુરુનું મુખ્ય કાર્ય છે. જિજ્ઞાસુ કે શિષ્યનું બંધન તોડાવી ને માર્ગ બતાવી તેને શાંતિ ને મુક્તિ આપી તેનો ઉધ્ધાર કરવાનું મહાન કાર્ય ગુરુ કરી દે છે.

**પ્રશ્ન :** બધા જ ગુરુમાં આવી શક્તિ હોય છે ?

**ઉત્તર :** જે ઉપરના સાચા અર્થમાં ગુરુ છે, તેમનામાં આવી શક્તિ જરૂર હોય છે. માટે તો તે ગુરુ કહેવાય છે. કૃષ્ણ, બુધ્ધ, ઈશુ, મહમ્મદ, જરથુસ્ત, મહાવીર, નાનક વિગેરે આવા જ ગુરુ હતા. પણ જે ફક્ત ગુરુના શબ્દથી ને પદથી મોહાઈ ગુરુ બનવા ઉતાવળો બને છે, જે ધન ને કીર્તિના મોહમાં ફસાઈ ઈશ્વરપ્રાપ્તિ  કે આત્મશાંતિથી દૂર રહે છે, તેનામાં આવી શક્તિ ન જ હોય એ દેખીતું છે. તેમને સાચા અર્થમાં ગુરુ કહી શકાય નહીં.

**પ્રશ્ન :** આવા ગુરુની પ્રાપ્તિ કેવી રીતે થાય ? આવા ગુરુ કાંઈ પણ પ્રયાસ કર્યા વિના જ કૃપા કરી દે તો શું ખોટું ?

**ઉત્તર :** પેલા બાળકની જેમ ઈશ્વરને માટે આતુર બનો પછી ગુરુ તો તમને આપોઆપ મળી જશે. આવા ગુરુ કે ઈશ્વરની કૃપા એમનેમ થઈ શકે નહીં. કોઈ વિદ્યાર્થી નિશાળમાં જાય નહીં, અભ્યાસ કરે નહીં, છતાં ફાઈનલના સર્ટિફિકેટની ઈચ્છા કરે તો તે કેમ મળે ? નિશાળમાં જઈને ખંતથી અભ્યાસ કરવો જોઈએ. તે પ્રમાણે શાસ્ત્રો ને મહાત્માઓએ બતાવેલા માર્ગે વિકાસ કરવો જોઈએ. તે વિના કેવળ બેસી રહેવાથી કે તરંગો કરી ઘાટ ઘડવાથી ગુરુ કે ઈશ્વરની કૃપા થાય નહીં, સમયની બરબાદી થાય તે જુદી.

☼ ☼ ☼

## ૪૨. ઈશ્વર વિશે

**પ્રશ્ન :** ઈશ્વર કે આત્મા તો સર્વવ્યાપક છે. તે તો અમને પ્રાપ્ત જ છે. તેને મેળવવાનું બાકી જ ક્યાં છે ?

**ઉત્તર :** તમારી વાત જ્ઞાનના સિધ્ધાંતની દૃષ્ટિએ સાચી છે, પણ વાસ્તવિકતાની દૃષ્ટિએ સાચી નથી. અદ્વૈત જ્ઞાનના મહાન પ્રચારક શંકરાચાર્ય પણ આ સિધ્ધાંત કહી ગયા છે. પણ સાથે સાથે તેમણે કહ્યું છે કે વર્તમાનકાળમાં માણસ કઈ ભૂમિકામાં છે તે શોધી કાઢી આગળ વિકાસ કરવાની જરૂર છે. આ માટે ષટ્સંપત્તિની પ્રાપ્તિ તેમજ તે પછી આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરવા તેમણે કહ્યું છે. તે ઉપરાંત, આત્મસાક્ષાત્કાર માટે એકાંતમાં ધ્યાન દ્વારા સમાધિ સુધી પહોંચવાની આવશ્યકતા પણ તેમણે સ્વીકારી છે. આટલી કક્ષાએ પહોંચ્યા પછી જ ઈશ્વર કે આત્મા સર્વવ્યાપક છે એવી પ્રત્યક્ષ અનુભૂતિ થઈ શકે છે. તે વિના કેવળ બોલવાથી કે સિધ્ધાંતના રટણથી કંઈ જ વળતું નથી. આટલી કક્ષાએ પહોંચશો પછી બીજા જ તમને કહેશે કે તમે ઈશ્વરપ્રાપ્ત ને કૃતકૃત્ય છો. તમે ના પાડશો તો પણ જ્ઞાની પુરુષો નહિ માને, ને છૂપાવવા જશો તો પણ તમારી ઉચ્ચ આધ્યાત્મિક દશા ગુણગ્રાહી પુરુષોથી ગુપ્ત નહીં રહી શકે. બાકી તમારી પોતાની જાહેરાતથી કોઈ ભ્રમમાં પડીને તમને આત્મદર્શી પુરુષ માની લેશે એમ માનશો નહિ. તમારી ઉચ્ચ આધ્યાત્મિક દશાની

જાહેરાત વાણી દ્વારા જ નહિ, પણ તમારા વર્તન દ્વારા થવા દેવાની છે એ ભૂલવાનું નથી. ને વર્તન જ તેનું મુખ્ય વાહન છે.

ઈશ્વરપ્રાપ્ત પુરુષના કેવાં લક્ષણ હોય તે મહાન પુરુષો ને શાસ્ત્રોએ નક્કી કરેલું છે. ગીતા, ઉપનિષદ ને રામાયણ કે ભાગવત જેવા કેટલાય ગ્રંથો ઈશ્વરપ્રાપ્ત પુરુષની કસોટી માટે લાયકાતના પ્રમાણપત્રો રજૂ કરે છે. તેવી લાયકાત મેળવ્યા વિના જ પોતાને કૃતકૃત્ય ને મુક્ત માની બેસવું એ ઠીક નથી. એ તો ખોટા અહંભાવમાં ગૂંગળાઈ જઈને આત્મઘાત કરવા જેવું છે. આ વૃત્તિથી ચેતતા રહી, સતત આત્મનિરીક્ષણ કરી, સાચા અર્થમાં આત્મદર્શી થવાની જરૂર છે. અત્યારે તો તમારામાં ભય છે, કામક્રોધ, લોભ, વાસના, વિષયોનો રસ બધું છે, પછી તમે આત્મદર્શી ક્યાંથી કહેવાઓ ? ભેદભાવથી ભરેલા જીવનને બદલે જ્યારે તમારું જીવન અભેદભાવમાં પ્રતિષ્ઠિત થશે, પ્રેમ, દયા, સત્ય, અહિંસા, સનાતન શાંતિ ને ઈશ્વરદર્શન દ્વારા પૂર્ણ શક્તિ ને મુક્તિ મેળવશે, ત્યારે તમારાં નેત્રોમાં નવી જ ચમક હશે. મુખ પર નવો જ આનંદ ને શાંતિ તેમજ દિવ્ય સ્મિતની ઝલક હશે, નિર્ભયતા ને કામવાસનાની નિવૃતિના ફળરૂપ પવિત્રતાથી તમારું દર્શન પાવનકારી બન્યું હશે, ને ઈશ્વરની અનુભૂતિમાં ઓતપ્રોત થયેલો તમારો આત્મા મહાન ને વિરાટ બન્યો હશે. આવી અવસ્થામાં તમારે મહાનતાનો દાવો કરવાની જરૂર નહીં રહે. ત્યાં લગી ખૂબ સાવધ રહીને ખોટા સંતોષથી દૂર રહી આધ્યાત્મિક સાધનાના માર્ગમાં વિકાસ કરતા રહેજો.

☼ ☼ ☼

## ૪૩. ઘરેણાંની ચોરી

**પ્રશ્ન :** અમારા ગામનાં મંદિરમાંથી કોઈ ભગવાનનું ઘરેણું ચોરી ગયો છે. આવી રીતે કેટલાંય મંદિરમાંથી ચોરી થાય છે, છતાં ભગવાનમાં શક્તિ કે સત્યતા હોય તો શા માટે કાંઈ કરતા નથી ? તે ઊભા થઈને ચોરને શું કામ અટકાવતા નથી ? આના પરથી સાબિત નથી થતું કે પોતાની રક્ષા કરવાને પણ જે સમર્થ નથી તે ભગવાનને ભજવામાં અજ્ઞાન જ રહેલું છે ?

**ઉત્તર :** તમે ઠીક પ્રશ્ન પૂછયો છે. મંદિરમાંથી ચોરીઓના બનાવ હમણાં હમણાં વધતા જાય છે. પણ આ માટે તમારા જેટલી ઝડપથી ઈશ્વરને દોષિત ઠરાવી તેની અંદર અવિશ્વાસ મૂકવાનો કોઈ જ અર્થ નથી. એવું મોટું સાહસ ના કરવું જોઈએ. તેની પાછળ કેટલાંક કારણો રહેલાં છે. તે કારણોનો સ્વસ્થ ચિત્તે વિચાર કરવાથી સમજવાનો નવો મસાલો મળી શકે છે.

સૌથી પ્રથમ તો એ સમજવાનું છે કે મંદિરમાં થતી ચોરીઓ માટે વધારે ભાગે પૂજારી કે વ્યવસ્થાશક્તિ કે સાવધતાનો અભાવ જવાબદાર હોય છે. આપણી નબળાઈને લીધે જે ચોરી થઈ તેને માટે ભગવાનને દોષ દેવાનું પગલું બરાબર નથી. બીજું, મંદિરોમાં આપણે જે ઘરેણાં તેમજ શણગાર વિગેરે ચઢાવીએ છીએ તે કાંઈ ભગવાનના કહેવાથી ચઢાવતા નથી, પણ આપણી વાસના કે પૂજાની ઈચ્છાથી જ ચઢાવીએ છીએ. શણગાર તો શું પણ, મંદિરોની રચના પણ વધારે ભાગે આપણે સ્વેચ્છાથી પ્રેરાઈને કરીએ છીએ. ત્યારે જે વસ્તુમાં આપણી મમતા છે, જે ભગવાનના કહ્યા કે માગ્યા વિના આપણે પોતાની મેળે જ

કરીએ છીએ, તેની રક્ષાનું કામ પણ આપણું જ છે. એ સમજવું તદ્દન સહેલું જ છે. ભગવાનને તમે ઘરેણાં ચઢાવો તેથી તે ખુશ થતાં નથી તેમજ ના ચઢાવો તેથી તેમને શોક પણ નથી. સોનું, ચાંદી તેમજ સુંદર વસ્ત્રો ને ધનની વાસના તો તમને છે. તેની કિંમત પણ તમારા પાર્થિવ ચક્ષુને ને તમારે માટે છે, ઈશ્વરને માટે તેની કિંમત કંઈ જ નથી. તેના દરબારમાં તો શુધ્ધ રાગાત્મિકા ભક્તિનું જ મૂલ્ય છે. તેથી તમે ઘરેણાં જેવી વસ્તુઓ તેમની પાસે મૂકો કે તેની પાસેથી લઈ લો તેમાં તેમને મેળવવાનું કે ખોવાનું કશું જ નથી. લાભ કે નુકશાન તો તમને છે કેમ કે તે વસ્તુની મમતા કે આસક્તિથી તમે બંધાયેલા છો. તો પછી ચોરી માટે ભગવાનને દોષ દેવાનું રહે છે જ ક્યાં ? ભગવાન કાંઈ આસક્તિ ને રાગદ્વેષવાળી વ્યક્તિ નથી કે ચોરને દંડ દેવા તૈયાર થઈ જાય. ચોરને દંડ તો તેના કર્મથી મળવાનો જ છે. કર્મનો નિયમ કામ કર્યા જ કરે છે એ આપણે ક્યાં નથી જાણતા ?

ભગવાનની વાત જવા દઈએ ને મહાત્માઓ વિશે વિચાર કરીએ તો પણ આ વિશે ઘણું જાણવાનું છે. કેટલાક સારા મહાત્માઓ ચોરનો પ્રતિકાર કરે છે, પણ તેનું કારણ તેમની મમતા કે રાગદ્વેષ નથી હોતું પણ ચોરને ચોરીના દુષ્કર્મમાંથી પાછા વાળવાનું કે સુધારવાનું જ તેમનું લક્ષ્ય હોય છે. બાકી એક બીજી કોટિના મહાત્માઓ વિશે જાણવા જેવું છે. બદરીનાથમાં સિધ્ધબાબા સુંદરનાથજી કરીને એક મહાત્મા હતા. તે બિલકુલ નગ્ન રહેતા. કેટલાક ધની યાત્રાળુ આવે તે તેમને ગરમ શાલ ઓઢાડી જતા ને મોટી રકમની ભેટ તેમની પાસે મૂકતા. સુંદરનાથજી વધારે ભાગે સમાધિ દશામાં રહેતા અને જાગૃતિમાં હોય તો પણ આ વસ્તુઓ જોઈને રાજી થતા નહિ અથવા તો મૂકનારને મના પણ ના કરતા. ત્યાં રહેતા પંડા એટલે તીર્થના પુરોહિતો તે શાલ ને ભેટ વિના પૂછ્યે લઈ જતા. આ વાત તેમને માટે સ્વાભાવિક થઈ હતી, ભેટનો માલ લેવામાં તે સંકોચ અનુભવતા નહીં. સુંદરનાથજી પણ પંડાઓને કાંઈ જ કહેતા નહી. કેમ કે તે પરિપૂર્ણ હતા. લોકો તેમની પાસે ભેટ મુકે કે તેમની પાસેથી ભેટ લઈ લે તેમાં તેમને કોઈ જ હર્ષશોક ન હતો. તે સ્થૂલ વસ્તુની કિંમત તો બીજાને માટે હતી. પછી સુંદરનાથજી પેલા ભેટ લઈ જનારા માણસો સાથે ટંટો શું કામ કરે ? એમના જેવી સ્થિતિ ના હોય તેવા મહાત્માઓએ પ્રતિકાર કરવો જોઈએ, પણ સુંદરનાથજી જેવા મહાત્માઓનું વર્તન તો આ જ રહેશે. બીજા માણસોને આ વર્તનમાં ભૂલ લાગે તો તેમાં સુંદરનાથજીને ના સમજવાનું જ કારણ છે. આ જ પ્રમાણે પૂર્ણકામ ઈશ્વરનું સમજવાનું છે. તેમને સમજીએ તો આપણા બધા સંદેહ ને ભ્રમ દૂર થઈ જાય છે ને દરેક દશામાં તેમની શ્રધ્ધા કાયમ રહે છે.

પણ આ માત્ર બુધ્ધિનો વિષય નથી. ભગવાન ને તેની ભક્તિને હૃદય સાથે વધારે સંબંધ છે. આ હૃદયને જાગ્રત કરીને ભગવાનના ભાવમાં તરબોળ બનો, ભગવાનની પાસે ને પાસે પહોંચવાનો પુરુષાર્થ કરો, એટલે તમે ભગવાનના રહસ્ય કૈંક સમજી શકશો. ભગવાન વિશેની વાતો વિચારી શકશો. ભગવાન વિશે વિચારવાનો આ જ માર્ગ છે. પણ આ પરિપાટી આજે ભૂલાઈ ગઈ છે એટલે સૌ મન ફાવે તેમ ભગવાન વિશે અભિપ્રાય આપવા માંડે છે, એટલે કે હવામાં વાણીના ગોળા ફેંકે છે. જે વસ્તુનો માણસને બિલકુલ પરિચય નથી તે વિશે તે મૌન રાખે તે વધારે સારું છે. આજે તો માણસ અહંતા-મમતામાં મસ્ત છે, રાગદ્વેષ ને સંસારના વિષયોમાં ગ્રસ્ત છે; ભગવાનની તરફ જવાને બદલે જીવનમાં તે ભગવાનથી ઊલટી જ દિશામાં જઈ રહ્યો છે: પછી ભગવાન વિશેની સાચી દૃષ્ટિ તેનામાં ક્યાંથી આવવાની હતી ? જે વિષયનું મને જ્ઞાન ન

હોય તે વિશે બોલીને હું તે વિષયને અન્યાય કરી બેસું. આપણા સંબંધમાં પણ આવું જ થયું છે. આ રીતને સુધારવાની જરૂર છે. તો જ ભગવાન વિશે આપણે યથાર્થ માહિતી મેળવી શકીશું. તેથી ભગવાન પ્રત્યેની શ્રધ્ધા વધતી જશે. બાકી આપમેળે કરેલાં વિચારના તરંગોથી ભ્રમિત થઈ ઈશ્વર પરની શ્રધ્ધા કે પૂજાની નિષ્ઠા ખોઈ બેસીશું, તો સરવાળે નુકશાન આપણને જ થવાનું છે. આવું દુસ્સાહસ કરતાં પહેલાં હજાર વાર વિચાર કરીએ, ધીરજ રાખીએ ને આધ્યાત્મિક માર્ગના પ્રવાસીની સલાહ લઈએ.

☼ ☼ ☼

## ૪૪. અમરતાનો માર્ગ

**પ્રશ્ન :** ઘરડા માણસને પણ મરવાની ઈચ્છા નથી થતી તેનું શું કારણ હશે ?

**ઉત્તર :** ઘરડા કે જવાન કોઈયે માણસને મરવાનું ક્યાં ગમે છે ? દરેક માણસ વધારેમાં વધારે જીવવાની ને બની શકે તો કાયમને માટે અમર રહેવાની ઈચ્છા રાખે છે. આમાં જીવનથી કોઈ પ્રકારે કંટાળેલા થોડાક માણસો અપવાદરૂપ છે. ને આ વૃત્તિથી આશ્ચર્ય પામવાની જરૂર નથી તેમજ તેને ખોટી કે હીન કહેવાની પણ જરૂર નથી. કેમ કે માણસના સ્વભાવમાં જ આ વૃત્તિ રહેલી છે. દરેક માણસ વધારેમાં વધારે સુખ કે આનંદ મેળવવાની ઈચ્છા કરે છે. બીજું, વધારેમાં વધારે જાણવાનું પણ તેને મન થાય છે. સૃષ્ટિનું રહસ્ય જાણવાનું, ભાવિ જાણવાનું, વિગેરે કેટલીય જાતનું જ્ઞાન મેળવવાનું માણસ ઈચ્છે છે. ને વધારેમાં વધારે જીવનની ઈચ્છા પણ તે રાખે છે. આ વૃત્તિઓનું કારણ એ જ છે કે પોતે સત્ય સ્વરૂપ - એટલે જેનો કોઈ દિવસ નાશ નથી એવો, જ્ઞાન સ્વરૂપ ને આનંદ સ્વરૂપ છે. આત્માને મુખ્યત્વે આ ત્રણ લક્ષણવાળો કહેલો છે. એટલે માણસ પોતે મુળભૂત રીતે સચ્ચિદાનંદ હોઈ જીવનમાં સચ્ચિદાનંદ બનવાની એટલે કે અવિનાશી કે જ્ઞાનસ્વરૂપ થવાની અભિલાષા તે હંમેશા જાણ્યે અજાણ્યે પણ સેવે છે.

**પ્રશ્ન :** તો પછી અમર બનવાનો -મૃત્યુને મારી હઠાવવાનો કોઈ માર્ગ છે ?

**ઉત્તર :** જરૂર છે. ભારતના મહાન યોગીપુરુષો ને આત્મનિષ્ઠ ઋષિવરો જેમણે હજારો વર્ષ પહેલાં આત્મા ને પરમાત્મા વિશે સાધના કરીને અનુભવો મેળવ્યા છે, તે મહાન પુરુષો મૃત્યુને મારવાની સમસ્યામાં પણ સફળ થયા છે, ને કોઈ પણ જાતના ભેદભાવ વિના સમગ્ર માનવજાતિને માટે અમર બનવાની કુંચી મુકતા ગયા છે. આ માટે ભારતીય સંસ્કૃતિ ગૌરવ લઈ શકે તેમ છે. આજે પણ ઋષિમુનિની પુત્રી જેવી એ સંસ્કૃતિ સમગ્ર સંસારને અમૃતમય થવાનો માર્ગ ચીંધતી એવા જ ગૌરવપૂર્ણ વદને ઊભી રહી છે. માનવની અંદરની ચેતનાનું અનુસંધાન કરી આ સંસ્કૃતિએ અનુભવના અમૂલ્ય મોતી આપણી આગળ ધર્યા છે. પણ આપણે એ માર્ગે ક્યાં જઈએ છીએ ? એ મોતીને મેળવવાની મહેનત આપણે ક્યાં કરીએ છીએ ? નહિ તો ભારતીય સંસ્કૃતિના વારસદાર થઈ આપણે જ આવો પ્રશ્ન કરત ? એ સંસ્કૃતિને જીવનમાં પચાવી નથી એટલે જ આપણી દીનતા ટકી રહી છે. અહીંયા આજે કડવાશ, અશાંતિ ને પ્રજાપ્રજા વચ્ચે ઠંડા યુધ્ધના ઝેરની જ્વાળા ફેલાઈ રહી છે. આની દવા એક જ છે. ભારતીય સંસ્કૃતિના વેરને બદલે પ્રેમના, નિષ્કામ કર્મ ને સેવાના, ઈશ્વરના હાથમાં પોતાને હથિયાર માનવાના ને આત્મદર્શનની સાધનાના અમૂલ્ય સિધ્ધાંતોને

જીવનમાં ઊતારવામાં આવે તો દુનિયામાં આજે તંદુરસ્ત હવા ફેલાઈ જાય, ને શાંતિ સ્થાપાઈ શકે. ભૌતિક વિકાસની સાથે સાથે આધ્યાત્મિક ઉત્કર્ષની આ દિશાને આચર્યા વિના દુનિયા આજે શાંતિ કે ઉત્કર્ષ સાધી શકવાની નથી. અત્યારે તો અમર બનવાના પ્રશ્નોનો જ ઉડતો વિચાર કરીએ.

મૃત્યુને હઠાવવાનો કે જીતવાનો એક માર્ગ ઈશ્વરના ચરણોમાં પ્રેમ વધારી ઈશ્વરને મેળવવાનો છે. આ ભક્તિમાર્ગ છે. આ ઉપરાંત બીજો માર્ગ યોગનો છે. યોગમાર્ગ દ્વારા શરીર, મન ને પ્રાણનો જય કરીને યોગી મૃત્યુંજય બની શકે છે. ઈચ્છાનુસાર શરીર ધારી રાખે છે કે બદલે છે અથવા ઈચ્છા પ્રમાણે જીવે છે. પોતાની પ્રકૃતિ પ્રમાણે ફાવે તે માર્ગે માણસ આ કામ કરી શકે છે. ભારતના ઘેરંડ ઋષિ, મત્સ્યેન્દ્રનાથ ને બીજા નાથ સંપ્રદાયના યોગીઓએ આ વિશે મહાન સાધનાપ્રણાલિનો નિર્દેશ કર્યો છે. ને હઠયોગમાં આનો વિચાર ખૂબ સૂક્ષ્મતા ને સ્પષ્ટતાથી, બુધ્ધિમાં ઊતરી શકે તે રીતે કરેલો છે. ભગવાન પતંજલિનું યોગદર્શન પણ આનો દસ્તાવેજી પુરાવો છે. તે ઉપરાંત આજે પણ આવા બડભાગી યોગી પુરુષો છે.

પણ આ માર્ગમાં ખૂબ દૃઢ મનોબળ, ધીરજ ને લાંબા પરિશ્રમની જરૂર પડે છે. વળી કડક નિયમપાલન પણ કરવું પડે છે. દુર્બળ મનના માણસોને આ ફાવતું નથી. તેમને તો સંસારના વિષયોમાં જ પ્રીતિ હોય છે. તે ઊંચા પ્રકારની ભક્તિ પણ કરી શકતા નથી કે સમાધિ દ્વારા આત્મદર્શન પણ મેળવી શકતા નથી. તેમને માટે અમરત્વનો માર્ગ બંધ છે. આજે તો માણસો નાની નાની વાતોમાં જ સંતોષ માનીને કે કૃતાર્થ થઈને બેઠાં છે. છોકરાને જુવાન વહુ મળી, ઘરમાં છોકરાનો જન્મ થયો એટલે જગ જીત્યા જેવું લાગે છે ! થોડા રૂપિયા થયા, બંગલા ને મોટર થઈ, ભોગ-વિલાસ મળ્યા કે ૪૦૦-૫૦૦ વીઘા જમીન મળી અથવા તો માસ્તરની નોકરી મળી કે વકીલ-દાક્તર થયા એટલે જીવન ધન્યધન્ય થઈ ગયું એમ માની લેવાની વૃતિ ઘણા માણસોમાં હોય છે. પણ ઈશ્વર ને તેની કૃપારૂપ બધી સંસિધ્ધિ ને મુક્તિ કે પરમશાંતિ આગળ આનું મૂલ્ય શું છે ? જે અવિનાશી છે -તે ઈશ્વરની આગળ સંસારના ક્ષણિક પદાર્થોનું મહત્વ શું છે ?

ઈશ્વરની કૃપા સૌથી વિશેષ છે. ત્રિલોકનું સામ્રાજ્ય હોય, સૃષ્ટિનો તમામ ધનભંડાર ને વિલાસનાં બધાં જ સાધન હોય, પરંતુ ઈશ્વર ના હોય ને વિનાશનો અચલ નિયમ શિર પર સદાને માટે કામ કરી રહ્યો હોય, તો તે શું કામનું ? માનવશરીર અમૃતમય થવા માટે છે. આ શરીરમાં તે માટે બધી જ શક્યતા પડેલી છે. પણ માણસને તે માટે ઈચ્છા કે લગની ક્યાં છે ? સંસારના બધા જ પદાર્થો પરથી મનની વૃત્તિ હઠી જાય ને ઈશ્વરનાં ચરણોમાં લાગે ત્યારે જ ઈશ્વરની કૃપાનું કામ થાય એમ છે. આ માટે દિલમાં ખૂબ અસંતોષ જગાવવાની જરૂર છે. આ અસંતોષ દુ:ખી થવા માટે જગાડવાની જરૂર નથી, પણ ઈશ્વર જેવી અમુલખ વસ્તુ - અમૃતપદ જેવી મોંઘેરી વસ્તુ પ્રાપ્ત કરવા જગાડવાનો છે.

એનો અર્થ એમ નથી કે સંસાર ને તેના પદાર્થ નકામા છે ને જીવનમાં તેનું કોઈ મૂલ્ય નથી. તેવી નિષેધક ફિલસુફીમાં આપણે રાચવું નથી. આપણે તો સંસારના પદાર્થોમાં રહીને જીવનના સર્વસ્વ એવા ઈશ્વરને મેળવી લેવાનો છે. સંસારના રંગરાગમાં આપણે એટલી હદે ડૂબી પણ નથી જવાનું કે ઈશ્વરથી આપણે છેક વિમુખ થઈ જઈએ. આ માટે આપણે સંસારને જ સર્વકાંઈ માની તેમાં કૃતકૃત્ય થવાની ભાવનાથી ચેતતા રહેવાની જરૂર છે.

અમૃતપદ કે ઈશ્વરને માટેનો થનગનાટ આપણા દિલમાં ખૂબ જ પ્રમાણમાં ઉત્પન્ન થવો જોઈએ. આપણી નસેનસમાં તેનો નાદ જાગવો જોઈએ, તો પછી મૃત્યુ, દુઃખ કે બીજી બધી જ બાધાથી પર થઈ શકાશે. આ તનમનાટ કેવો હોવો જોઈએ તેનું ઉજ્જવળ દૃષ્ટાંત કઠોપનિષદમાં નચિકેતાના પાત્રમાં મળી રહે છે. યમરાજ પણ તેની આગળ કેવાં કેવાં પ્રલોભનો મુકે છે ! યમ કહે છે ‘હે નચિકેતા ! તું હજારો વરસના પુત્ર ને તેનાય પુત્રને માગી લે, હાથી, ઘોડા ને સોનું માગી લે, વિશાળ ભુમિનું સામ્રાજ્ય પણ લે ને ઈચ્છા પ્રમાણે તું પોતે પણ જીવ અથવા તો ધનધાન્ય ને જે માગવું હોય તે બધું જ માગી લે. મૃત્યુલોકનાં માનવીઓને જે વસ્તુઓ મળવી પણ શક્ય નથી, તે વસ્તુ તું માગ. રથ ને વાદ્ય લઈને ઊભેલી આ અપ્સરાથી પણ સુંદર સ્ત્રીઓને જો. આવી સ્ત્રીઓ કોઈને જોવા પણ મળતી નથી. તું તેમને ગ્રહણ કર. પણ હે નચિકેતા ! તું મૃત્યુ વિશે - અમર બનવાના માર્ગ વિશે પૂછ નહીં.

પરંતુ નચિકેતા આ પ્રલોભનને વશ થયો નહિ. તે જો કે ૭-૮ વર્ષનો બાળક જ હતો પણ આત્મદર્શનની ઉત્કટ ઈચ્છા તેના દિલમાં વસેલી હતી. તેથી તેણે વિચાર્યું કે સમગ્ર સૃષ્ટિનો વૈભવ મળે તોય શું ? આખરે તો તેનો કે મારા શરીરનો નાશ નક્કી જ છે. તેને લઈને શું કરવું ? મારે તો અમૃતપદનો જ માર્ગ જોઈએ. તેથી તેણે કહ્યું કે ‘યમદેવ ! તમારી પાસે આવીને સંસારના ક્ષણિક પદાર્થોની ઈચ્છા મારે કરવી નથી. મારે તો જગતના જે મૂલાધાર, મૃત્યુના સ્વામી, સર્વશ્રેષ્ઠ, અવિનાશી ઈશ્વર છે, તેની જ ઈચ્છા છે. બીજું કાંઈ નથી જોઈતું.’ આખરે યમદેવે તેને આત્મજ્ઞાન આપ્યું, મૃત્યુનું રહસ્ય સમજાવ્યું ને નચિકેતા મૃત્યુ તેમજ શોકથી પર થઈ ગયો.

આવી ધ્યેયપરાયણતા, ઉત્કટ ઈચ્છા ને આકર્ષણ પૂરતા હોય તો જ માણસ યોગ, ભક્તિ કે જ્ઞાન દ્વારા મૃત્યુંજય બની શકે છે કે ઈશ્વરપ્રાપ્તિ કરી લે છે, ને કોઈ પણ માણસ તેમ કરી શકે છે. ફક્ત ઉચિત પુરુષાર્થ કરવો જોઈએ.

☼ ☼ ☼

## ૪૫. કાળનો પ્રભાવ

**પ્રશ્ન :** પહેલાંના વખતમાં તપસ્વીઓ ને સંતપુરુષો સારા પ્રમાણનાં મળતા. વર્ણ ને આશ્રમના ધર્મ બરાબર પાળવામાં આવતા. આજે આ વસ્તુનો લોપ થયો હોય એમ લાગે છે. તો તેનું કારણ કાળનો પ્રભાવ જ હશે ને ?

**ઉત્તર :** કાળને વચ્ચે લાવીને તમારે તમારી ફરજ ભૂલી જવાની નથી. માણસનું મન આજે પલટાઈ ગયું છે. એ જ તેનું મોટું કારણ છે. માનસિક દુર્બળતાને ખંખેરી કાઢી આજે પણ કોઈ માણસ જો ઈશ્વર કે આત્મિક સિધ્ધિની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરે તો આજે પણ તેને તેવી જ રીતે સફળતા મળે જે રીતે પ્રાચીન કાળના કે આજ લગીના બીજા મહાપુરુષોને મળી છે. કાળ તો એનો એ જ છે- પૃથ્વી પણ બદલાઈ ગઈ નથી. મનુષ્ય શરીર પણ તેવી જ જાતનું જ છે ને તે શરીરનો મહિમા પણ આજે પણ તેવો જ છે જેવો પહેલાં હતો. ઊલટું, આજે તો એક વાતે લાભ થયો છે. શરીરનો મહિમા વધ્યો છે. પહેલાં ઋષિમુનિઓને ખૂબ તપ

કરવા પડતાં ત્યારે જ સિધ્ધિ મળતી. આજે તો સાચા દિલથી ઈશ્વરસ્મરણ કરવાથી થોડા જ પુરુષાર્થથી પ્રભુની કૃપા થઈ શકે છે. આમ કોઈ રીતે ગેરલાભ થયો નથી. કાળને પણ દોષ દેવા જેવું કંઈ નથી. છતાં બહુ જ થોડા માણસો આત્મિક ઉન્નતિના માર્ગમાં લાગે છે ને સફળ થાય છે. તેનું કારણ મનની નિર્બળતા ને સંસારના પદાર્થો પ્રત્યેની આપણી મમતા કે અંધ આસક્તિ જ છે.

ગયાજીમાં બોધિવૃક્ષ નીચે ભગવાન બુધ્ધ પલાંઠી મારીને બેઠા ને તેમણે સંકલ્પ કર્યો કે જ્યાં લગી પરમ સત્યની પ્રાપ્તિ નહિ થાય ત્યાં લગી અહીંથી ઊઠીશ નહિ. આખરે તેમને સત્યની પ્રાપ્તિ થઈ. પણ તે પછી કેટલાંય માણસો તે વૃક્ષ નીચે એક યા બીજા આશ્રયથી ગયા હશે, તે સ્થળમાં પણ રહ્યા હશે, છતાં એક પણ બુધ્ધ બીજો કેમ થયો નહીં ? સ્થળ તો તેનું તે જ છે, માનવની શક્તિ પણ સમાન છે, પણ બુધ્ધ ભગવાનનું મન નથી. માનવના દુર્બળ મનમાં એટલા માટે સત્યને માટે બુધ્ધના જેવી આતુરતા જાગી શકતી નથી....ભગવાન રામકૃષ્ણદેવ મા કાલી સાથે વાતો કરતા. તેમને મન પ્રતિમા એ પથ્થર ન હતો. જગદંબાનું તે સાક્ષાત્ રૂપ હતું. આજે માણસ પ્રતિમાને પથ્થર જ માનતો હોય- તેનામાં એટલી બધી જડતા ભરી હોય પછી તેને મૂર્તિમાંથી ઈશ્વરના સાક્ષાત્કાર કેમ થઈ શકે ?

નારદના ઉપદેશથી વાલ્મીકિ ઋષિ બની ગયા, ને ફક્ત ‘સાવધાન’ સાંભળીને રામદાસ સ્વામી સાવધાન થઈ ઈશ્વરપ્રાપ્તિ માટે લગ્નના મંડપમાંથી ઊભા થઈ નાસી છૂટયા. સ્ત્રીનાં એક જ વારનાં ઉપદેશ વચનો સાંભળીને તુલસીદાસ રામના ભક્ત બની ગયા. આ બધું શું બતાવે છે ? આવા ઉપદેશ આપણે પણ જાણીએ છીએ. કેટલીક વાર તો આપણે પોતે જ ઉપદેશકાર હોઈએ છીએ. છતાં ઉપદેશ પ્રમાણે જીવન બનાવી શકતા નથી ને તેથી જ તેવા ઉલટા જ કામ જીવનમાં કરીએ છીએ. અસત્ય, દંભ, વિષયાસક્તિ, બધું આપણે સેવી રહ્યા છીએ. આને લીધે જ આપણામાંથી બહુ જ થોડા તુલસી, વાલ્મીકિ, રામકૃષ્ણદેવ કે સમર્થ રામદાસ ને બુધ્ધ થઈ શકે છે. બાકી તેમાં કાળને દોષ દેવાનું કાંઈ જ કારણ નથી. દોષ આપણો પોતાનો જ છે, આજે પણ જો આપણે ધ્રુવની જેમ અડગતાથી તપ કરીએ તો પ્રભુની કૃપા જરૂર થાય, પણ સાવકી માનાં મહેણાં આપણે ગળી જ જતાં હોઈએ ત્યાં શું થાય? મજૂર માલિકના ઠપકા સાંભળે છે, વિદ્યાર્થી શિક્ષકના ને સ્ત્રી પુરુષનાં તેમજ પુરુષ સ્ત્રીનાં મહેણાં સાંભળે છે, પણ કોઈને તેમાંથી પોતાની સુધારણા કરવાની ઈચ્છા થતી નથી. બધી જ જાતનાં વિરોધી વચન કે બધા ઠપકા આપણે માટે સહજ બની ગયાં છે. ને વધારે આશ્ચર્ય તો એ જ છે કે પંડિતો ને સુધરેલા કહેવાતા લોકો જ વધારે વિષયાસક્ત ને ઈશ્વરવિમુખ થતા જાય છે. આનું કારણ મન જ છે. કાળ કે બીજી કોઈ વસ્તુને તે માટે દોષ દેવો નકામો છે. ફક્ત મનની નિર્બળતાનો નાશ કરીને, હૃદયને વિશુધ્ધ કરવાની જરૂર છે. તો આજે પણ આપણે મહાન આધ્યાત્મિક રહસ્યોની મૂર્તિ જેવા બની જઈએ, ને બીજાને આદર્શરૂપ થઈએ. મહાત્મા ગાંધી આ જ યુગમાં - આ જ કાળમાં જન્મ્યા હતા છતાં પણ પોતાના દૃઢ મનોબળથી ને આત્મશુધ્ધિથી અજબ બળ મેળવી કેવાં આશ્ચર્યકારક કામ કરી ગયા તે તમે ક્યાં નથી જાણતાં ? તમે પણ તેવી રીતે જાગ્રત થઈ મહાન બની શકો. ઈશ્વરને મેળવીને ઋષિ થઈ શકો. તે માટે યોગ્ય ઉપાય કરવા જોઈએ. જે નિયમ એક માણસને માટે છે તે બધાને માટે સાચો છે.

☼ ☼ ☼

## ૪૬. શંકરનું દર્શન

**પ્રશ્ન :** ભગવાન શંકરનું દર્શન થઈ શકે ખરું ?

**ઉત્તર :** જરૂર થઈ શકે. તેમાં કોઈ જાતના સંદેહને સ્થાન જ નથી.

**પ્રશ્ન :** શું કરવાથી થઈ શકે ?

**ઉત્તર :** આ માટે મુખ્યત્વે બે વસ્તુ કરવાની જરૂર છે. એક તો તમારી અંદર અમંગલ તત્વો કે અવગુણો છે, તેને કાઢી નાખીને મંગલ તત્વો એટલે સદગુણોની પ્રતિષ્ઠા કરો. અસત્યને બદલે સત્ય, દ્વેષને બદલે પ્રેમ, ચંચલતાને બદલે સ્થિરતા ને ધીરજ તેમજ વિષયપરતાને બદલે વિષયોની નિર્લેપતાને કેળવો. દુર્વિચારને સ્થાને સુવિચાર ને સદભાવનાની સ્થાપના કરો ને સંકુચિતતાનો ત્યાગ કરી હૃદય તેમજ બુધ્ધિને વિશાળ બનાવો. ટૂંકમાં શાસ્ત્રોએ જેને દૈવી સંપત્તિ કહી છે તે મેળવીને તમારા જીવનને શિવસ્વરૂપ કે કલ્યાણકારક બનાવો.

આની સાથે સાથે બીજી મહત્વની વાત પાર્વતી બનવાની છે. આનો અર્થ એમ નથી કે તમારે સ્ત્રી બની જવું પડશે. કહેવાનો ભાવાર્થ એ છે કે જેમ પાર્વતીએ હિમાલયને ત્યાં જન્મ લઈ શંકરને પ્રાપ્ત કરવાનો મક્કમ નિરધાર કર્યો હતો તેમ તમે પણ આ સંસારમાં જન્મીને વિવેકના પ્રદેશમાં જાગો ત્યારથી જ શિવસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ માટે સંકલ્પ કરી લો. પાર્વતીજીની જેમ મનોમન શિવને જ વરી લો. આ પછી પાર્વતીએ જેમ શિવને પ્રસન્ન કરવા કઠોર તપ કર્યું, રાતદિવસ તનમનને એકાગ્ર કરીને શિવને પ્રાર્થવા માંડ્યું, તેમ તે પ્રભુનું સ્મરણ કરતાં ને તેને માટે પ્રાર્થતા તમે તપ કરો. પાર્વતીજી જેવાં કષ્ટો તમારે સહેવાના નથી, પણ તેમની જેમ એક મનથી શંકરની આરાધનામાં જ લાગી જવાનું છે. તમારું મન સંસારના બધા જ પદાર્થોમાંથી હઠીને કેવલ શિવમાં લાગવું જોઈએ. તમારી રગેરગમાં 'શિવ શિવ'નો અખંડ ધ્વનિ ચાલવો જોઈએ. ને શંકરની જ ભાવનામાં તમારે લીન બનવું જોઈએ. સંસારના ભોગ-વૈભવને ને વિનાશશીલ પદાર્થોને - અને ઉમાની જેમ સામ્રાજ્યના ઐશ્વર્યને પણ તમારે શંકરને માટે ગૌણ ગણવા જોઈએ, ને એક શિવને માટે તમારા અંતરમાં વિરહની ભયંકર જ્વાલા જાગી જવી જોઈએ. આનું નામ જ તપ. પાર્વતીએ આવું જ તપ કર્યું હતું, તેનું હૃદય આવા જ તપનું બનેલું હતું. આવી લગની ને પ્રેમભાવનાને કેળવો તો ભગવાન શંકર તમને જરૂર મળે. પાર્વતીના તપ- ચરિત્રમાંથી આ શિક્ષા મળે છે. તેને ગ્રહણ કરી તમે પણ પાર્વતી બનો. તમે જ્યાં પાર્વતી બન્યાં એટલે શંકર દૂર રહી શકે જ નહિ. પાર્વતીથી શંકર દૂર રહી શકતા જ નથી, એ નિયમ છે. આ નિયમ પ્રમાણે આજ લગી કૈંક બડભાગીએ શંકર ભગવાનના દર્શન કર્યા છે, ને તમે પણ જરૂર કરી શકશો.

☼ ☼ ☼

## ૪૭. વેદાંત

**પ્રશ્ન :** વેદાંત એટલે શું તે સમજાવવા કૃપા કરશો ?

**ઉત્તર :** સૌથી પ્રથમ વાત હું કહી દઉં કે હું કોઈ પંડિત કે શાસ્ત્રી નથી, તેમજ શાસ્ત્રોનો નિષ્ણાંત હોવાનો દાવો પણ હું કરતો નથી. હું તો ઈશ્વર પર શ્રધ્ધા રાખી આત્મિક વિકાસના માર્ગમાં વર્ષોથી લાગેલો છું. એટલે અનુભવને લીધે તેમજ ઈશ્વરી કૃપાને કારણે મને જે વસ્તુ જેવી સમજાય છે તેવી કહી બતાવું છું. તેને બ્રહ્મવાક્ય માનીને ચાલવું જોઈએ તેવો મારો દુરાગ્રહ નથી. પણ તેના પર વિચાર ના કરવો ને તે પંડિતના વચન નથી માટે જ તેની ઉપેક્ષા કરવી એમ પણ હું નથી કહેતો. પંડિતાઈની પાઠશાળામાં પ્રવેશ્યા વિના પણ જ્ઞાન મળી શકે છે એમ મારું માનવું છે. એટલે મારા કથનમાંથી ગ્રહણ કરવા જેવું લાગે તેને ગ્રહણ કરી જીવનમાં ઊતારવાની જરૂર છે. જ્ઞાન કેવળ ચર્ચાને માટે, વિનોદને માટે કે ફુરસદનો સમય કાઢવા માટે નથી, તેનું તો જીવનમાં મહત્વનું સ્થાન છે— જેમ પ્રાણનું દેહમાં છે તેવું. એટલે તે સંજીવની બૂટી છે. તે દ્વારા જીવનની જડતા દૂર કરવાની છે, નિર્બળતાને ખંખેરી કાઢવાની છે ને સર્વે જાતના બંધનથી મુક્તિ મેળવવાની છે. આટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે. તો જ આપણા વાર્તાલાપ સફળ નીવડશે ને જીવનને ઉજ્જવળ કરવામાં સહાયક થશે. નહી તો તમારો ને મારો વખત વ્યર્થ ગયો મનાશે.

હવે તમારા પ્રશ્ન વિશે. વેદાંતનો અર્થ ટૂંકમાં જ્ઞાનનો અંત, એટલે કે પરમ તત્વ વિશેનું જ્ઞાન એવો થાય છે. તે જ્ઞાનમાં મુખ્યત્વે ત્રણ જાતના જ્ઞાનનો સમાવેશ થાય છે. એક તો પરમાત્મા સંબંધી જ્ઞાન, બીજું જીવાત્મા સંબંધીનું જ્ઞાન ને ત્રીજું જીવાત્મા ને પરમાત્માના સંબંધ તેમજ મિલન અથવા સાક્ષાત્કાર વિશેનું જ્ઞાન ને તે ઉપરાંત જીવ, જગત ને પરમાત્મા એ ત્રણેયના સંબંધનું જ્ઞાન. આ સંબંધ જાણીને પરમાત્માની પ્રાપ્તિ માટે જે પુરુષાર્થ કે સાધના થાય છે તે આ જ્ઞાનની અંદર આવી જાય છે. તેવી અનેકવિધ સાધના શાસ્ત્રોમાં વર્ણવેલી છે. પણ તેને મુખ્યત્વે ઉપાસના કે ક્રિયાયોગ એ બે વિભાગોમાં વહેંચી નાખવામાં આવી છે. આમ વેદાંતનો અર્થ બહુ વ્યાપક છે. પણ વિદ્વાનોમાં વેદના જ્ઞાનમાર્ગના નિષ્કર્ષરૂપ બ્રહ્મસૂત્ર, ઉપનિષદ ને ગીતા આ ત્રણેયનો વેદાંતના મુખ્ય પ્રમાણભૂત ગ્રંથો તરીકે સ્વીકાર થાય છે. આ ઉપરાત શંકરાચાર્યના અદ્વૈત વિષયક ગ્રંથો પણ વેદાંતના પ્રમાણિત ગ્રંથો મનાય છે. શંકરાચાર્યે વેદાંતના સિધ્ધાંતોને તારવી કાઢીને પુનઃ સ્થાપિત કર્યા છે, તેમજ તેનો પ્રચાર પણ વિશાળ પાયા પર કર્યો છે. આને લીધે કેટલાક વિદ્વાનો શંકરાચાર્યની ફિલસુફી ને તેમના ગ્રંથોને જ વેદાંત માને છે. પણ વેદાંતનો અર્થ વિશાળ હોઈ ને કેવળ અદ્વૈતવાદ જ નહિ પણ જ્ઞાનના બધા જ મહત્વના સિધ્ધાંતો - જે ભારતમાં પ્રાચીનકાળથી અર્વાચીનકાળ સુધી પ્રચલિત થયા છે ને જે હજી પણ પ્રચલિત થશે, તેમનો વેદાંતમાં સમાવેશ કરવામાં કાંઈ હરકત નથી. તેમાં ક્રમવિકાસ હોઈ શકે પણ જુદાજુદા સિધ્ધાંતો એકમેકના પૂરક છે એ ભૂલવાનું નથી. આ રીતે દ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ ને અદ્વૈતવાદ વેદાંતની એક જ સાંકળના ત્રણ અંકોડા છે.

પણ આ ચર્ચાને આટલેથી જ પૂરી કરીએ. વેદાંતનો ટૂંકો અર્થ આત્મા કે પરમાત્મવિષયક પરમજ્ઞાન છે. એટલી જ વાત આપણે માટે પૂરતી છે. બીજી ચર્ચા પંડિતો માટે છોડીએ. વેદાંતના આ જ્ઞાનનો ઉપયોગ માણસે પરમશુધ્ધ બનીને જ્ઞાનસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરવા માટે કરવાનો છે. જીવનનો એ શ્રેષ્ઠ પુરુષાર્થ છે. વેદાંતની સિધ્ધિ તે પુરુષાર્થને સિધ્ધ કરવામાં છે. તે સિધ્ધ કરનાર મહાપુરુષ જ સાચો વેદાંતી કહી શકાય.

☼ ☼ ☼

## ૪૮. મહાત્મા

**પ્રશ્ન :** સાંભળ્યું કે અહીં એક મોટા મહાત્મા પધાર્યા છે. એ સાંભળીને તમારા દર્શન કરવા આવ્યો છું. તો કાંઈ કૃપા કરશો ?

**ઉત્તર :** તમે ભૂલાવામાં પડ્યા લાગો છો. મને બધા મહાત્માજી કહે છે તો ખરા, પણ મહાત્માપણાને મેળવવા હું તલસું છું. હું કોઈ મોટો મહાત્મા નથી. હું તો ઈશ્વરના ચરણોનો રજમાત્ર, પ્રેમી છું. ઈશ્વરી પ્રેમ કે મુક્તિની પાઠશાળામાં પાછલી પાટલીએ બેઠેલો વિદ્યાર્થી છું. છતાં તમારી ગુણગ્રાહકતાને લીધે મારામાંથી કાંઈ ગ્રહણ કરો તો તે જુદી વાત છે. બાકી મોટા સંત કે મહાત્માનું મિથ્યા અભિમાન ધારણ કરવાનું મને પસંદ નથી.

**પ્રશ્ન :** સંસારી માણસને માટે ઈશ્વરપ્રાપ્તિના માર્ગમાં આગળ ધપવા માટે નામસ્મરણની સાથે બીજું શું કરવા જેવું છે ?

**ઉત્તર :** સત્સંગ. એટલે કે શાસ્ત્રોનું શ્રવણ-મનન-વાંચન કે સંતપુરુષોનો સમાગમ. સત્યરૂપી પરમાત્મા વિશે જેમાં વર્ણન છે તેવા શાસ્ત્રોનો સંગ એ પણ સત્સંગ છે, ને સત્યરૂપી પરમાત્માને માર્ગે જે આગળ વધ્યા છે તેવા મહાપુરુષનો સંગ પણ સત્સંગ છે. આમાંથી જે સંતપુરુષોનો પ્રત્યક્ષ સમાગમ કરે છે તે ખૂબ ફળદાયક છે. કેમ કે સંતપુરુષો શાસ્ત્રોના સારરૂપ હોય છે. શાસ્ત્રો તૈયાર શેરડીને સાંઠા જેવા છે. પણ સંતપુરુષો તો તૈયાર કરેલો શેરડીનો રસ છે. તેમાં માણસે કાંઈ મહેનત કરવાની નથી. સંતપુરુષો શાસ્ત્રોના સિધ્ધાંતોની સાકાર મૂર્તિ હોય છે. તેમના વચનમાંથી, વ્યવહારમાંથી ને પ્રત્યેક ક્રિયામાંથી શાસ્ત્રો ટપકતાં હોય છે. આવા સંતપુરુષોનો સંગ ઈશ્વરપ્રાપ્તિ માટે ખૂબ જરૂરી છે ને તે કરવા તરફ મુક્તિમાર્ગના પ્રવાસીએ ખૂબ ધ્યાન આપવું જોઈએ.

☼ ☼ ☼

## ૪૯. ગીતાનો સંદેશ

**પ્રશ્ન :** ગીતાના શ્લોકો - સંદેશ કહી બતાવશો ?

**ઉત્તર :** આજે આપણે ગીતાના જે શ્લોકો સાંભળ્યા તેમાં એક મહાન સંદેશ રહેલો છે. શ્રીકૃષ્ણ ભગવાન અથવા ગીતાના વ્યાખ્યાતા મહર્ષિ વ્યાસ માનવજાતિને આ શ્લોકો દ્વારા મહાન આશ્વાસન ને આશાનો સંદેશ આપી રહ્યા છે. આ સંદેશ કેટલાય લોકોના જીવનમાં પ્રેરણાનો પ્રદીપ પ્રગટાવી શકે તેમ છે. ગીતા કહે છે કે કોઈ માણસે ગમે તેટલી ભૂલો કરી હોય, ગમે તેવા અપરાધ કે પાપ કર્યા હોય, છતાં પણ જો સાચા દિલથી તે પોતાના દુષ્કૃત્યને માટે પશ્ચાતાપ કરે ને પ્રભુને શરણે જઈને બાકીનું જીવન ઊંચા માર્ગે પસાર કરવા કૃતનિશ્ચય બને, તો તે મહાત્મા કે ધર્માત્મા બની જાય છે ! અપરાધી કે પાપી પ્રત્યેની આવી સહાનુભૂતિજનક વાણી દુનિયાના બીજા ધર્મગ્રંથોમાં દેખાશે નહીં.

બાઈબલમાં ઈશુ કહે છે કે 'Blessed are the pure in heart for they shall see God' અર્થાત્ જેમના હૃદય પવિત્ર છે, તેમને ધન્ય છે કેમ કે તેમને પ્રભુનું દર્શન થઈ શકશે. પણ ગીતા તો કહે છે કે "Blessed are the wicked too." દુષ્ટ લોકોએ પણ ડરવાની જરૂર નથી. દુરાચારી, અધર્મી ને અનીતિમાન લોકોએ પણ નિરાશ થવાની જરૂર નથી. તેઓ પણ જો સન્માર્ગે વળીને પ્રભુપરાયણ બનવા ધારે તો તેમને માટે અવકાશ છે. પ્રભુની કૃપા મેળવવાની તક તેમને માટે પણ છે.

એટલે ગીતા મનુષ્ય જાતિને માટે, કોઈપણ જાતના ભેદભાવ વિના દરેક માણસને માટે એક મંત્ર મૂકે છે કે, 'ઈશ્વરપ્રાપ્તિ દરેક માનવનો જન્મસિધ્ધ અધિકાર છે. આ મંત્ર આપણા હૃદયમાં ઊતરી જવો જોઈએ. તિલક મહારાજે સ્વતંત્રતાની લડત માટે દેશને એક મંત્ર આપેલો. તે તમને યાદ હશે. એ મંત્ર હતો **"स्वराज्य हमारा जन्मसिध्ध हक है ।"** આ જ મંત્રની જેમ આપણે ઈશ્વરપ્રાપ્તિ અમારો જન્મજાત અધિકાર છે એવો મંત્ર હવામાં તન, મન ને અંતરમાં ગૂંજતો કરવો જોઈએ. તે મંત્રની સિધ્ધિ માટે પૂરતો પરિશ્રમ કરવો જોઈએ.

આ મંત્રની સિદ્ધિના પ્રયાસ જરૂરી છે. જેમ ભારતને આઝાદ કરવા ગાંધીજીએ રેંટિયો શોધ્યો તેમ આપણે પણ રેંટિયો શોધવાનો છે. એટલે કે તન, મન ને અંતરમાં એક રામની ધૂન - એક પ્રભુનો ધ્વનિ જગાવવાનો છે. ઉપરાંત વાસનાઓ તેમજ ક્રોધને તાબે થવાનું નથી. આ રીતે સત્યાગ્રહ ને અસહકાર કરવાનો છે. આવો પ્રયાસ કરશો એટલે જે દુષ્ટ વૃત્તિઓ તમારી અંદર ઘર કરી બેઠેલી છે તે ખળભળી ઊઠશે, ને તમારો વિરોધ કરશે. જેવી રીતે આઝાદી ઈચ્છતી ભારતીય પ્રજાનો વિરોધ બ્રિટીશ સલ્તનતે કર્યો હતો તેમ. વળી તમારા મનજીભાઈ દેશી રજવાડા જેવા છે. તેમના પર પણ આ સલ્તનતનો અંકુશ છે. તેમને પણ યુક્તિથી સમજાવી પટાવીને વશ કરવા પડશે. ઈન્દ્રિયો ને વાસનાવૃત્તિ છે તે લશ્કર છે. તે પણ માયાની સલ્તનતના પક્ષમાં છે. આ બધાની સાથે તમારે કામ લેવાનું છે. પણ જો અડગ નિરધાર હશે, દ્રઢ શ્રદ્ધા હશે, ને હિંમતથી ન્યાય ને નીતિને પક્ષે ઊભા રહી કામ લેશો તો તમે વિજયી બનશો. આઝાદી મેળવશો ને સાચી લોકશાહીની સ્થાપના કરી શકશો. આમ આપણે ગૃહમોરચે જ લડી લેવાનું છે, ને આઝાદ થવાનું છે. આ કામ અઘરું નથી. ફક્ત તેને માટે આજથી જ દ્રઢ સંકલ્પ કરીને પુરુષાર્થ કરવા કમ્મર કસવી જોઈએ. જે થઈ ગયું છે તેનો ઉપાય નથી. પણ મજબૂત વર્તમાન ને ભાવિ આપણા હાથમાં છે. તેનો ઈચ્છાનુસાર ઉપયોગ કરવા માટે આપણે સ્વતંત્ર છીએ.

☼ ☼ ☼

## ૫૦. કુંડલિનીની જાગૃતિ

**શંકા :** કુંડલિની શક્તિની જાગૃતિ કરી આપનારા કોઈ યોગીપુરુષ અત્યારે હયાત હશે ખરા ? તમને જો એવા કોઈ યોગીનો પરિચય હોય તો તેમના નામઠામની માહિતી આપી શકશો ખરા ?

**સમાધાન :** મારા ધ્યાનમાં એવા બે ત્રણ યોગીપુરુષ છે પરંતુ એ મોટે ભાગે વિચરણ કરતા રહે છે એટલે એમના રહેઠાણ વિશે ચોક્કસ માહિતી નથી આપી શકતો. મારી તો તમને એટલી જ સૂચના છે કે કોઈ

બીજાની પાસેથી કુંડલિની શક્તિની જાગૃતિ કરાવવાની ઈચ્છા રાખવાને બદલે, તમારા પોતાના પ્રામાણિક પ્રયાસના પરિણામરૂપે, એને સ્વાભાવિક રીતે જ જાગવા દો. એ તમારા વિશેષ લાભમાં છે. જે પુરુષો કુંડલિનીને જગાડે છે તે પણ એની કાયમી અથવા અખંડ જાગૃતિની બાંયધરી નથી આપી શકતા. એમના દ્વારા જગાડવામાં આવેલી કુંડલિની કેટલાક અપવાદોને બાદ કરતાં, ફરીવાર શાંત પણ થઈ જાય છે. માટે કોઈપણ જાતની ઉતાવળ કર્યા વિના જપ, ધ્યાન કે પ્રાર્થનાની મદદથી કુંડલિની શક્તિને સહજ રીતે જ જાગવા દો.

**શંકા :** કુંડલિનીની જાગૃતિ આત્મવિકાસને માટે અનિવાર્ય નથી ?

**સમાધાન :** કુંડલિનીની જાગૃતિ અનિવાર્ય હોય તો આપોઆપ થશે. આત્મવિકાસને માટે વધારે ઉપયોગી અને અનિવાર્ય વસ્તુ તો તમારા પોતાના સ્વભાવની શુદ્ધિ, સાત્વિકતા, ઉત્તમતા અને તમારી પોતાની અંતરંગ સાધના છે. શાંતિ તથા સિદ્ધિ, એથી જ મળી શકશે. આત્મસાક્ષાત્કાર પણ એથી જ શક્ય બનશે. કોઈ તમારી કુંડલિનીને જગાડી આપશે તો પણ, તેટલાથી જ કાંઈ જીવનનાં આધ્યાત્મિક વિકાસની ઈતિકર્તવ્યતા નહિ થઈ શકે. જીવનના વિકાસને માટે જરૂરી એનાથી આગળનું કામ તો તમારે જ કરવું પડશે. કુંડલિની શક્તિની જાગૃતિથી બીજા કેટલાક લાભ થશે પરંતુ મનની નિર્મળતા, સંસારના વિષયો પરથી ઉપરામતા, ને ઈશ્વરપ્રેમ નહિ જ થઈ શકે. એ માટે અલગ અભ્યાસની જરૂર રહેશે એ યાદ રાખજો. એ પણ ના ભૂલતા કે આત્મવિકાસમાં એ અત્યંત અનિવાર્ય છે.

☼ ☼ ☼

## ૫૧. જીવનવિકાસનું વર્તુળ

**પ્રશ્ન :** સાધનાના માર્ગમાં રસ ના લઈએ ને માનવતાની ખીલવણી તરફ જ ધ્યાન આપીએ, એને જ મહત્વની ને સર્વ કાંઈ માનીએ, તથા સાથે સાથે બીજાની સેવા કરી છૂટીએ તો જીવનની સફળતા તથા ધન્યતાને માટે શું એટલું પૂરતું નથી થતું ? એટલાથી જ શું જીવનનો વિકાસ નથી સધાઈ જતો ? આધ્યાત્મિકતાની અભિરૂચિ ના કેળવીએ તો ના ચાલે ?

**ઉત્તર :** આવા પ્રકારના પ્રશ્નો વારંવાર પૂછવામાં આવે છે એ પ્રશ્નોની પાછળ જે દ્રષ્ટિ છે તે સહેજે સમજી શકાય તેવી છે. પરંતુ પ્રશ્ન પૂછનારની દ્રષ્ટિ અધૂરી છે એવું કહ્યા સિવાય છૂટકો નથી. તમારે માટે પણ એવું જ સમજી લેવાનું છે. તમે પૂછો છો કે આધ્યાત્મિકતાની અભિરૂચિ ના કેળવીએ તો ના ચાલે ? પરંતુ તમે જેમાં માનો છો ને રસ ધરાવો છો, સફળ ને ધન્ય જીવન માટે જેને જરૂરી સમજો છો, એ માનવતાની ખીલવણી તથા બીજા પ્રત્યેનો સેવાભાવ આધ્યાત્મિકતામાં સમાઈ જાય છે, અથવા આધ્યાત્મિકતાના અગત્યના અંગરૂપ છે, એ ભૂલી જાવ છો. એમને મહત્વના માનીને તમે પ્રકારાંતરે, જાણ્યે કે અજાણ્યે આધ્યાત્મિકતાના મહત્વનો જ સ્વીકાર કરી રહ્યા છો. કેમ કે એ આધ્યાત્મિકતાના મૂળભૂત પાયારૂપ છે, અને એના વિના આધ્યાત્મિકતા બનતી જ નથી. ધર્મ અથવા તો આધ્યાત્મિકતાનાં ચાર અગત્યના અંગ અથવા તો ચરણ કહેવામાં આવે છે : સત્ય, દયા, તપ અને શૌચ. તેમાંથી તમે શૌચ તથા દયાનો સ્વીકાર

તો કરી લીધો પરંતુ સત્ય તથા તપનું શું ? સત્ય એટલે એકલું સાચું બોલવું ને સત્યમય વ્યવહાર કરવો એટલું જ નહિ, પણ સત્યરૂપી પરમાત્માનો સાક્ષાત્કાર અને તપ એટલે એને માટેની જરૂરી સાધના. જીવનની ધન્યતા, સફળતા, પૂર્ણતા ને જીવનના જરૂરી વિકાસને માટે એ બધાં જ અંગોનો સ્વીકાર તથા આચારમાં અનુવાદ કરવો રહેશે. માનવતાની માવજત તથા સેવાથી જીવનની સફળતાનો સંતોષ મળશે, પરંતુ જીવનની પૂર્ણતા નહિ મળી શકે. એમ તો પ્રાથમિક શાળામાં ભણવું પણ ભણવું ગણાય છે, પણ એથી આગળ વધીને માધ્યમિક શાળા ને પછી કોલેજમાં ભણાતું હોય તો શા માટે ના ભણવું ? એમ આધ્યાત્મિકતાના વિશાળ બંધારણમાંથી એકાદ બે મનપસંદ વસ્તુનો જ સ્વીકાર કરી, પોતાના જીવનવિકાસના વર્તુળને હાથે કરીને શા માટે ટૂંકું બનાવી દેવું ? મારી વાત સમજી શકો છો ને ? જ્યારે વિકાસ કરવો જ છે ત્યારે જીવનમાં એકાંગી નહિ પણ સર્વાંગી વિકાસ કરો. ધ્યેય તો સર્વાંગી રાખો જ.

☼ ☼ ☼

## ૫૨. ભક્તિ અને આત્માનુસંધાન

**શંકા :** આત્માનુસંધાન ઉત્તમ કે ભક્તિ ? એટલે કે ભગવાનની ભક્તિ કરવી ઉત્તમ છે કે આત્માનું ચિંતન-મનન અથવા તો ધ્યાન કરવું ઉત્તમ છે ?

**સમાધાન :** તમે બહુ સારો અને જુદી જાતનો પ્રશ્ન પૂછ્યો છે. પરંતુ એના ઉત્તરમાં એટલું જ કહી શકાય કે ભક્તિ અને આત્માનુસંધાન બંને ઉત્તમ છે અને એકસરખા આશીર્વાદરૂપ ને ઉપયોગી છે. એ બંનેમાં કોઈ વધારે ઉત્તમ છે એવું નથી. સાધકને એ બંનેમાંથી શું વધારે ગમશે કે પસંદ પડશે એ એની રૂચિનો સવાલ છે. પોતાની રૂચિ પ્રમાણે એ કોઈપણ એકને કે બંનેને પસંદ કરી શકે છે. પણ બંનેની મહત્વતા તો એકસરખી છે. શંકરાચાર્ય તો આત્માના અનુસંધાનની પ્રવૃત્તિને એક પ્રકારની ભક્તિ જ કહે છે. એ કહે છે, કે પોતાના સ્વરૂપનું અનુસંધાન એ ભક્તિ જ છે. એ દ્વારા માણસ પોતાના આત્મા કે પરમાત્માને ભજે જ છે. ભક્તિને તમે આત્માનુસંધાનથી અલગ માનતા હો તો પણ, એમાંથી એક ઉત્તમ અને બીજું અનુત્તમ છે એમ માનવું નકામું છે. તમારી પ્રકૃતિ પ્રમાણે તમે જેને પસંદ કરશો ને જેનો આધાર લેશો તે તમારે માટે સર્વોત્તમ બની જશે તથા તમારો આત્મવિકાસ કરનાર સાબિત થશે.

**શંકા :** આત્મવિચાર અને ભક્તિ અથવા આત્માનુસંધાન ને ભક્તિ - બંનેના ફળ એક જ છે કે જુદાં જુદાં ?

**સમાધાન :** આત્માનુસંધાનથી કયું ફળ મળે છે ? એથી મનની સ્થિરતા સાધી શકાય છે, અને પરમશાંતિની પ્રાપ્તિ પણ થઈ રહે છે. એ જ પ્રમાણે ભક્તિ દ્વારા પણ બીજી કઈ ફળપ્રાપ્તિની ઈચ્છા રાખો છો ? એના અનુષ્ઠાનથી પણ મન એકાગ્ર થાય છે, શાંત બની જાય છે અને ઈશ્વરનો સાક્ષાત્કાર સાધી શકાય છે. એટલે ભક્તિ અને આત્માનુસંધાનના સાધન જુદા જુદા હોવા છતાં એ બંનેના ફળ એક જ છે.

**શંકા :** ભક્તિ અને આત્માનુસંધાનના સાધનમાં ભેદ કેવી રીતે છે ?

**સમાધાન :** આત્માનુસંધાનમાં પહેલેથી જ આત્માને લક્ષ કરીને, આત્મામાં મન પરોવીને, વૃત્તિને અંતર્મુખ કે આત્માભિમુખ કરીને ચાલવાનું હોય છે, જ્યારે ભક્તિની સાધનામાં મનને ઈશ્વરની સેવાપૂજા ને ઈશ્વરના નામસ્મરણના કામમાં લગાડવાનું હોય છે. ભક્ત ઈશ્વરને માટે રડે છે, તલસે છે, વ્યાકુળ બનીને જીવે છે, તથા પ્રાર્થે છે. પરંતુ આત્માના અનુસંધાનની સાધનામાં રસ લેનાર તો મોટા ભાગનો વખત ધ્યાનમાં પસાર કરે છે. મન અને બુધ્ધિ તથા દેશ અને કાળની પારના પ્રદેશમાં પહોંચવાનો એનો પ્રયાસ હોય છે. એવી રીતે બંનેના સાધનમાં બહારથી જોતાં ભેદ છે.

☼ ☼ ☼

**[સમાપ્ત]**

## About the Author



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography '<u>Prakash Na Panthe</u>' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગદર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

*